સતી સીમંતિની નાટક
ત્રિઅંકી

પૂર્વ કથામાંથી કર્તા અ. સૌ હરિસુખગૌરી

તે

રા. રા. વામનરામ કપિલરામની પત્ની

અને

સુરતવાસી સ્વર્ગસ્થ રા૦ બા૦ મુગટરાય મણિરાયની પુત્ર

સુરત

"દેશી મિત્ર" એનજીન પ્રીન્ટીંગ પ્રેસ.

કીમત રૂપીઓ એક





ગીતિ ૧

મંગળકારી દેવા, સિદ્ધિ બુદ્ધિના સ્વામીની સેવા;
લક્ષ લાભને આપી, વિઘ્ન નિવારણ કરતા છે દેવા. ૧
એવા ઉમેશ કેરા, ગણેશ પુત્રની ગણના ના થાયે;
સિંદૂરને ફળ ફૂલથી, દુંદાળો એ દેવ પ્રસન્ન થાયે. ૨

સ્તુતિ. ૨

રામચંદ્ર રઘુવીર, જય જય રામચંદ્ર રઘુવીર,
દશરથ નંદન પાપ નિકંદન, દ્રૌપદીના પૂર્યાં ચીર. જય જય-૧
ભવ ભીડ ભંજન તું છે નિરંજન, લજ્જા રાખો શ્રી રઘુવીર જય જય-૨
પૂજન કરીએ પ્રેમ ધરીને, દાસ થઈ મન ધીર, જય જય-૩







શાર્દુલ વિક્રીડિત. ૩

આદિતે નમું ઇષ્ટ દેવ તમને, સોમે શિવા માતને,
ભોમે ભક્તિ કરૂં ભવેથી તરવા, વંદું વભુ તાતને;
બુધે બંધુ ગણેશ ધીર કરજો, રે વૃદ્ધિ બુદ્ધિ તણી,
ગુરૂએ ગુરૂદેવ ભક્તિ કરીને, શુક્રે સ્મરૂં શાકિની, ૧
મંદીએ મનથી અને વચનથી, વંદું હનુમંતને,
સાતે વાર નમું પ્રભુ પદ વિષે, રાખી નીતિ પંથને;
આ સંસાર અસાર ક્ષાર તરવા, તારોજ તું, તારજે,
ભૂલે જે ભવમાં હરિસુખ મૂકી, તેને તું ઉગારજે. ૨

દોહરો. ૪

પઢી નથી પિંગળ કંઇ, નથી ગૂર્જરી જ્ઞાન,
કાવ્ય કૃતિ જાણું નહિ, નથી શાસ્ત્રનું ભાન ૧
ઇશ કૃપાએ આ રચ્યું, સતી તણું આખ્યાન,
હાંસી ન કરશો દોષની, માગું કરી પ્રણામ. ૨

છપ્પો. ૫

ઉત્તમ શ્રાવણ માસ, શિવ સેવાનો કહાવે,
પુણ્ય પર્વણી જેહ સોમવારની આવે;
સીમંતિની આખ્યાન, ભણે નારી જે ભાવે,
થાય સંપત્તિ સુખ, દુઃખ સ્વપ્ને નવ આવે;
પૂર્વ ગ્રંથમાં છે લખ્યું, નારી એ વ્રત આચરે,
થાય અખંડ સૌભાગ્યને, શંકર સાહ્ય સદા કરે.

અર્પણ પત્રિકા.

અખંડ સૌભાગ્યવતાં નંદાગૌરી

તે

રા૦ બા૦ નંદશંકર તુળજાશંકર

ના

પતિ

અને

રા૦ રા૦ વિદ્યારામ મોતીરામ

ના

પુત્રિ

શિખરિણી.

સુગુણા કુશાંગી, શિયળ સુખ સાધ્વી સવિનયી.
ઉમંગી આનંદી, નીતિ ગુણ ગ્રહી શોભીત થઇ;
ગુઢા વંશાળી ને, બહુ ગુઢ કુટુંબીજ ગ્રહિણી,
સુ નંદાગૌરી તે, મુજ પતિ તણી છેજ બગિની. ૧
ગણી ગુણી બ્હેની, મુજ રચિત આ પુસ્તક ગ્રહી,
વિનયે હું અર્પું, મમ પતિની આજ્ઞાધીન રહી;
જુઓ આ સંસારે, સુખ દુઃખ તણો જે ભવનિધી,
તરો ભક્તિ નાવે, નિશ દિન ગ્રહી સત્યજ વિધી. ૨

આપ મારા શ્વસુર પક્ષમાં સૌવર્ગમાં વડીલ, અને માયાળુછો, આપ સદ્‌ગુણી, સ્ત્રી જાતિને શોભાવનાર, શિયળ ભૂષણ ધરનાર, ઇશ્વર ભકિતને અનુસરનાર, અને કેળવણીને ઉત્તેજન આપનાર છો. મારા સ્વામીના માતુશ્રીને અકાળ સ્વર્ગવાસ થયો ત્યારે મારા પતિની તેમજ તેમના બન્ને લઘુ બંધુઓની સંભાળ લેનાર ઘણાજ પવિત્ર આ પૂજનીય, મારા સ્વામીના માસી, તે આપના માતુશ્રી, સ્વર્ગસ્થ **ઓચ્છવલક્ષ્મી** છે, ટુંક મુદતપર તેમનો સ્વર્ગવાસ થતાં સુધી તેમણે મારા પતિના કુટુંબની અખૂટ પ્રેમ અને માતાતુલ્ય લાગણીથી સંભાળ લીધી છે. આપ પણ કાયમથી મારા સ્વામી પ્રત્યે ભ્રાતૃભાવની લાગણી અને ભાવના રાખતાં આવ્યા છો. આ સર્વનો બદલો હમે બીજી કોઇ પણ રીતે વાળી શકીએ એમ નથી. આપના પ્રીતિભાવને લીધે, વડીલ ભગિની, આ મારૂં લઘુ પણ નીતિ, રીતિ અને ભક્તિથી ભરપુર સતી **સીમંતિની** નાટકનું પુસ્તક, આપની માયાળુ પરવાનગીથી ઉપકારના ઉદ્‌ગાર સાથે આપને અર્પણ કરવાની આજ્ઞા લઉં છું.

સુરત, તા૦ ૧ ફેબ્રુઆરી ૧૯૦૪
સને ૧૯૬૦ના માહ સુદ
પુનેમને વાર સોમ

લા૦ કર્ત્રી.

પ્રસ્તાવના.

આ એક નાની આખ્યાયિકા મેં મારી અલ્પમતિથી બહાર પાડી છે. જેમ રેતીમાંથી સુવર્ણ શોધી ગ્રહણ કરાય છે, તેમજ એક પૂર્વ ગ્રંથમાંથી સુવર્ણરૂપ સતી સીમંતિનીની કથા મેં નાટક રૂપે વર્ણવી છે. આ નાટક શિવ પુરાણમાંની એક આખ્યાયિકા ઉપરથી લીધેલું છે. તેના અસલમાં જરા પણ ફેર નહિ કરતાં તેમને તેમજ રાખ્યું છે. ભકિત માર્ગ વિષે નાટક હોવાથી ભકિતવાળા જનોને તથા નાટકરૂપે હોવાથી નાટક શોખીન પ્રજાને તે આવકાર દાયક થઇ પડવા સંભવ છે. વાંચન એ જીંદગીની બહુ ઉપયોગી ચીજ ગણાય છે. અને તેમાં પણ ભકિતનું-પૂર્વ ભવ સુધારવાના રસ્તાનું-વાંચન ઉત્તમ ગણાય એમાં તો બેમત હોઇ શકેજ નહિ. આ પુસ્તક ભાષાંતર નથી, પણ અસલમાંની બાબતો ગદ્ય તથા પદ્યમાં ઉતારી છે.

આ પુસ્તકમાંથી બોધ બહુજ લેવાનો છે. હિંદુ ધર્મમાં શિવ ભકતો ઘણા છે; તેઓને આ પુસ્તક બહુજ ઉપયોગી છે. શિવ પૂજા કેવી કેવી મુશ્કેલીમાંથી ઉગારે છે, તથા શિવભકતનું હાસ્ય કરવાથી કેવાં ભયંકર પરિણામો સોસવાં પડે છે, અત્યંત સુખમાં પણ દુઃખ કેવું આવી ઉભું રહે છે, નીતિન્યાયથી ચાલનારની અતીશય કસોટી કર્યા પછી ઇશ્વર તેને કેવી સહાય કરે છે, ભક્તિ એજ જેનું જીવન છે એવા માણસોને બીજી ઉપાધિ કેટલી થોડી અડચણ કરે છે, ઋષીપત્નીનો સત્સંગ કેવો સુખદાયક છે, શાણી પ્રિયતમા કેવું ઘરનું સુખ છે! ગુણિયલ પુત્ર પો

તાના માતા પિતાપર કેવા દૃઢ પ્રીતી રાખે છે, અને તેમને સંકટ માંથી છોડવવા કેવો તત્પર થાય છે, શકુન પણ અમુક અંશે કેવા સાચા નીવડે છે, નાગ દેવ પણ શિવભકતપર કેવા પ્રસન્ન રહે છે, વિગેરે બાબતો આ પુસ્તકમાં બતાવેલી છે, પતિવ્રત વિષે, ઋષિ આતિથ્ય વીષે; તથા શાપ વિષે પેટા વાર્તાઓ બહુ જ્ઞાનની છે.

હિંદુ સંસારમાં અને તેમાં મુખ્યત્વે કરીને 'ઉચ્ચ જ્ઞાતિમાં સ્વામીજ સ્ત્રીનું સર્વસ્વ છે. માટે ઇષ્ટ સેવા અને સ્વામી સેવા સ્ત્રી જાતિએ શિયળ નીતિથી કરવીજ જોઇએ. સ્વામીજ સ્ત્રીનું જીવન છે. સીમંતિનીએ સત્ય શિયળથીજ સ્વામીનું સુખ લીધું છે. સ્ત્રીના સૌભાગ્યની વૃદ્ધિ ઇશ્વર સેવાથી તથા સત્યનિયમે થાય છે. આ અસાર સંસાર સમુદ્રમાં શિયળ ભૂષણને ધારણ કરી ઇશ્વરરૂપ સ્વામીની સેવા કરી, નિયંતાનાથની કૃપારૂપ નાવમાં બેસી તરવું, એ સ્ત્રી જાતિને ઉગરવાનો ઉત્તમ માર્ગ છે. દુનિયામાં ધર્મો જુદા જુદા છે, પૂજન જુદું જુદું છે, પરંતુ જગતકર્તા પરમેશ્વર તો સહુનો એકજ છે. માટે સર્વ બહેનો તથા બાઇઓ એ સુખી થવા માટે પોત પોતાના ધર્મને અનુસરી ઇષ્ટદેવની કૃપા મેળવવા પ્રયાસ કરવો જોઇએ.

મેં શાળામાં અભ્યાસ કીધો નથી; મારા પૂજ્ય પિતાએ જાતે શ્રમ લઇ વાંચતાં લખતાં શીખવ્યું હતું, અને ભાગવત વિગેરે પુસ્તકો વાંચવા સૂચના કીધી હતી. હું દોઢ વર્ષની હતી, ત્યારે મારાં માતા ગુજરી ગયાં હતાં. પછી મારા માયાળુ વડિલ બહેન હીરાગૌરી તથા તેમના તેવાજ માયાળુ સ્વભાવના સ્વામી સ્વર્ગસ્થ રા૦ રા૦ હરિસુખરામ માણેકરામે, તથા મારા બીજા

બ્હેન અ. સૌ. કપિલાગૌરીએ મારી સંભાળ લીધી હતી. ત્યાર પછી મને ઉછેરી પાલન કર્તા મારા માતા તુલ્ય અ. સૌ. પવિત્ર લલિતાગૌરીએ તથા તેમના પતિ મારા વડિલ કાકા રા૦ બા૦ મુકુંદરાય મણિરાયે મને નાનપણથી દેવ સેવા ને ઇષ્ટ ભક્તિનો રસ્તો બતાવી સદ બુધ્ધિ આપી હતી. જેથી હું આજ આ પુસ્તક લખી શકી છું અને મારા વડિલ બ્હેન ગુણિયલ અ. સૌ. ઇન્દિરાગૌરીએ પણ મ્હારા ઉપર પોતાનું પ્રેમાળ વર્ત્તન રાખ્યું છે. તે માટે એ સર્વનો ઉપકારહું આ સ્થળે માનું છું આ પુસ્તક રચવામાં, સુધારવામાં, તથા તેમાં દરેક જાતનું ઉત્તેજન આપવા માટે હું મારા શિરછત્ર સ્વામીની આભારી છું.

આ મારા અલ્પ મતિથી રચેલા પુસ્તકમાં ઘણી ખામીઓ હશે. પરંતુ સુજ્ઞ સન્નારીઓ તથા સજ્જનો તે માટે ક્ષમા કરી આ નાના પુસ્તકમાંથી સાર ગ્રહણ કરશે એવી વિનંતી છે.

છેવટે આ પુસ્તક સંબંધી યોગ્ય સુચના રા૦ બા૦ મુંકુંદરાય મણિરાય, માજી ફર્સ્ટ કલાસ સબ જજ સાહેબ, મારા ભાણેજ રા૦ રા૦ માર્કંડ નંદશંકર મહેતા, બી. એ. એલ એલ. બી; હાઇકોર્ટ પ્લીડર તથા મારા ભત્રિજા રા૦ રા૦ ભાનુસુખરામ નિર્ગુણરામ, રાજકોટ રાજકુમાર કોલેજના સાયન્સ શિક્ષક, એમણે આપી છે તે માટે તેઓનો ઉપકાર માનવાનું આ જગ્યાએ મારે ભૂલી જવું જોઇએ નહી.

સુરત તા. ૧ ફેબ્રુઆરી
૧૯૦૪. સં. ૧૯૬૦ના માહ
સુદ ૧૫ ને વાર સોમ.

લી૦ કર્તા.

પાત્રો.

પુરૂષ વર્ગ.

ચિત્રવર્મા—મગધદેશનો રાજા.
ચંદ્રસેન—નૈષધ દેશનો રાજા.
ચંદ્રાંગદ—તેનો પુત્ર.
ભાનુસિંહ } —ચંદ્રાંગદના મિત્રો
સૂર્યસિંહ }
ક્રૂરસેન—ચંદ્રસેનનો પિત્રાઇ ભાઈ
પ્રમાદસિંહ—તેનો પ્રધાન
ગુમાનસિંહ—વિદર્ભ દેશનો રાજા
વીરસિંહ—તેનો પ્રધાન.
વેદમિત્ર } —વિપ્રો.
સારસ્વત }
સવિદ્યાધર—વેદમિત્રનો પુત્ર.
શ્યામવાન—સારસ્વતનો પુત્ર.
વિદ્યાધર—જોશી.
તક્ષક—પાતાળનો નાગ.
દમનક } — રાક્ષસો
કર્કોટક }

સ્ત્રી વર્ગ.

સત્યવતી—ચિત્રવર્માની રાણી.
સુલક્ષણા—તેની દાસી.
સીમંતિની—સત્યવતીની પુત્રી.

માલવિકા } —તેની સખીઓ
ચતુરિકા }

સાત્વિકા } —સીમંતિનીની દાસીઓ
શશિકલા }

મૈત્રીદેવી—યાજ્ઞ વલ્કય ઋષિની પત્ની.

યશવતી—ચંદ્રસેનની રાણી.

નર્મદા—સારસ્વતની પત્ની.

ધર્મગુરુ, ખલાસીઓ, સિપાઇઓ, નાગણીઓ, દાસી, વિગેરે તથા સૂત્રધાર અને નટી.

અંક પહેલો.

પ્રવેશ ૧.

સ્થળ—રંગભૂમિ

સૂત્રધાર અને નટી; પાછળથી પાત્રો.

સૂત્રધાર—અરે ! મારી પ્રિયા અને હું સાથેજ આ રંગભૂમિમાં આવવા તૈયાર થયાં, પણ મારી વહાલી પ્રિયાને વાર હોવાથી હું એકલોજ આવ્યો. હજી પ્રિયા કેમ આવી નહિ વારૂ ! પ્રિયા આવી નથી તો આવશે. હું સરસ્વતી દેવીનું સ્મરણ તો કરૂં.

ગીતિ. ૧

મયૂર વાહની માતા, સરસ્વતી મુજ જીભ્હાએ વસજો;
ગણેશ ગરવા દેવા, વિધ્ન સહુ આ જગનારે હરજો. ૧
મંદમતિ અજ્ઞાની, જ્ઞાની સતીના ગુણ ગાવા યાચું;
આપો શુભ મતિ મુજને, દાસ તમારો હું પાયે લાગું. ૨

(નટી આવે છે.)

નટી—પ્રાણનાથ, વંદન કરૂં છું. કંઇ આજ્ઞા હોય તો આ દાસી હાજર છે. આપની આજની આ પવિત્ર અને સુંદર પ્રાર્થનાનો સ્વર સાંભળી ત્વરાથી આપની સમક્ષ આવી છું, પ્રાણનાથ.

સૂત્રધાર—પ્રિયા, આજે વાર કેમ લાગી વારૂ ?

નટી—શિરછત્ર, આજે આપણે આ સભામાં જે ખેલ ભજવવો છે તે પ્રસંગે સતીઓના વર્ણન વિષેનું એક પદ બનાવવામાં ગુંથાઈ હતી. આપની આજ્ઞા હોય તો એ ગાઇ સં

ભળાવું, સ્વામીનાથ.

સૂત્રધાર—હા મારી સદ્‌ગુણી પ્રિયા, આ રંગભૂમિમાં પ. ધારેલા સર્વે સદ્‌ગૃહસ્થોનાં મન રંજન કરવા અર્થે ગાયન શરૂ કરો.

નટી—(ગાયન શરૂ કરે છે.)

પદ. ૨

સાવધ રહી ગુણ ગાઉં સતીના, જે આ જગમાં ગવાઈરે,
દમયંતી સાવિત્રી નારી, સુલોચના સતી જેવીરે,
અહલ્યા તારા ને પાંચાળી, સીતા મંદોદરી એવીરે. સાવધ. ૧
ચ્યવન ઋષિની સાધવી નારી, ધન્ય સુકન્યા ભારીરે,
સીમંતિની સતી નારી થઈ છે, વળી શકુન્તલા સારીરે. સાવધ. ૨
અનસૂયા અત્રિની નારી, અપૂર્વ કીર્તિ એનીરે,
સાવધ રહી શિવ ઉમયા પૂજ્યાં, સત્ય શિયળને સેવીરે. સાવધ.. ૩
સતી સાધવી સહુ નારીના, વર્ણવી ગુણ છે ગાયારે,
સહુ નારીઓ થજો સાધવી, જેવા ગુણ ગવાયારે. સાવધ. ૪

સૂત્રધાર—શાબાશ પ્રિયા, સાધ્વી સ્ત્રીઓનો મહિમા અપૂર્વ છે. પ્રિયા, મારે આજે સતી સીમંતિનીનો ખેલ ભજવી બતાવવાનો છે; તે કાર્યમાં તું મને તારા સુવિચારથી પૂર્ણ રીતે સહાયભૂત થઈ શકશે. માટે અગાઉથી જા, અને પાત્રો તૈયાર કર. તેટલામાં હું એક બોધદાયક પદ ગાઉં છું.

નટી—જેવી આજ્ઞા. (જાય છે.)

સૂત્રધાર— પદ. ૩

ભૂલો ભમના ભોગી પલકમાં પડી જશેરે, ખલકમાં ખડી
જશેરે.—ભૂલો.

ધનદારા દોલત બધી, પુત્ર મિત્ર પરિવાર;
સ્વારથનું સહુ છે સગું, સંસારી શણગાર.
સમજી શાણા જીવનું ભજ લે સીતા રામનેરે, આવે કામ
એરે.—ભૂલો. ૧
આ સંસાર સમુદ્રમાં, તજી તરંગ તોખાર;
નારાયણના નાવથી, તરજે તું સંસાર.
આ સંસાર અસારે સાર નિયંતા નાથનો છે, આપણ
સાથનોરે—ભૂલો. ૨
ન્યાય આસને બેસવું, સજી સદ્ગુણ શણગાર;
યશ ચાંદલિયો ચોડવો, કંઠે કીર્તિની માળ.
તજવું મોહ મમત મદ ગર્વ સદા સુખી હશેરે, પ્રભુ સાથી
થશેરે—ભૂલો. ૩

પાત્રો—(મળીને ગાય છે.)

જય જગદીશા, અખિલ અધીશા—એ રાગ. ૪ાં
જય જગદીશ્વર ત્રિભુવન ત્રાતા, અખિલ બ્રહ્મ તું ઇશ્વરા;
તુજ કૃતિ ગતિ છે બહુ નામી, પામ્યા નહિ પાર ઋષિ સ્વામી,
બ્રહ્મા વિષ્નુ વળી મહેશ, તે પણ પાર ન પામ્યા લેશ;
ગહન ગતિ તુજ ઇશ્વરા, જય જગદીશ્વર. ૧
જેમ તેલ રહ્યું ગૂઢ તલ માંહી, જેમ ગુપ્ત અગ્નિ શરપણ માંહી;
મહીમાં ધૃત રહ્યું છે જેમ, સહુ અંતરમાં વસીયો તેમ,
ઘટ ઘટમાં તું ઇશ્વરા, જય જગદીશ્વર. ૨

પ્રવેશ ૨.

સ્થળ—મગધ દેશમાં રાણીવાસ.

રાણી સત્યવતી અને દાસી; પછીથી રાજા ચિત્રવર્મા.

સત્યવતી—અહો દાસી, આ વિશાળ રાજ્યભુવનમાં કોઇ પણ જાતની ખામી નથી. પરંતુ મારૂં મન હમેશાં દિલગીરીના વાદળથી ઘેરાયલું રહે છે.

દાસી—બાઇ સાહેબ, આપને અખૂટ સુખ છતાં હમેશાં દિલગીરી થવાનું શું કારણ છે? પ્રભુ આપના અખૂટ પુન્ય અને સાત્વિકપણાથી આપનો મનોર્થ સફળ કરશે.

સત્યવતી—દાસી, ઘણાએ યજ્ઞો કર્યા, ધર્મ નિયમો કર્યા, તો પણ પૂર્વપાપથી વંધ્યા દુઃખ ટળ્યું નહિ. અહો, બાળકની માતાઓ કેવી સુખી હશે, તે સુખ મેં અનુભવ્યું નથી. તેથી,

મારી ઉષા વ્યાકુળ હું તે શું કરૂં રે—એ રાગ. ૫

લઉં પુત્રને ઉત્સંગે એવો ઓરતોરે, મારે મન થતોરે—લઉં.
હસે રડે ને રમવા માંડે, માતાનું તો મુખ નિહાળે,
એવા દિન તે ક્યારે પ્રભુ દેખાડશેરે— લઉં. ૧
ગાઇ વાઇ ઉમંગે હાલો, પોઢાડું હું મારો વહાલો,
હેત કરી હૈયેથી ગાઉં હાલરૂં રે— લઉં. ૨

(વિચારમાં પડી જાય છે. રાજા આવે છે.)

ચિત્રવર્મા—કેમ પ્રિયા, આજ દિલગીરીમાં કેમ ગરકાવ થઇ ગઇ છે? શું વિચાર કરે છે?

સત્યવતી—(ચમકીને) કોણ, પ્રાણનાથ પધાર્યા? સ્વામીનાથ, વંદન કરૂં છું. દિલગીરીના વાદળે મારા મનને ઘેરી લીધું છે

તેથી આપના આવ્યાની ખબર રહી નહિ.

ચિત્રવર્મા—પ્રિયા, આમને આમ હમેશાં શોક કર્યાથી શું ફાયદો છે? પ્રભુની ઇચ્છાને અનુસરવું એ તારા જેવી સુજ્ઞ સતીનો ધર્મ છે.

સત્યવતી—હા પ્રાણનાથ, પરમ કૃપાળુ પરમેશ્વરની કૃપા છે, તો આપણું વંધ્યા દુઃખ તે કીરતાર ટાળશે એવી આશા રહે છે.

ચિત્રવર્મા—હા પ્રાણવલ્લભે, તું તારા શરીરનું જતન કરી આનંદમાં રહે એજ હું કહું છું. હાલ કચેરીમાં જવાનો વખત થયો છે, તેથી જાઉં છું.

સત્યવતી—પધારો પ્રાણનાથ. (રાજા જાય છે.) દાસી, સ્વામીનાથ તો ગયા. વળી પાછું મારે એકલું ઝુરવાનું રહ્યું હેં!

દાસી—મહારાજા કામ અર્થે ન જાય, તો રાજ્યકાજનું શું થાય? રાજ્ય કેમ ચાલે? બાઇ સાહેબ, આપ સમજુ થઇ કેમ વિચારતાં નથી?

સત્યવતી—દાસી, હું ઘણું જાણું છું. પણ મારા સ્વામીના વિયોગથી બધું જ્ઞાન ભૂલી જાઉં છું. એકલી પડું છું ત્યારે કશું ગમતું નથી.

દાસી—બાઇસાહેબ, હવે થોડા દિવસમાં આપને પ્રભુ કૃપાથી પુત્રપ્રાપ્તિ થશે. એટલે તેની ગમત અને બાળગોવાળીમાં આપને મહારાજા સાહેબના વિયોગનું દુઃખ તેટલું લાગશે નહિ.

સત્યવતી—દાસી, તું ખરૂં કહે છે. પણ સ્ત્રીને સ્વામી સમાન દુનિયામાં કોઇ પ્રિય હોતું નથી. પતિવ્રતા સ્ત્રીને સ્વામી

દર્શનથીજ શાંતિ રહે છે, બહેન.

દાસી—ખરૂં કહો છો, માતુશ્રી. પરંતુ આપના જેવો દઢ પ્રેમ રાખવાવાળી સ્ત્રીઓ થોડીજ હશે.

સત્યવતી—અરે એક ભીલ જેવી જ્ઞાતિની સ્ત્રીએ પતિપ્રેમમાં પ્રાણ આપ્યો, તો હું કંઇ વિશેષ કરતી નથી. એ તો મારો ધર્મજ છે, દાસી.

દાસી—બાઇસાહેબ, તે વાત હું જાણતી નથી, તો આપ કૃપા કરી કહેશો.

સત્યવતી—દાસી, તે વાત સાંભળવા તારી મરજી છે, તો હું કહું તે ચિત્ત દઇ સાંભળ. એક ચંદ્રક નામે ભીલ જંગલમાં મૃગનો શિકાર કરવા ગયો. ત્યાં તેને શિવલિંગ જડયું. તેવે સમયે કોઇ સિંહકેતુ નામે રાજા શિકારે આવ્યો હશે. તે ભીલે જોઇ તે શિવલિંગ રાજાને બતાવ્યું. રાજાએ તેને કહ્યું પૂજા કરજે. એમ કહી પૂજાવિધિ બતાવી. પાછળથી મુખ્યત્વે કરી ભસ્મ ચડાવવી એમ કહેલું. પરંતુ ચિતા ભસ્મની સૂચના કરેલી.

દાસી—પછી તેણે ઘેર જઇ પૂજા કરવા માંડી કે બાઇ સાહેબ ?

સત્યવતી—સાંભળ તો ખરી. પછી રોજ પૂજા કરી સ્મશાનમાં જઇ ચિતામાંથી ભસ્મ લાવી ચડાવતો. તે સિવાય જમવું નહિ એવો તેનો નિયમ હતો.

દાસી—બાઇસાહેબ, તેમાં તેની સ્ત્રી વિષે તો કંઇ આવ્યું નહિ!

સત્યવતી—દાસી, ગાંડી દેખાય છે, સાંભળ્યા વિના ઉતા

વળી શું થાય છે? પછી શંકરે એક દિવસ તેની ભકિત વિષે પારખું જોવાને એકે ચિતામાં ભસ્મ રહેવા દીધી નહિ. ભીલ ઘેર આવી દિલગીર થઇ બેઠો. ભીલડીએ કારણ પૂછતાં તેણે જણાવ્યું કે તરત તે સ્ત્રીએ સ્વામીને દિલગીર થતાં જોઇ કહ્યું કે તમે દિલગીર ન થાઓ. આ આપણા ઘરમાં હું સોળ શણગાર સજી બળું. તેની ભસ્મ થાય તે તમે ચડાવજો. ભીલે ઘણી ના કહી, પણ સ્ત્રી કહે કે ના, તમારૂં કષ્ટ જોઇ બેસી રહું તેના કરતાં શંકર અર્થે આ મારી દેહ કામ લાગશે અને તમે રાજી થશો. તેથી મારા માતાપિતા સહિત હું કૃતાર્થ થઇશ. એમ કહી બળી મૂઇ. તેના સ્વામીએ તે ચિતાની ભસ્મ ચડાવી. આ ખરે શંકરે પ્રસન્ન થઇ સ્ત્રીને સજીવન કરી. બન્ને સ્ત્રી પુરૂષ સ્વર્ગમાં ગયાં. દાસી, એવી નીચ, જ્ઞાનહીન સ્ત્રીએ પતિધર્મ સાચવ્યો તો સન્નારીઓ જે કાંઇ કરે તે વિશેષ ગણાતું નથી.

દાસી—બાઇસાહેબ, આ વાર્તા તો ઘણીજ સારી છે.

સત્યવતી—હા દાસી, એ તો ફકત મેં તને ટુંકામાં સ્ત્રી પુરૂષ કેવાં સત્યવાન અને ઇશ્વર ભકત હતાં, અને સ્ત્રીએ પતિ ભકિત કેવી દર્શાવી તે કહ્યું. બાકી આ વાત ઘણી વિસ્તાર સહિત છે. ચાલ, મારે હમણાં કામ છે.

દાસી—બહુ સારૂં, બાઇસાહેબ, જેવી આપની આજ્ઞા.

(બન્ને જાય છે.)

પ્રવેશ ૩

સ્થળ—રાજાની કચેરી

રાજા ચિત્રવર્મા, તથા પ્રધાન સુરસિંહ; ઋષિઓ, જોશી, વગેરે

સભાજનો.

ચિત્રવર્મા—અહો પ્રધાનજી, આપણા રાજ્યમાં કન્યાશાળાઓમાં તથા પાઠશાળાઓમાં કેળવણીનો બંદોબસ્ત સારી રીતે ચાલે છે કે? રાજ્યનો બંદોબસ્ત કેવી રીતે છે?

પ્રધાન—મહારાજ,

ગજલ. ૬

અખૂટ નેકી ન્યાયથી, પ્રજા બહુ સંતોષ,
સુખશાંતિથી રહે સૌ, થાય નહિ કંઇ દોષ. ૧
કેળવણી કન્યા તણી, સત્ય શિયળ અનુસાર,
વેદ ભણે વિદ્યાર્થીઓ, નીતિશાસ્ત્રનો સાર. ૨

ચિત્રવર્મા—મારા રાજ્યમાં પ્રજા વિગેરે સુખશાંતિમાં છે. પરંતુ મારૂં મન બહુ ચિંતાતુર રહે છે. અહો ઋષિરાજ,

કામી શું ના કરે—એ રાગ–૭

કર્મની ગહનો ગતિ, શું વિચારૂં અતિ, કર્મની.
યજ્ઞયાગ ને ધર્મ નિયમ કરી, ગુરૂ વચનોને દિલધરી,
કહું શું કર્મ કથી, કર્મની ગહનો ગતિ— ૧
અહોનિશ ખિનતા દીનતા ધારી, હૈયે હામ રહે ન જરી,
હરિ હવે સ્હાય કરી, કર્મની— ૨
અહો શિવ, અહો શિવ, શિવ વિણુ ના કશી, હામ ધરૂં પણ રહે ન વસી,
પ્રભુ ઘો દાન હસી, કર્મની— ૩

ઋષિઓ—અહો રાજેંદ્ર, તારા નેક ટેક ને ન્યાય નીતિ ઉપર દૃષ્ટિ કરતાં શંકર તારા મનનું દુઃખ નિવારણ કરશે. માટે હે રાજન,

ગીતિ. ૮

ધર ધીરજ મન માંહી, શિવજી થાશે નહિ વિમુખ તારી,
વંધ્યા દુઃખ તુજ ટળશે, એ અંતરથી આશિષ છે મારી. ૧

(દાસી આવે છે.)

દાસી—મહારાજ, માતા સત્યવતીએ આજદિને બાળકીને જન્મ આપ્યો છે તેથી,

ગજલ. ૯

ધો વધાઇ ધો વધાઇ, ધો વધાઇ ભૂપ,
પુત્રી રત્ન જન્મ પામી, રૂપ છે અનુપ. ૧
ધન્ય દિવસ ધન્ય ઘડી, કનક ઉદય ભાનુ,
મોતી કેરો મેહ વરસ્યો, આજ એમ માનું. ૨

ચિત્રવર્મા—પ્રધાનજી, આજ આ વધાઇ લાવનાર દાસીને તે ખુશી થાય તેટલું ઇનામ આપો, અને ગરીબોને વસ્ત્રાલંકાર આપી બંધીવાનોના બંધ છોડાવો. તેમજ દેવદેહરામાં પૂજન કરાવો. ગૌશાળામાં ગૌને સંતોષો. પાઠશાળામાં અને કન્યાશાળામાં સાકર વહેંચો. અને ભાટ ચારણોને કસુંબા કરાવો. સર્વ સ્થળે મંગળ કાર્ય કરો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ, આપની આજ્ઞાનુસાર સર્વ બંદોબસ્ત કરવા જાઉં છું.

(પ્રધાન જાય છે.)

ચિત્રવર્મા—અહો ઋષિરાજ, આપ જેવા મહર્ષિઓની આશિષથી આજે મારૂં.

ગીતિ. ૧૦

અહો ઋષિવર સરવે, ભાગ્ય ઉદય તો આજ થયું મારૂં;
પુત્ર નહિ તો પુત્રી, પણ વંધ્યાનો દોષ ટળ્યો વારૂ. ૧

ઇશ્વરની ગહન ગતિ છે. જે ભાગ્યમાં હોય છે તે મળે છે. પરમકૃપાળુ પરમેશ્વર જે આપે તેથી મનુષ્ય જાતિએ સંતોષ માની ઉપકારી થવું એજ આપણો ધર્મ છે. અહો મહર્ષિઓ, આજ શુભ દિવસ છે તેથી,

ધનાશ્રી. ૧૧

જોશ જુઓ મહારાજ, ઋષિઓ તમે જોશ જુઓ મહારાજ.
પૂર્ણ કૃપા થઇ પ્રભુની આજે, રાખી વિભુએ લાજ, ઋષિઓ. ૧
જુકતે કરીને તમે જુઓને, જન્મ નક્ષત્રને આજ, ઋષિઓ. ૨
કેવું ભવિષ્ય આ પુત્રી મારીનું, કરજો સત્ય પ્રકાશ, ઋષિઓ. ૩
સાત સોપારી ધરૂં પાનનું બીડું, શ્રીફળ શુકન કાજ, ઋષિઓ. ૪
અન્ન દાનને દક્ષિણા આપું, પાઘડી રેશમી ધાટ, ઋષિઓ. ૫

સૌ ઋષિઓ—આશિર્વાદ ! આશિર્વાદ ! મહારાજ ચિત્રવર્મા, તારી પુત્રીના ગૃહ નક્ષત્રમાં ઘણા શુભ શુકનો જણાય છે. તે તારી પુત્રી સતી અને સાધ્વી થશે, ગુણવાન અને વિદ્યાવાન થશે. તેથી તે વિષે તારે ચિંતા કરવાની નથી. રાજેંદ્ર, તારી પુત્રીની રાશિએ તેનું નામ સીમંતિની ધારણ કરવું. તારી પુત્રી શિવ ભક્તિમાં નિમગ્ન રહેશે, ભાગ્યશાળી થશે. આઠ પુત્ર અને એક પુત્રીનો જન્મ આપશે. સુખ સંપત્તિ ભોગવી ઉત્તર અવસ્થાએ સ્વામી સહિત શિવપુરમાં જશે. (પ્રધાન આવે છે.)

પ્રધાન—મહારાજ, આપની આજ્ઞા પ્રમાણે સર્વ સ્થળે

તમામ બંદોબસ્ત થઇ ગયો છે.

વિદ્યાધર જોશી--(બોલી ઉઠે છે.) અહો વિદ્યાનિપુણ, ગુણશીલાન્વિત સર્વ ઋષિઓ, કન્યાના સદ્‌ભાગ્ય વિષે વર્ણન કરી ગયા, પરંતુ કમનસીબીના ચંદ્રને તો વાદળીમાં ઘેરાયલોજ રાખ્યો. એવું આપ જેવા સત્યવક્તાને છાજતું નથી. ખરૂં છે કે અશુભ વાત સાંભળવાથી રાજેંદ્રના મનને કદી દિલગીરી તો થશે, પરંતુ

ગીતિ. ૧૨

સુખ દુઃખ વારા ફરતી, વિશ્વ વિષે આવે ને રે જાયે,
સુજ્ઞ શોચ નવ કરતા, આવું કાર્ય અંધારે નવ થાયે. ૧

તેથી હે ઋષિઓ, તમે નથી કહ્યું તે હું કહું છું. તે સાંભળો.

તોટક. ૧૩

સુણ માગધ દેશ તણા ભૂપતિ, તુજ પુત્રી તણી કહું કર્મ ગતિ,
સહુ વાતનું સુખ ઘણુંજ હશે, સતી સાધવી પુત્રી એ તારી થશે.
જવ ચૌદમું વર્ષ થશેજ ખરે, વિધવા દુઃખ પામશે એહ અરે;
વિધિ લેખ લલાટ લખ્યા ન મટે, પ્રભુ ભક્તિ કરે કંઇ દુઃખ ઘટે.

ચિત્રવર્મા—હર ! હર ! (નિઃશ્વાસ નાંખી મૂર્છા ખાઇને પડે છે.)

પ્રધાન—અરે રાજેંદ્ર, આ શું ! સાકરમાં ઝેર ભેળનાર જોશી, તને હવે શું કરૂં ? મહારાજ, સાવધ થાઓ. (રાજા સાવધ થાય છે.)

સર્વ ઋષિઓ—અહો ભૂપાળ, આવો દૈવીશક્તિ માટે શોચ કરવો તારે ઉચિત નથી. સાંભળ,

દોહરો. ૧૪

સુખ આવ્યું તો તે સહો, દુઃખમાં ધીરજ તેમ,

સુખ દુઃખ બે ફેરા ફરે, સૂર્ય ચક્ર ગૃહ જેમ. ૧
ભાવિ ભરમેથી ભૂલ્યા, ધર્મ રમ્યા જુગાર,
એજ ભાવિ યોગે ગયા, રાઘવ વન મોઝાર. ૨

માટે હે રાજેંદ્ર, શોક છોડી દે.

ચિત્રવર્મા—હા ઋષિઓ, આપનું કહેવું યથાર્થ છે. શોક કરવો મિથ્યા છે. પ્રધાનજી, મારે અત્યારે રાણીવાસમાં જવાનો વખત થયો છે, તેથી કચેરી બરખાસ્ત કરો. (સર્વે જાય છે.)

પ્રવેશ ૪

સ્થળ—રાણીનું સૂતિકાગૃહ

સત્યવતી, સુલક્ષણા અને સુમેધા.

સુલક્ષણા—કેમ, બાઇ સાહેબ, આપને હવે શાંતિ વળી હશે; નહિ, વારૂ? જરા કાંજી કે કંઇ ભાવતો પદાર્થ ખાવાની ઈચ્છા હોય તો કરી આપું.

સત્યવતી—હા, બહેન સુલક્ષણા, હવે મને શાંતિ છે. પણ તેં આ બાળકીના જન્મની વધામણી મહારાજાને મોકલાવી કે નહિ?

સુલક્ષણા—હા, બાઇસાહેબ, સુમેધાને તુરતજ મેં મોકલેલી છે. તે હવે તો પાછી આવતી હશે.

સત્યવતી—દાસી, પરમકૃપાળુ પરમેશ્વર મારાપર પ્રસન્ન થયા ખરા. પુત્ર તો નહિ, પણ પુત્રી રત્ન આપી ખરેજ મારી મહાચિંતા અને વંધ્યત્વ દૂર કર્યાં.

સુલક્ષણા—બાઇસાહેબ, જે કીરતારે આશા ભંગ થએલા હૃદયમાં આશાનું અંકુર ઉત્પન્ન કીધું છે, તે કીરતાર આપને પૂ

ર્ણ સહાય કરી પુત્ર આપશેજ. આ પુત્રતુલ્ય પુત્રીને કૃપાળુ પર મેશ્વર લાંબુ આયુષ્ય આપે એજ વિનંતિ છે. (સુમેધા હર્ષભેર આવે છે.)

સુમેધા—સખી સુલક્ષણા, હું વધાઇ દઈ આવી અને શિરપાવ લઇ આવી. હવે મહારાજા સાહેબ તો કુંવરીની જન્મપત્રિકા કરાવે છે.

સુલક્ષણા—સારૂં બહેન, તું શિરપાવ લાવી, અને તારૂં મન રાજી થયું, તો હું પણ રાજીજ છું. પણ કહેતો ખરી શું શું વસ્તુ લાવી ?

સુમેધા—બહેન, સાંભળ;

તોટક. ૧૫

અલી બે'ન સુલક્ષણુ, હર્ષ અતિ,
બહુ વસ્તુ ગણેલી ગણાતી નથી;
શુભ શાલ અને વળી સાડી રૂડી,
કર કંકણુ રત્નજડિત ચૂડી. ૧
અલી જોની વળી નથ નાકતણી,
મુકતા તણી માળ રૂડીજ ગણી;
પગ ઝાંઝર ને અણુવટ રૂડાં,
બહુ શોભિત હેમ તણાંજ કડાં. ૨

બ્હેન સુલક્ષણા, રાજયદરબારમાં શું ન્યૂન હોય ? અને શી ગણત્રી હોય ? મહારાજા સાહેબે કહ્યું કે દાસી ખુશી થાય તેટલું ઇનામ આપો. તે મેં મારે ગમતું લઇ લીધું. ઘણી ખમા કુંવરી બાને, હું તો નિરંતર આશિષ દીધાંજ કરીશ. પણ (સત્યવતીને) માતા સત્યવતી, આપને શરીરે સુખાકારી છે કે ! હું તો અત્યાર સૂધી ખબર પૂછવીજ ભૂલી ગઇ, તો ક્ષમા કરશો. માજી, આપના પગ

જરા દબાવું ? આપને કાંજી કે પૂરીની ઇચ્છા હોય તો લાવું ?

સત્યવતી—સુમેધા, મારે શરીરે સારૂં છે. મારે જે જે ઇચ્છા હતી, તે સુલક્ષણાએ કરી આપ્યું છે. હવે તું ને સુલક્ષણા જરા ઇશ્વર પ્રાર્થનાનું ગાયન ગાઓ, જેથી નિદ્રા આવી જાય.

સુલક્ષણા—બહુ સારૂં, બાઇ સાહેબ, જેવી આજ્ઞા (ગાય છે)

વસંત તિલકા. ૧૬

હે ચંદ્રશેખર પ્રભુ શિર ગંગ ધારી,
વૈરાટ રૂપ વિભુ વિનતી લો સ્વીકારી;
છે કાળ તો ગતિજ અગ્નિ તમારૂં મુખ્ય,
જેની દિશા કરણ, પાય ધરાનું સુખ. ૧
છે સ્વચ્છ વીર્ય જળનું પ્રભુનુંજ કેવું,
સૃષ્ટિ સ્થિતિ ઉતપતિનું વિચારી લેવું;
વિરાટ દેવ વિનતી કરૂં હું પ્રણામી,
છે સત્યને નિયમમાં તુંજ એક નામી. ૨
છે વાયુ શ્વાસ ઇશનો રવિ ચક્ષુ ભાવે,
આકાશનાભી રસના વરૂણ કહાવે;
હુંકાર આશ્રયરૂપે સહુ જીવનો છે,
છે લોક સ્વર્ગ શિરને મન ચંદ્ર તો છે. ૩
નિધિ સમું ઉદર નાથ તમારૂં કાવે,
સૌ પર્વતો તમ તણા કહું અસ્થિ ભાવે;
છે ઔષધી રૂડી વિભુ તમ અંગરોમ,
ઉચ્ચાર એક ઇશનો શુભ શબ્દ ઓમ. ૪
ત્રિનેત્ર સત્વ રજને તમ વંદું નાથ,
સાક્ષાત દેવ કરજો દૂર વિઘ્ન આપ;

હું જ્ઞાનહીન નમતી મમ દીં એવી,
અજ્ઞાન દોષ કરી દૂર ઉગારી લેવી. ૫

સત્યવતી—દાસી, બહુ સુંદર પ્રાર્થના કરી હોં. મેં ધાર્યું ન હોતું કે આ મેં શીખવેલી સ્તુતિ હજી તમને આ પ્રમાણે યાદ રહી હશે.

સુલક્ષણા—બાઇ સાહેબ, આપનું શીખવેલું સર્વ અમે કાળજીથી યાદ રાખીએ છીએ.

સુમેધા—આપના બોધક કાવ્યો કેમ ભૂલાય ? (સુલક્ષણાને) સખી સુલક્ષણા, માતા સત્યવતીને નિદ્રા આવી છે હો. હવે તેમને શાંતિથી નિદ્રા લેવા દઇએ. વાતોથી તેમની નિદ્રા કચવાશે.

(સર્વ શાંત થાય છે. રાણી નિદ્રાવશ થાય છે.)

પ્રવેશ ૫.

સ્થળ રાણીનો સૂતિકાગૃહ.

સત્યવતી રાણી અને દાસી સુલક્ષણા.

સત્યવતી—દાસી, મારે આ એકાંત સૂતિકાગૃહમાં રહેવાને બહુ થોડો વખત રહ્યો છે. આ બાળકીને પ્રસવ્યાને બે માસ થવા આવ્યા. હવે શૌચ દૂર કરી જરા ખુલી હવા લેવાશે, તેથી મનને બહુજ આનંદ થાય છે.

સુલક્ષણા—હા, બાઇ સાહેબ. ઇશ્વરે આપની તનદુરસ્તી સારી રાખીને પાછો શુભ દિવસ દેખાડી હરતાં ફરતાં કર્યાં, એ કીરતારનો ઉપકાર છે.

સત્યવતી—દાસી, પ્રભુના ઉપકારનું શું કહેવું ? એ તો

દયાળુ છે, કૃપાળુ છે, તેમજ માયાળુ છે. અજ્ઞાન જીવને કશું જ્ઞાન રહેતું નથી, તેથી તેના કૃત્યને ભૂલી અહંકર્તા થઇ પડે છે. પરંતુ તેની કૃપા આગળ કશી મુશ્કેલી કે ન્યૂનતા રહેતી નથી.

સુલક્ષણા—હા, બાઇ સાહેબ. ઇશ્વર ઉપર આપને પૂર્ણ વિશ્વાસ ને ભક્તિ છે તો તેનું ફળ પ્રભુએ આપ્યુંજ. બીજી અજ્ઞાન સ્ત્રીઓ હોય તો કેટલા દોરા, કેટલા તાવીજ, કેટલી ચીઠીઓ, કેટલા જતીઓ, ભેગા કરી ઢોંગ ધતુરા કરે, ને સંતતિ ઇચ્છે. આપની ધૈર્યતા જેવી બીજાને રહેવી બહુજ દુર્લભ છે.

સત્યવતી—સુલક્ષણા, જ્યાં અજ્ઞાન લોકો વસે ત્યાં ધૂતારા ભૂખે ન મરે. સ્ત્રીઓ તો અબળા જાત ટુંકી અકલની હોય, તે એ પ્રમાણે કરે તે ઠીક. પણ પુરૂષો પણ ઘણા એમ સમજે છે કે આ એક સ્ત્રીને સંતતિ નથી થતી, તો લાવને બીજી પરણું. એમ કહી ફરી લગ્ન કરી આગલી સ્ત્રી ઉપર શોકય લાવી બેસાડે છે, પણ એમ ધીરજ નથી રહેતી કે દૈવની ગતિ ન્યારી છે. તેની ઇચ્છાને અનુસરી ગુપ્ત દરદો મટાડવા ઉપાય કરી ઇશ્વર યાચના કરી કર્મ આધીન રહી સંતતિસુખ લેવું.

સુલક્ષણા—બાઇ સાહેબ, આપણા મહારાજા સાહેબ જેવી દ્રઢતા, ને આપના જેવી દીર્ઘદ્રષ્ટિ કોની પહોંચે ! હું સરખીને આપ જેવા સુજ્ઞની સંગતિથી તો બહુજ જ્ઞાન પ્રાપ્ત થયું છે. પરંતુ જેને સત્સંગ નહિ, તેને તો કશુંજ નહિ. હમેશા વહેમ તે દવા કરે, દોરા કરે, બાધા લે, છોકરાં થવા માટે અનેક યોજના કરે.

સત્યવતી—દાસી, દવા કરે તેમાં કંઇ અજ્ઞાનતા નથી. કેમકે ધન્વંતરી વિગેરે વૈદ્યો તો આદિકાળથીજ થતા આવેલા

છે. પરંતુ જે ઢોંગ લઇ બેસે છે, અને પુરૂષો બીજી સ્ત્રી પરણી પોતાનેજ માથે સંકષ્ટ ઉઠાવી લે છે, તે ખોટું છે. હવેથી તે ધીમે ધીમે દૂર થવાનો સંભવ છે ખરો. કેમકે હવે સ્ત્રીઓ, અને પુરૂષો સારી સારી કેળવણી લે છે, એટલે વહેમ દૂર થશે ખરો.

સુલક્ષણા—બાઈ સાહેબ, હું તો કહું છું કે આપના જેવી કેળવણી થોડાનેજ હશે. ઇશ્વર ભક્તિ, સંસાર સુધારો, સ્વચ્છતા અને શિયળ વિગેરે અનેક ગુણોથી આપ અલંકૃત છો. હવેનો સુધારો તો કેવળ મિથ્યા; ઇશ્વરને માનવા નહિ, પતિને પરમેશ્વર માનવાને બદલે તેનાથી વિરૂદ્ધ વર્તવું, એમજ આ કળિયુગને અનુસરતું થઇ રહ્યું છે. અમે નોકર લોકો જુદી જુદી ખબરો પરઘરની જાણીએ. કોઇ કોઇ વાર અમે સહિયરો ભેગી થઇએ, ત્યારે એક બીજી વાતો કરીએ.

સત્યવતી—દાસી, ગામ હોય તો ત્યાં ઢેડવાડો પણ હોય. સહુ સરખાં ન હોય. સ્ત્રી કેળવણીમાં જો શાસ્ત્રજ્ઞાન અને સંસાર સંબંધી કેળવણી અપાતી હોય તો ઘણો સારો સુધારો થાય.

સુલક્ષણા—બાઇ સાહેબ, આપણા કુંવરીબાને તો ઘેરજ કેળવણી આપવી કે આપનાં જેવાં સર્વગુણસંપન્ન. સુવિચારી થઇ કીર્તિવંત થાય. બાઇ સાહેબ, આપણે વાતો કરીએ છીએ તે બા કેવાં સામે મીટ માંડી જુએ છે.

સત્યવતી—હવે ત્રીજો માસ શરૂ થવા આવ્યો. એટલે બા ળકના દસ્તુર પ્રમાણે જરા નજર મેળવતાં આવડેજ. હવે એને બ રા દુધ પાઇ મને આપ, તે તેને પોઢાડી દઉં. સૂવાનો વખત થ વા આવ્યો છે.

સુલક્ષણા—બાઈસાહેબ, સંધ્યાકાળે દસ્તુર મૂજબ દુધ પાયું છે. હવે આપ જરા પયઃપાન કરાવશો, તો તેને સંતોષથી નિદ્રા આવી જશે.

સત્યવતી—લાવ ત્યારે એમજ કરૂં. તેં દુધ પાવાનો ને ચાટણું કરાવવાનો નિયમિત વખત રાખ્યો તે ઠીક છે. એકજ વખત નિયમિત કર્યો હોય તો તે છોકરૂં બહુ તનદુરસ્ત થાય. વખતે મોડું વહેલું થાય તો રો રો કરે, માટે નિયમ સાચવવાની રીત ઘણી ઉત્તમ છે. નિયમ તો ઇશ્વરને પણ પ્રિય છે.

સુલક્ષણા—આપે આ બોધ મને અગાઉથીજ કરેલો તેથી એકજ વખતે હું દુધ કે જે કંઇ આપવું હોય, તે આપું છું. અને બાળાગોળી માટે આપે ના કહી છે, એટલે તે તો મેં યાદ કરીજ નથી.

સત્યવતી—દાસી, તું તો બહુજ સુજ્ઞ છે. તને એકથી બીજીવાર કશું શીખવવુંજ પડતું નથી. અને તેથી મારા મનને ઘણોજ સતોષ છે.

સુલક્ષણા—જે કંઈ સુધરી તે આપનીજ કૃપા અને કેળવણી, બાકી મારામાં આવી બુદ્ધિ અને કેળવણી કયાંથી હોય ?

સત્યવતી—ખરૂં છે દાસી. સંગત તેવીજ અસર થાય. માટેજ સત્સંગતિ કરવી અને દુર્જનથી દૂર રહેવું. ઘણાક શ્રીમંત લોકો ધાવ રાખી છોકરાં ઉછેરે છે, પણ તેમ કરવું નહિ જોઇએ. કારણ કે ધાવ ઉચ્ચ જ્ઞાતિની મળેજ નહિ; નીચજ મળે. તો તેનું ધાવણ પણ તેવુંજ નીચ. તે ધાવવાથી સુજ્ઞ કુટુંબનાં છોકરાંની બુદ્ધિ પેલી ધાવની નીચ બુદ્ધિ જેવી થાય. તેથી તે ન કરવું. તેમજ બાળાગોળી તે એક વ્યસન ગણાય; જેમ અફીણીને અફીણ

મળે તોજ સારૂં, નહિ તો હાલ હવાલ થઇ જાય.

સુલક્ષણા—ખરૂં બાઇસાહેબ, તે કારણથીજ જ્યારે છોક રાંને ગોળી બંધ કરે છે ત્યારે સૂકાઇ જતું હશે, અને થોડે થોડે તે ટેવ મૂકાવવી પડતી હશે. નહિ વારૂ?

સત્યવતી—ખરૂં છે દાસી, સારા અમીરો માટે એ ગોળી-ની કશી જરૂર નથી. ધંધાર્થીઓને ખરી, કે બે ઘડી કેફમાં બા ળક સુએ તો ધંધો થાય. એવાનું જોઇ જોઇને પ્રથા પ્રસરી ગયો.

લક્ષણા—બાઇસાહેબ, આપનું કહેવું બરોબર છે; પણ કોઇ બે ત્રણ વાસાના છોકરાંની મા ન હોય તો ધાવ વિના કેમ ઉછેરવું?

સત્યવતી—દાસી, તેને માટે ગાય ઘેર રાખી તેનું દુધ પાવું. જાયફળ, પીપળીમૂળ, વાયવડંગ, એલચી, એ વસ્તુઓમાં થી જે તે બાળકને માફક આવે તે સહેજ નાખી પાણી નાખી ઉકાળી પાયાં કરવું. દિવસ રાત્રી મળી બશેર દુધ છ મહિના સુ ધીનાને બસ થઇ જાય. નિયમિત ટંકે પાવું કે પાચન થાય. એ ને માદુ પડે નહિ. ગાયના અંગમાં સર્વ દેવો વસેલા છે. એટલે દુધ પીનાર બાળક નિઃશંક સુબુદ્ધિનું થાય. જો સગું કુટુંબી ધ વાડી શકે તોપણ તેના સારા ગુણો હોય તોજ ફાયદો થાય. નહિ તો ઉત્તમ રસ્તો ગૌદુધ પાવાનો છે.

સુલક્ષણા—બાઇસાહેબ, આટલી દીર્ઘદૃષ્ટિ પહોંચાડનારાં થો ડાંજ નીવડે. હું તો આપની બુદ્ધિ અને યુક્તિઓ જોઇને દિંગ થઇ ગઈ છું. ખરે!

સત્યવતી—સ્ત્રીકેળવણીએ સર્વ સુલભ છે. લાવ, હવે

જરા કુંવરીને હાલરડું ગાઈ સૂવાડી દઉં. પછી આપણે નિદ્રા લઈએ.

સુલક્ષણા—જેમ આજ્ઞા. (દોરી આપે છે.)

સત્યવતી—(હીંચોળે છે અને ગાય છે.)

માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે—એ રાગ. ૧૭

આજે આનંદ ઉદય થયો છે અંગમાં
આવ્યો હાલરું ગાવાનો રૂડો દિન,
શશિધર મણિધર ઇશ્વર પ્રસન્ન થયા હમ ઉપરે,
કન્યા કાંતિ રૂડી રવિ ઉદય સમ ચિહ્ન—આજે ૧
ઝૂલો લાડકડી ઝૂલાવું નવરંગ પારણે
સુખની નિદ્રા લેજો રાખી શાંતિ ધીર
બાળપણે અજ્ઞાને ઇશ્વર રક્ષા છે કરે
છે ખટમાસો સૂધી ઇશ્વર સાનિધ્ય સુખ.—આજે. ૨
જ્યારે સંસારી મમતાની બુદ્ધિ આવશે,
જાશે સર્વજ્ઞ ને થાશે હું તું દોષ
ત્યારે ઇશ્વરતા ઓછી ને રે અળગી થશે,
ભમવું ભાંખોડીએ સંસારે સંતોષ—આજે. ૩
લઘુ વય જાતાં યૌવન વળી વૃદ્ધ થાવું ખરે,
ત્રણ વયોમાં રાખો પરમાત્મા શું પ્રેમ,
રાખો શુશ્રૂષા મનથી પૂર્ણાનંદ સુખ આપશે,
હરિસુખ સદા જો રહેશો નીતિ નેમ—આજે. ૪

(સર્વે નિદ્રાવશ થાય છે)

પ્રવેશ ૬.

સ્થળ—રાણીવાસ.

રાણી, દાસી, પછીથી રાજા ચિત્રવર્મા.

સત્યવતી—બ્હેન સુલક્ષણા, આજ હજી સૂધી મહારાજા કેમ પધાર્યા નહિ હોય ?

સુલક્ષણા—બાઇ સાહેબ, મહારાજા કંઇ કામે રોકાયા હશે. મહારાજાને ઘડી બે ઘડી વિલંબ થાય છે, એટલામાં આપનું મન ઘણું વ્યાકુળ થઇ જાય છે.

સત્યવતી—હા દાસી, સતી સ્ત્રીઓને સ્વામીના દર્શન સિવાય શાંતિ થતી નથી. વખત ઘણો ગયો છે, તેથી હવે તો સ્વામીનાથ પધારવા જોઇએ. માટે તું જા અને ભોજનની તૈયરી કરાવ.

સુલક્ષણા—બાઇ સાહેબ, મહારાજા પધારે છે. (દાસી જાય છે. ચિત્રવર્મા આવે છે.)

સત્યવતી—સ્વામીનાથ, વંદન કરૂં છું. શિરછત્ર, આજ આપને વાર બહુ થઇ.

ચિત્રવર્મા—હા પ્રિયા, આજ એમ થયું ખરૂં.

સત્યવતી—પ્રાણનાથ, વર્ષાઋતુના ઘામને લીધે આપને પ્રસ્વેદ લાગતો હશે. આજ્ઞા હોય તો વાયુ ઢોળું.

ચિત્રવર્મા—ના મારી વહાલી પ્રિયા, તારા નાજુક હાથને તે કામ કરવા લાયકનું નથી.

સત્યવતી—પ્રાણનાથ, આજે આપનું મુખાર્વિંદ કંઇ ઉદાસીમાં જણાય છે. તેથી જો આજ્ઞા હોય તો મનરંજન કરવા

એક ગાયન સંભળાવુ.

ચિત્રવર્મા—બહુ સારૂં, તારી ખુશી હોય તો તેમ કર.

સત્યવતી—(ગાય છે.)

સહીયર શરદ પુનમની રાત—એ રાગ. ૧૮

ઝરમર ઝરમર વરસે મેઘ બપૈયા બોલતા હો આજ વર્ષા ઋતુમાં હો રાજ.
જુઓ આકાશે ઘનઘોર ગગન ગાજી રહ્યું હો આજ વર્ષા.
ફાટે હૈયું ફાળે આજ વાલમ વિયોગમાં હો આજ વર્ષા.

દેવ ગયા જળ ઝીલવા, શિવ ગયા કૈલાસ,
બ્રહ્મા ધ્યાન ધરી રહ્યા, શિવનું ચારે માસ.

પિયુજી નિયમધારી દિન હવેરે આવીયા હો આજ વર્ષા.
એવા પુન્ય પ્રવાહી માસો તપસી તપ કરે હો આજ વર્ષા. ૧

ફળ ફૂલે ફાલી રહ્યો, લીલો લીલો કુંજ,
સૂકી ધરણી રસ પીયે, એ જળ વર્ષાનુંજ.

જાઇ જૂઇ ચંપો મોગરો ખીલી રહ્યાં હો આજ વર્ષા.
જુઓ પુષ્પ લતાઓ લહેકે ચારૂ ચોકમાં હો આજ વર્ષા.

કોયલડી ટૌકા કરે, બેઠી આંબા ડાળ,
ચાતક ચિત હરખાય છે, આ૦ગો મારો નાવ.

સ્વામી તલસું હું તમ માટે તેવી આ સમે હો આજ વર્ષા.
મારા હૈયા કેરા હાર મનોરથ પૂરજો હો આજ વર્ષા. ૩

મંડપ છાયો ફૂલડે, ફરે કળાયલ મોર,
શોભે સુંદર વાટિકા, જેમ કાનગોપીનો શોર.

એવી લીલવણીની લહેર લીયે છે રાધિકા હો આજ વર્ષા.
એવા લહેરી દિનમાં લાલ લલિત બહુ લાગતું હો આજ વર્ષા. ૪

ચિત્રવર્મા—વાહ પ્યારી આવા સુંદર સ્વરથી

કોનું મન રંજન થાય નહિ ?

સત્યવતી—આપ કચેરીમાંથી રંગમહેલમાં પધારો તે વખતે જરા આપના મનને વિશ્રાંતિ મળે, એ પ્રસંગે આપનું મન રંજન કરવું એ મારો ધર્મ છે પ્રાણનાથ !

ચિત્રવર્મા—ખરૂં છે પ્રિયા, રાજ્યદ્વારી કામો કોઇકવાર ઘણું માથું દુઃખવી નાખે છે. આજતો સીમંતિનીના જન્મગૃહની વાતે મારા મનને દિલગીર બનાવી દીધું છે.

સત્યવતી—પ્રાણનાથ, એવું શું છે તેમાં ?

ચિત્રવર્મા—પ્રિયા, પરમેશ્વરે પુત્રીરૂપ રત્ન આપ્યું તો ખરૂં પણ તેને સાંસારિક સુખમાં વિઘ્ન છે.

સત્યવતી—પ્રાણનાથ, શું તે સુખી નહિ થાય ?

ચિત્રવર્મા—પ્રિયા, સર્વ વાતે તો સુખી થશે, પરંતુ તેનો સંસાર વૈધવ્યના દુઃખથી બધો ધૂળ છે.

સત્યવતી—અરે આ શું ! હર ! હર ! હર ! (રાણી મૂર્છા ખાય છે. દાસી આવે છે.)

દાસી—અરે બાઇ સાહેબને શું થઇ ગયું ? બાઇ સાહેબ, સાવધ થાઓ, સાવધ થાઓ. (પવન ઢોળે છે ને રાણી થોડીવારે સાવધ થાય છે.)

ચિત્રવર્મા—પ્રિયા હવે એ બાબતનો શોક કરવો મિથ્યા છે.

સત્યવતી—પ્રાણનાથ, શું મારી વહાલી પુત્રીના જન્મગૃહમાં વૈધવ્ય લખિત છે ? અરે પ્રભુ ! કોઇ વાતે દુનિયામાં શાંતિ નહિ ! આટલા દિવસ સંતતિ વિના મનને બળાપો રહેતો, તે હે ઇશ્વર તેં દૂર કર્યો તો આ ક્યાંથી સરજ્યું ? ખરે પ્રાણનાથ, આ અસાર સંસારને સાર કરી માન્યો છે તેજ ભૂલ છે.

ચિત્રવર્મા—પ્રિયા, તે ખરૂં છે. આ સંસારરૂપી સમુદ્રમાં જ્ઞાન નૌકા મૂકી ઇશ્વરભક્તિરૂપ આરો લઇ તરી પાર ઉતરવાથીજ આપણાં વિઘ્નો દૂર થશે.

સત્યવતી—પ્રાણનાથ, તમે કહો છો તે ખરૂં છે. આપના જ્ઞાનવાન, ધૈર્યવાન શબ્દોથી મારૂં હૈયું જરા ધીરજ ધરે છે. પરંતુ જ્યારે જ્ઞાનદીપક અજ્ઞાનવડે આચ્છાદિત થાય છે ત્યારે તદ્દન અંધકારથી હૃદય શૂન્ય થઇ જાય છે.

ચિત્રવર્મા—પ્રિયા, ધૈર્ય રાખી ઇશ્વર પાસે કલ્યાણ ઇચ્છવું. વારંવાર બૂરા વિચારોને મનપર વસવા દેવા નહિ.

સત્યવતી—પ્રાણનાથ, હવેથી આપની શિખામણ ઘણી કાળજીથી હું યાદ રાખીશ. (નેપથ્યમાં)

દાસી—બાઇ સાહેબ, જમવાનો વખત થયો છે. પધારશો?

ચિત્રવર્મા—ચાલો પ્રિયા, જમી લઇએ. સીમંતિની ક્યાં છે? કંઇ જણાતી નથી.

સત્યવતી—પ્રાણનાથ, તે ત્યાં દાસીની સાથે પાકશાળામાં રમતી હશે. ચાલો આપણે જઇએ.

(સર્વ જાય છે.)

પ્રવેશ ૭.

સ્થળ—વાટિકા.

સીમંતિની તથા તેની સખીઓ.

સીમંતિની—સખી માલવિકા, આજ આ બાગની શોભા કેવી સુંદર દીસે છે? આ ચંપો, મોગરો, કેવી સરસ સુગંધ

આપી રહ્યાં છે? (જરા આગળ જઇને) અને આ સાહેલીની વેલતો ગુલાબના રોપાને વીંટાઇજ વળી છે.

માલવિકા—હા, બહેન સીમંતિની, આજ ચોમાસાના વર્ષાદને લીધે લીલવણી હામેહામ છવાઇજ રહી છે.

ચતુરિકા—બહેન માલવિકા, હમણાથી આપણી સખી સીમંતિની એવા આનંદી પદાર્થો ઉપર બહુ ધ્યાન આપે છે.

માલવિકા—સખી ચતુરિકા, તેનું કારણ તું જાણે છે?

શાર્દૂલ વિક્રીડિત. ૧૯

ખીલી યૌવનની કળી ઉરવિષે, કામે કર્યો વાસરે.
સુગંધી સૌ રસ તણી રહી ખીલી, શૃંગારની આશરે;
તેથી આ મુજ બેનડી રસભીની, ઋતુ તણા રંગમાં,
આશા એ નિજ સ્વામીના સુખતણી, રાખી રહી અંગમાં.-૧

સીમંતિની—સખી માલવિકા, જયારે ને ત્યારે તું એજ વાત વદી રહી છે ખરૂં કે?

ગીતિ. ૨૦

જેના મનમાં જેવું, તેવું તે દેખે છે સહુ જનમાં,
કમળો થએલી આંખે, કેસરીયાં દેખે છે સહુ તનમાં.

ચતુરિકા—સખી સીમંતિની, તારૂં કહેવું તદન બરોબરછે.

ગીતિ. ૨૧

મીઠા ભોજન કેરી, આશ થઈ હોય કો જનના મનમાં,
વાત કરી સંતોષે, તેમ સખી આ સમજે નિજ ઉરમાં.

સીમંતિની— ગીતિ. ૨૨

ચંદ્ર ચકોરી ચાહે, સંતાયે કયાં વાદળ ઘટપટમાં,

ગમે નાસ દે દેખા, પણ તુજ ચકોરી આ રહી છેવટમાં.

માલવિકા--જોયું સખી ચતુરિકા, આપણી સખી કોને કહે છે તે સમજી?

ચતુરિકા--હા સખી, હું બધું સમજું છું. માતાજી સત્યવતીએ આપણી સખી માટે નૈષધ દેશના ચંદ્રસેનના પુત્ર ચંદ્રાંગદ સાથે વિવાહ કરવા નકી કર્યું છે. તે ચંદ્રને આપણી સખી કહે છે.

સીમંતિની--સખીઓ, આજ તમે મને ઉડાવવા માંડી છે કે શું? હું તો આ ચંદ્ર વાદળમાં સંતાઇ જાય છે, ને ચકોર પક્ષી તેની રાહ જોતું રહ્યું છે, તેને કહું છું. સમજયાં કે નહિ?

બન્ને સખી--એ તો અમે બધું સમજયાં--ચાલો. હવે આપણે એક ગરબો ગાઇએ. પછી ઘેર જવાનો સમય થશે.

સર્વ--(ગાય છે)

શું નટવર વસંત--એ રાગ--૨૩

શું વર્ષા ઋતુ આ ખીલી રહી, ખીલી રહી, રંગ ઝીલી રહી. શું

ઝરમર ઝરમર મેહુલો, ઝીણા ઝીણા બીંદ,
આકાશે ઘન ગડગડે, ચમકે ઝીણી વીજ.
સૂરજ ઉદય તણી આશા નથી રહી, શું રાત અંધારી
ઘન ગાજી રહી, ગાજી રહી જગ ગજાવી રહી. શું. ૧
કોયલડી ટૌકા કરે, ચાતક ચિતનો ચોર.
વરસે ઝીણો મેહુલો, કુંજે કળા કરે મોર.
લીલાં લીલાં અંબર ધરીનેજ, ધરતી શોભે છે,
લઇ લીલવણીની લહેર મનડું લોભે છે. ૨

નિર્મળ નીર નદીઓ તણાં, વાવ કૂવા ભરપૂર,
જોઇ કુદરતની કૃતિ, આનંદો સહુ ઉર.
લેહેરો લીએ સહુ શાણા અહિં તહિં
પૃથ્વી પલ્લવથી છે છાઈ રહી, છાઇ રહી જગ છવાઇ
રહી શું વર્ષા—૩

સીમંતિની—સખી ચતુરિકા, આજ આપણને બહુ આનંદ થયો. ખરૂં બહેન ?

ચતુરિકા—સખી, આનંદના દિવસો સદાય પ્રભુ તને આપે.

માલવિકા—હા સખી, હું પણ તેમજ ઇચ્છું છું. પણ જેમ ભાવિ હોય છે તેમ બને છે.

સીમંતિની—કેમ સખી, એમ નિરાશાના વચનો બોલે છે, તે શું કંઇ ભેદ છે ?

માલવિકા—ના ના, મારી વહાલી.

સીમંતિની—ના સખી, સાચું ન કહે તો તને મારા સમ છે.

માલવિકા—સખી, મારી જીભ ઉપડતી નથી. આ ચતુરિકા કહેશે. મારૂં મન હવે એ વાત યાદ આવવાથી દુભાય છે.

સીમંતિની—સખીઓ, આટલી બધી ઉત્કંઠિત શા માટે કરો છો ? ચતુરિકા, જે હોય તે જલદી કહે.

ચતુરિકા—બેહેન સીમંતિની, સાંભળ તારા

ગીતિ ૨૪

જન્મ કાળને સમયે, તુજ પિતાએ જોશીની પાસે,
ગ્રહદોષ છે જાણ્યો, વર્ષ ચૌદમે તું વિધવા થાશે.

સીમંતિની—અરર શંકરા! (મૂર્છા ખાઇ પડે છે. સખીઓ સાવધ કરે છે.)

સખીઓ— ડરમા તું દિલ સાથ—એ રાગ. ૨૫

રડમા તું સખી હાય હવે બહુ રડમા તું સખી હાય,
જોઈ દિલડું બહુ દુઃખાય— હવે.
તું સુખીયારી થઇ દુઃખીયારી, જીવ મુઝાવ ન આંસુડાં પાડી,
શાંત થવું સખી ધીરજ ધારી, જાવું નહિ વળી હિમત હારી.
ઇશની સાહ્યતા મુખે ઉચારી.
વહાલી ઉઠ શાંત થા, ગભરા ના.
સખી સાહ્ય તને પ્રભુ થાય— હવે. ૧
ધાર્યું પ્રભુનું સત્ય થવાનું, રૂદન કરે નહિ કંઇ વળવાનું,
ચાલ સખી સહુ સત્વર થઇને, મૈત્રીદેવીને શરણે જઇને,
યુક્તિ આચરીએ સંમતિ લઇને.
બે'ન ચાલ, જઇએ, દુઃખ કહીએ
કંઈ કરીએ દેવ સેવાય— હવે. ૨

બહેન, ઇશ્વિર મરજી આગળ શોચ કરે સિદ્ધિ નથી. ચાલો આપણે ઋષિપત્ની માતુ મૈત્રીદેવી આગળ જઇએ. તે આપણું કષ્ટ દૂર કરશે.

સીમંતિની—ચાલો બહેનો, હું તો નિરાશાને લીધે ચાલી પણ શકતી નથી. (સર્વ જાય છે.)

પ્રવેશ ૮

સ્થળ—મૈત્રીદેવીનો આશ્રમ.

સીમંતિની, તેની સખીઓ, તથા મૈત્રીદેવી.

માલવિકા—મૈત્રીદેવીને નમન કરૂં છું.

ચતુરિકા—માતુ, હું પણ વંદન કરૂં છું

મૈત્રીદેવી—કોણ માલવિકા અને ચતુરિકા કે ?

સીમંતિની—માતા મૈત્રીદેવી, આપની પુત્રી સીમંતિની પાયે લાગી વિનતી કરે છે.

મૈત્રીદેવી—આજ ત્રણે સખીઓ મળી અત્રે આવી શું ઈચ્છા રાખો છો ? બેન સીમંતિની તારી શું માગણી છે ?

માલવિકા, ચતુરિકા—માતા મૈત્રીદેવી, અમારી સખી આપની પાસે તેનું દુઃખ નિવેદન કરવા આજ્ઞા માગે છે.

મૈત્રીદેવી—શું છે બેટા સીમંતિની ? તારા જેવી રાજપુત્રીને નાની વયમાં શું દુઃખ હોય ? સત્વર કહે બેટા. મારાથી ટાળી શકાય તેવું હશે, તો હું તારૂં દુઃખ દૂર કરીશ.

સીમંતિની— સિંધાનો કનરો. ૨૬

નમામિ માતા મૈત્રીદેવીને, વિદિત કરૂં છું કર્મની કહાણી,
મુજ ભાગ્યમાં વૈધવ લખીયું, વાત એ તો મેં આજે છે જાણી—નમામિ. ૧
થાશે શું મારૂં આ ભવમાં હવે, હાય એ દુઃખે અતિહું દુભાણી—નમામિ. ૨
આશિષ આપો, યુક્તિ બતાવો, થાય અખંડિત સૌભાગ્ય માડી—નમામિ ૩
શરણે હું આવી આજ તમારે, સંકટ સર્વે ઘોની નિવારી—નમામિ. ૪
આશિષ ઘોને તપ બતાવો, જેણે કરી વશ થાય મુરારી—નમામિ. ૫

મૈત્રીદેવી—બેટા સીમંતિની, દૈવી કૃતિમાં ફેરફાર કરવાને કોઇ શકિતમાન નથી. કોઇ મનુષ્યથી ઇશ્વરની ધારણામાં ફેર થ

ઇ શકે તેમ નથી. તેના નિયમને તાબે રહી ધૈર્યથી સુખ દુઃખ સહન કરવું એજ શ્રેષ્ઠ છે. તોપણ બહેન સીમંતિની, હું તને કહું છું કે તું

ઉપેંદ્રવજ્રા. ૨૭.

થા સાધવી તું, શીલને સમાલી,
લે સોમ વ્રતો, મન ધીર ધારી;
પ્રદોષ કાળે, શિવ પૂજી નિત્યે,
પેલું કરો, તીર્થનું સ્નાન પ્રીતે. ૧
થૈ સ્વચ્છ નાહી, કરી વિધિ સેવા,
જોડું જમાડી, બહુ દાન દેવા;
છે નિમ એવો, વ્રત સોમનો તો,
પ્રભાવ છે એ, વ્રતનોજ મોટો. ૨

હે પુત્રી, એ રીતે સોમપ્રદોષનું વ્રત આચરવાથી શંકર પ્રસન્ન થશે. માટે તે દિવસે નદીએ નહાવું, સ્વચ્છ થઇને સંધ્યા સમયે શિવપૂજન વિધિ સહિત કરી બ્રાહ્મણનું જોડું જમાડી પછી તારે જમવું. અને વસ્ત્રદાન કરી દક્ષિણા આપી સંતુષ્ટ કરવાં. હે પુત્રી, આ વ્રત કરવાથી તું સૌભાગ્યને પામીશ.

સીમંતિની—માતુ, આપની આજ્ઞાથી હું તે વ્રત કરીશ.

મૈત્રીદેવી—મારી વહાલી બાળકીઓ, ઉછરતી વયની બાળાઓએ કેવી રીતે વર્તવું તે વિષે હું તમને શિખામણ દઉં છું. તે વિષે આ પત્રિકા ધ્યાનથી ઘેર જઇ વાંચજો. કેમકે અત્યારે સમય થઇ ગયો છે.

ત્રણે **સખીઓ**—(નમન કરીને) માજી, આપની શિખામણને અનુસરી નિરંતર ચાલીશું. હવે અમે રજા લઈશું માજી.

મૈત્રીદેવી—હા બેટા સીમંતિની, અખંડ સૌભાગ્યવતી ભવ.
(સર્વે જાય છે.)

પ્રવેશ ૯

સ્થળ—રાજ્ય મહેલ

સત્યવતી રાણી, રાજા ચિત્રવર્મા, અને પૂછીથી સખીઓ સહિત સીમંતિની.

ચિત્રવર્મા—પ્રિયા, સીમંતિનીનો અભ્યાસ પૂરો થયો કે?

સત્યવતી—પ્રાણનાથ, સીમંતિનીએ પોતાને જોઇએ તેટલુ પૂરતું જ્ઞાન સંપાદન કરી લીધું છે. અને હવે તો તે પાકશાસ્ત્રનાં તેમજ ધર્મશાસ્ત્રનાં મારાં સારાં પુસ્તકો વાંચવામાં વધારે વખત ગાળે છે.

ચિત્રવર્મા—એ બહુ સારૂં કામ કરે છે. શાસ્ત્રની ચોપડીઓ વાંચવાથી સ્વધર્મપર આસ્થા વધે છે.

સત્યવતી—પ્રાણનાથ, સીમંતિનીની બુદ્ધિ ઘણી સાત્વિક છે. ઇશ્વર તેને સારી બુદ્ધિ આપે. વળી તેને પતિ પણ ધર્મી અને વિદ્વાન આપે એજ પ્રભુ પાસે મારી વિનંતી છે.

ચિત્રવર્મા—પ્રિયા, તેને માટે સારો વર શોધવો એમ વિચાર કરી તે મેં મનમાં ધારી મૂક્યો છે. જ્યારે વખત આવે ત્યારે ત્યાં નક્કી કરી વિવાહ કરીશું.

સત્યવતી—પ્રાણનાથ, આપણી સીમંતિની હવે તેર વર્ષની થઇ. કન્યાકાળ થવા આવ્યો તો તેનો વિવાહ કરવા મારી ઇચ્છા

થઇ છે.

ચિત્રવર્મા—હા પ્રિયા, હું પણ એજ વિચારમાં છું. આપ ણે તે દિવસે નૈષધ દેશના રાજા ચંદ્રસેનના પુત્ર ચંદ્રાંગદની સાથે વિવાહ કરવા ધાર્યું હતું, પરંતુ સીમંતિનીના ભાગ્યની વિચિત્રતા નો વિચાર આવે છે ત્યારે મારૂં મન હઠી જાય છે.

સત્યવતી—મહારાજ, એ બધું ખરૂં છે. પણ દૈવે ધારેલું જયારે ત્યારે થવાનુંજ એમાં આપણે શું કરી શકશું? આપણે ઇશ્વર ભકિત કરી તે વિઘ્ન નિવારે એવી પ્રાર્થના કરવાનો યત્ન કરવો. પરંતુ જે લખિત છે તે કોણ મિથ્યા કરી શકશે?

ચિત્રવર્મા—તું કહે છે તે ખરૂં છે પ્રિયા. મારો પણ એજ મત થાય છે. આજ સીમંતિની કયાં ગઇ છે વારૂં?

સત્યવતી—સ્વામીનાથ, તેને એની પોતાની દશા વિષે તેની સખીઓથી જાણ થતાં તે યાજ્ઞવલ્કય ઋષિની પત્ની મૈત્રી દેવી પાસે ગઇ છે. હવે આવવી જોઇએ ખરી.

ચિત્રવર્મા—ત્યાં જવાથી શું થશે પ્રિયા?

સત્યવતી—મહારાજ, કોઇ વ્રત, દાન, નિયમ, તપ બતા વશે તે પ્રમાણે સીમંતિનીએ કરવું એમ તેની ઇચ્છા છે.

ચિત્રવર્મા—ખરૂં છે. ઉષાએ પાર્વતીપર તપ કરી સ્વામી સુખ માગી લીધું હતું. તેમ સીમંતિનીને ઇશ્વર કૃપા થાય એજ ઇચ્છું છું.

(સીમંતિની સખીઓ સહિત આવે છે.)

ત્રણે સખીઓ—માતા પિતા, વંદન કરીએ છીએ.

ચિત્રવર્મા—કેમ બહેન, કયાં જઇ આવી?

સીમંતિની—પિતાજી, મૈત્રીદેવી પાસે હું ગઇ હતી; અને તેમણે સૂચવ્યું છે તે પ્રમાણે આપ માતાપિતા આજ્ઞા આપશો તો કરીશ.

ચિત્રવર્મા—હા મારી પુત્રી, તારૂં શુભ થતું હોય તે માટે સદાની પરવાનગીજ છે. તારી ઇચ્છા પ્રમાણે કરજે પણ મૈત્રી દેવીએ શું કહ્યું છે?

(સીમંતિની સોમપ્રદોષનું વ્રત કેવી રીતે કરવું તે કહી બતાવે છે.)

સત્યવતી—પુત્રી, એ વ્રત બહુ સારૂં છે. દેવીની આજ્ઞા પ્રમાણે એ વ્રત નિયમ પાળવાથી સારૂંજ થશે.

માલવિકા } **ચતુરિકા** }—બહેન સીમંતિની, મૈત્રીદેવીએ શિખામણનું પદ આપ્યું છે તે વાંચી સંભળાવશું કે? માતાજી પિતાજીની આજ્ઞા હોય તો સખી આપણે ગાઇએ.

સત્યવતી—પુત્રીઓ, તમે સાથે મળી ગાઇ સંભળાવો.

ત્રણે સખીઓ—(ગાય છે.)

રાગ આશાગોડી. ૨૮

સાવધ રહી સતીનારી સદાકાળ સાવધ રહી સતીનારી
શિયળ તમારૂં સાચવવાની, ઊલટ રાખજો સારી—સદાકાળ ૧
લાલ નીલમ વળી માણેક મોતી, હરખાશો નહિ દિલધારી—સદાકાળ—૨
નહિજ શોભશે શિયળ ભૂષણ વિણ, મિથ્યા એ અલંકારી—સદાકાળ—૩
નીતિ તણી ઊર કંચુકી સજવી, શિયળ ભૂષણ સાડી ધારી—સદાકાળ—૪
લજ્જારૂપી ધરો નાકમાં નથની, યશ ચાંદલિયો સ્વીકારી—સદાકાળ—૫
મિષ્ટ વચન અમૃત સમ રાખી, ક્રોધ ન કરવો લગારી—સદાકાળ ૬
પરણ્યો પતિ પરમેશ્વર માની, વશ થશે ત્રિપુરારી—સદાકાળ ૭

ચિત્રવર્મા—વાહ! શું સુંદર શીખામણ આપી છે. પુત્રીએ

એ તમારે પૂરા ધ્યાનથી લક્ષમાં લેવાની છે.

ત્રણે સખીઓ—બહુ સારૂં પિતાજી.

સત્યવતી—પ્રાણનાથ, ભોજનનો સમય થયો છે. તેથી મરજી હોય તો જઇએ, મહારાજ.

ચિત્રવર્મા—ચાલો પ્રિયા. (સર્વે જાય છે.)

પ્રવેશ ૧૦

સ્થળ—રાજાની કચેરી.

રાજા ચિત્રવર્મા, પ્રધાન, વિગેરે સભાજનો. પછીથી જોશી.

ચિત્રવર્મા—અહો પ્રધાનજી! આજ જોશી મહારાજ હજુ કેમ નથી આવ્યા?

પ્રધાન—મહારાજ, આજ્ઞા હોય તો તેડવા મોકલું?

ચિત્રવર્મા—હા પ્રધાનજી, આજ આપણે તેને નૈષધદેશ કુંકુંપત્રિકા લઇ મોકલવા છે. તો તેને સત્વર બોલાવો.

પ્રધાન—જેવી આજ્ઞા. (પ્રતિહારને જોશીને બોલાવવા મોકલે છે.)

ચિત્રવર્મા—પ્રધાનજી, જોશી મહારાજ હજુ આવ્યા નથી તેટલો વખત વારાંગનાનું ગાયન સાંભળશું. માટે તેમને તેડાવો.

પ્રધાન—જેવી આજ્ઞા, મહારાજ. (વારાંગનાને બોલાવવા મોકલે છે. વારાંગના આવે છે.)

વારાંગના—(સલામ કરીને ગાય છે.)

મધુબનમેં ગુજરીયાં લૂંટી. એ રાગ. ૨૯

મધુબનમેં મોરલિયાં વાગી, હું તો ભરનિદ્રાથી જાગીરે—મધુબન.
મોરલિયાં રસ પીએ મોહનનો, અધર તણો સુભાગીરે—મધુબન ૧

મોરલિયાંનો મધુર સુંદર સ્વર, મોહનની લે લાગીરે—મધુબન. ૨
વૃંદાવનની વાટડીએ હું, લજ્જા તજી ગઇ ભાગીરે—મધુબન. ૩
સાસુડી મારી પૂછવા લાગી, નણુંદલ પૂઠે લાગીરે—મધુબન. ૪
કંથ તણો ભય ભવમાં ભૂલી, હરિસુખ લેવા લાગીરે—મધુબન. ૫

ચિત્રવર્મા—વાહ પ્રધાનજી, આજ આ નાયકાએ ગાયન ઘણું સારૂં ગાયું. તેને ખુશી કરવા યોગ્ય ઇનામ આપો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ, જેમ આજ્ઞા.

પ્રતિહાર—મહારાજ, વિદ્યાધર જોશી આવવા રજા માગે છે.

ચિત્રવર્મા—તેને આવવા દો. (જોશી આવે છે.)

જોશી—મહારાજ, વંદન કરૂં છું. નારાયણ! નારાયણ! નારાયણ!

ચિત્રવર્મા—જોશી મહારાજ, મારી પુત્રી સીમંતિનીનો વિવાહ મેં નૈષધદેશના રાજા ચંદ્રસેનના પુત્ર ચંદ્રાંગદની સાથે કરવા ધારેલો છે. તો તે આપણા યોગ્ય છે કે કેમ?

જોશી—મહારાજ, ખરેજ એના જેવો રૂપ, લક્ષણ અને લાવણ્યતા તથા ગુણવાળો બીજો કોઇ કુંવર નથી. પરંતુ બહેન સીમંતિનીને અનુકૂળ આવે તે રાજ્યકુંવરને, સ્વયંવર રચી, વરમાળ આરોપાવવી.

ચિત્રવર્મા—જોશી મહારાજ, પુત્રીનો સ્વાર્થ કેમ સુધારવો તે અમે સારી રીતે જાણીએ છીએ. તે પોતાની મેળે વર પસંદ કરે અને માતાપિતા જાણે નહિ એ રીત મને બીલકુલ પસંદ નથી. એ રીતને હું અપમાન ગણું છું. મારી પુત્રી એવી સુશીલ છે, કે તે પોતાના માતાપિતાની મરજી વિરૂદ્ધ કદી વર્તતીજ નથી.

વળી એ કે સ્વયંવર રચીને સીતાએ, દમયંતીએ, સંયુકતાએ વરમાળ આરોપી હતી તેમાં આશાબંધી આવેલા રાજાઓ નિરાશ થઇ જવાથી ઘણાં વિઘ્નો નડયાં છે. તે વાતનો વિચાર કરતાં એ રૂઢી હું પસંદ કરતો નથી.

જોશી—મહારાજ, આપની જેમ ઇચ્છા. મેં મારા ધર્મ પ્રમાણે આપના ધ્યાનપર આવવા રાજયનિયમ દર્શાવ્યો છે મહારાજ.

ચિત્રવર્મા—જોશી મહારાજ, રાજ્ય રીતિ પ્રમાણે સર્વેને આમંત્રણ તો કરવામાં આવશેજ. પરંતુ ફેર માત્ર એજ કે કુંકુંપત્રિકામાં ખુલ્લું દર્શાવવામાં આવશે કે સીમંતિની ચંદ્રસેનના પુત્ર ચંદ્રાંગદ જોડે વરશે અને વરમાળ આરોપશે. માંગલિક કાર્યમાં સહુ ખુશીથી ભાગ લેશે.

જોશી—બહુ સારૂ મહારાજ, જેવી આપની ઇચ્છા.

ચિત્રવર્મા—જોશી મહારાજ, કર્તા ઇશ્વર છે, આપણે તો ફકત સાક્ષીભૂત જામીન તરીકે છીએ. તે ફરજ આપણે બજાવવી. અને જુઓ કે કયે દિવસ શુભ લગ્ન આવે છે?

જોશી—(ટીપણું જોઇને) મહારાજ, લગ્ન તો સારામાં સારા વસંતપંચમીનાજ આવે છે.

ચિત્રવર્મા—બહુ સારૂં. કંકોત્રી લખી લઇને સત્વર જાઓ. અને ખર્ચ માટે પ્રધાનજીને આજ્ઞા આપીશ.

જોશી—બહુ સારૂં મહારાજ, જેમ આજ્ઞા. હવે હું રજા લઉં છું. (જાય છે.)

ચિત્રવર્મા—પ્રધાનજી, હવે તમે સૌ દેશોદેશના રાજાને કંકોત્રી લખી માનપૂર્વક આમંત્રણ કરજો. કંકોત્રીમાં લખવું કે ચંદ્રસેનના પુત્ર ચંદ્રાંગદને પુત્રી સીમંતિની વરમાળ આરોપશે. તે

પ્રસંગે સૌ પધારી લગ્ન મંડપને શોભાવશો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ, જેમ આપની આજ્ઞા.

ચિત્રવર્મા—પ્રધાનજી, હવે તમે સર્વ લગ્ન સાહિત્યની તૈયારી ત્વરાથી કરવી શરૂ કરજો. જોશી મહારાજને મુસાફરી, વાહન વિગેરે ખર્ચનો બંદોબસ્ત કરી આપજો. હવે હું અંતઃપુરમાં જાઉં છું. કચેરી બરખાસ્ત કરો.

પ્રધાન—જેમ આજ્ઞા, મહારાજ. (સર્વ જાય છે.)

પ્રવેશ ૧૧

સ્થળ—નૈષધદેશમાં ચંદ્રસેનનો રાજ્યમહેલ.

રાજા ચંદ્રસેન, રાણી યશાવતી, તથા પુત્ર ચંદ્રાંગદ.

યશાવતી—સ્વામીનાથ, હવે આપની ઉત્તર અવસ્થા થવા આવી, તો રાજ્યકાજમાં ચંદ્રાંગદ માહીતગાર થાય તો આપને ઘણો વિસામો મળે.

ચંદ્રસેન—હા પ્રિયા, તે ખરૂં છે. અને પુત્ર ચંદ્રાંગદ તે પ્રમાણે જરૂરી કામકાજમાં મન રાખે છે ખરો.

ચંદ્રાંગદ—માતુશ્રી, મારા પિતાજીની છાયામાં રાજ્યની સંભાળ રાખવા હું શીખું છું.

યશાવતી—બહુ સારૂં મારા વહાલા પુત્ર. રાજ્યની સ્થિતિ ખટપટને લીધે ઘણી બગડેલી છે.

ચંદ્રાંગદ—માજી, હમણા તેમાં ઘણો સુધારો થયો છે. તે પિતાજીના ધ્યાનમાં હશેજ.

ચંદ્રસેન—હા પુત્ર, તને ધન્ય છે. અને તે માટે હું પરમ

કૃપાળુ પરમેશ્વરનો ઉપકાર માનું છું કે તેણે તારા જેવા પુત્ર રત્ન ની પુખ્ત ઉમરે દયા કરી રાજય તાર્યું. નહિ તો આપણો પિત્રાઇ રસેન રાજયપર તરાપ મારવાને તત્પરજ હતો એમજ આશા બાંધી બેઠો હતો કે જ્યારે ત્યારે એ રાજય આપણું છે.

યશાવતી—ખરેખર તે તો એમજ ધારતો હતો કે પુત્ર નથી તો રાજય કોનું છે? મારૂંજ છે.

ચંદ્રસેન—હજુ પણ તે દુષ્ટ લાગ આવે તો રાજય બચાવી પડયા વગર રહેશે નહિ.

ચંદ્રાંગદ—અરે પિતાજી, તેના શું ભાર છે?

(પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, મગધ દેશથી કોઇ વિદ્યાધર નામે જોશી આવ્યો છે.

ચંદ્રાંગદ—તેને અંદર આવવા દો.

જોશી—કલ્યાણમસ્તુ રાજેંદ્ર!

ચંદ્રસેન—જોશી મહારાજ! કયાંથી પધાર્યા?

જોશી—મગધદેશથી રાજા ચિત્રવર્માએ આપને દંડવત કહ્યા છે, અને કુંકુંપત્રિકા આપી છે.

ચંદ્રસેન—(કંકોત્રી લઇ વાંચીને) જોશી મહારાજ, આમાં લખ્યા પ્રમાણે અમે આવી પહોંચીશું. હવે તમે અત્યારે તો ઉતારે રહો. સવારે જજો. (પ્રતિહારને આ જોશી મહારાજને ધન વસ્ત્ર વગેરે આપી ભોજન કરાવવા લઇજા, ઘટતો બંદોબસ્ત કરજે.

પ્રતિહાર—બહુ સારૂં મહારાજ. જેમ આજ્ઞા.

ચંદ્રસેન—પ્રતિહાર, પ્રધાનજીને કહેજે કે આપણે સો સ્વારી સહિત મગધ દેશ જવા નીકળવું છે. માટે લગ્નની તૈયારી

સર્વે કરી મૂકે.

પ્રતિહાર—જેમ આજ્ઞા મહારાજ.

જોશી—મહારાજનું કલ્યાણ થાઓ હવે હું જાઉં છું. (મનમાં) અહા! આ સીમંતિની બહેનના પતિની શું કાંતિ! જાણે પૂર્ણિમાનો ચંદ્રજ ઉદય થયો! જેવું નામ, તેવીજ કાંતિ અને તેવાજ ગુણ છે. ખરે તેના દર્શનથીજ મારો જન્મ સફળ થયો. પણ આ સીમંતિનીબાએ આપેલી પત્રિકા કેવી રીતે આપવી? પણ હાં! મને રસ્તો સૂજ્યો ખરો. હાલતો હું મારી પાસેજ રાખું. પછીથી ચંદ્રાંગદ ભાઇ જયારે પોતાના મહેલમાં જશે ત્યારે તેના અનુચરને આપીશ. તે તેમને આપશે. હા એજ ઠીક છે.

(જાય છે.)

યશાવતી—પ્રાણનાથ, એ કુંકુંપત્રિકા શેની છે? હું તો કંઇ સમજી શકી નહિ. કંઇક લગ્ન સંબંધી હશે.

ચંદ્રસેન—પ્રિયા, મગધ દેશના રાજાએ પોતાની પુત્રીનો વવાહ આપણા પુત્ર ચંદ્રાંગદ સાથે કરવા કંકોત્રી મોકલી છે.

યશાવતી—બહુ સારૂં થયું. મારા મનમાં હતું તેજ થયું. એ સીમંતિની ઘણીજ સુશીલ છે.

ચંદ્રસેન—પુત્ર, આ બાબતમાં તારો શો વિચાર છે? મારી વૃદ્ધાવસ્થામાં તારૂં લગ્ન થાય, એ મારે તો ખરેખરો લા'વો લેવાનો છે.

ચંદ્રાંગદ—પિતાજી, માતાપિતા તેના પુત્રના હિત માટે કંઇ થોડાં લાગણીવાળાં હોતાં નથી, કે હું આપની વિરૂદ્ધ જાઉં. આપ જે કરશો તે યોગ્યજ કરશો.

ચંદ્રસેન—સારૂં, મારા સદ્ગુણી પુત્ર. હવે લગ્નમાં જવાની

તૈયારી કરવાની છે તે તું તથા તારાં માતુશ્રી બન્ને કરવા માંડો.

યશાવતી—બહુ સારૂં મહારાજ. પણ હાલ સમય થઇ ગયો છે, તેથી ભોજન અર્થે પધારો સ્વામીનાથ.

ચંદ્રસેન—ચાલો. (સર્વે જાય છે.)

પ્રવેશ ૧૨

સ્થળ—સીમંતિનીનો મહેલ.

સીમંતિની અને તેની સખીઓ; પછીથી રાણી સત્યવતી

સીમંતિની—સખી માલવિકા, હાલમાં મારૂં મન ખુશી અને દિલગીરી એ વાતથી ભ્રમિત થાય છે. જેમ આકાશે વાદળી ચઢે ને અંધકાર હોય તેમ.

માલવિકા—ખરૂં છે સખી. લગ્ન થશે તે વિષે ખુશી અને ભવિષ્યનો વિચાર આવતાં દિલગીરી થયા વિના રહેજ નહિ.

ચતુરિકા—સખી, એમ આખો દિવસ વિચાર કરવાથી શું ફળ છે? હવે તો આનંદમાંજ રહેવું. તારા માતાપિતાએ કેવો સારો ગુણિયલ સ્વામી શોધ્યો છે?

માલવિકા—હા સખી, કુંવર તો ઘણોજ સારો છે. ગુણિયલ અને વળી જેવું નામ છે તેવુંજ રૂપ છે. સખી સીમંતિની, આજ તું દિલગીર છે, તો તારૂં મન રંજન કરવા માટે ચાલ આપણે ગોપ ગુંથીએ.

સીમંતિની—હા, ચાલો બહેન.

સર્વે—(ગોપ ગુંથે છે અને ગાય છે.)

સહિયર શરદ્ પુનમની રાત બહુ રળિયામણી હો રાજ—એ રાગ ૪૦
સહિયર શું કહું દુઃખની વાત મોહન મેલી ગયા હો આજ
દહાડા કેમ જશે હો રાજ,
રૂડી રમવા સરખી રાત, ગોવિંદ ગોકૂળે ગયા હો આજ—દહાડા
વહાલા વિના વેરણુ રાત હવે તો જશે નહિ હો આજ—દહાડા.

રૂડી ઋતુ વસંતની, પૂર્ણ પૂનેમની રાત,
રમવા આરત રધિકા, ભૂલ્યાં ગોકુળ નાથ.

સખી કાગળિયા કંઇ લાખ લખાવ્યા લાલને હો આજ—દહાડા.
તોયે નાવ્યા મારા નાથ નમેરા બહુ થયા હો આજ—દહાડા ૧

જળ વિણુ ન જીવે માછલી, ચંદ્ર વિનાની રાત;
સૂર્ય ઉદય વિણુ શોભતી, દીસે જેવી પ્રભાત.

જીવન જીવ વિનાની રહી છે રૂડી રાધિકા હો આજ—દહાડા.
વહાલે વ્રજ વનિતા વિસારી ગોવિંદજી ઘટે નહિ હો આજ—દહાડા ૨

(દાસીઓ આવે છે.)

દાસી—બહેન સીમંતીની બા, માતુશ્રી હમણા આપની પાસે પધારે છે, અને અમને અગાઉથી મોકલ્યાં છે. (રાણી આવે છે.)

સીમંતિની—માજી, વંદન કરૂં છું.

સત્યવતી—પુત્રી, અખંડ સૌભાગ્યવતી થા.

માલવિકા }
ચતુરિકા } —માજી, આપ અત્રે પધાર્યાં તેથી અમે ને અમારી સખી ઘણાં ખુશી થયાં છીએ.

સત્યવતી—હા મારી વહાલી બાળકીઓ. સીમંતિનીનો વિવાહ કરવાની ધામધૂમ ચાલી રહી છે. તેવામાં મહારાજાશ્રીએ

મને સૂચના કરી કે પુત્રી સીમંતિનીનો વિવાહ આપણે નૈષધદેશના કુંવર ચંદ્રાંગદ સાથે કરવાની તયારી કરી છે. તે વાત તેને ગમતી છે કે કેમ તે પૂછવાની આપણી ફરજ છે. તે વિષે તેની સંમતિ લઇ આવ. તેથી હું સીમંતિનીને પૂછવા આવી છું.

સીમંતિની—માતાજી, મને બોલાવી કેમ નહિ? આપે મારે માટે આવો શ્રમ લીધો માજી?

સત્યવતી—બેટા, તારા પિતાજી સમક્ષ તું લજ્જાને લીધે કંઇ કહી શકે નહિ. બોલ બહેન, ચંદ્રાંગદ વર તને ગમે છે? કે તું તારી મેળે શોધી લઇશ?

સીમંતિની—માજી, એ શું બોલ્યાં? આપની વિરૂદ્ધ હું કદી થઇ છું? તમે તો યોગ્ય વર સાથે વરાવી, પરંતુ કદી તેમ ન હોય તો પણ શું? હું મારી પિતુ તથા પતિ ભક્તિમાં ચૂકું એવી તમારી પુત્રી નથી.

માલવિકા }
ચતુરિકા }—માજી, અમારી સખી સત્ય કહે છે. વૃક્ષ તેવાંજ ફળ હોય છે. જેવાં આપ સુવિચારી છો તેવીજ આ અમારી સખી છે.

સત્યવતી—વહાલી પુત્રી, તું ખરૂં કહે છે, ખરેજ, તું મારા કરેલાં કાર્યને માન આપે છે.

સીમંતિની—માજી હું ખુશી છું, અને મારો જન્મ આપ જેવાં માતાપિતાની સહાયતાથી સફળ થયેલો માનું છું-

સોરઠો ૩૧

ધન ધન છે મુજ દિન, સફળ જન્મારો માહરો
આ જીવતરને ધન, સ્વામી સારો સાંપડયો.
ઇષ્ટ દેવ કૃપાય, અમૃત તો મુજને મળ્યું,

લાગું માજી પાય, ભાગ્યોદય કર્યું માહરૂં.

સત્યવતી—તું ખુશી છે તેથી હું ઘણો સંતોષ પામી છું. હવે હું જાઉં છું. તમે પણ બધાં ચાલો. બ્હેન પરણીને અખંડ સૌભાગ્ય ભોગવ એજ અંતર આશિષ છે.

ત્રણે સખીઓ—જેવી માજીની આજ્ઞા. (સર્વે જાય છે.)

પ્રવેશ ૧૩

સ્થળ—નૈષધદેશમાં ચંદ્રાંગદનો મહેલ

ચંદ્રાંગદ, તથા તેના બન્ને મિત્રો. પછીથી સિપાઈ.

ભાનુસિંહ—કેમ મિત્ર ચંદ્રાંગદ, આજ શું વિચારમાં પડયા છો? કાંઇ વાતચીત કર્યા સિવાય મૌન બેસી રહ્યા છો એ શું?

સૂર્યસિંહ—હા ભાનુસિંહ, તમે કહો છો તે ખરૂં છે. મારા મનથી પણ હું વિચાર કરતો હતો કે આજ આપણા મિત્ર કંઇક વિચારમાં છે.

ચંદ્રાંગદ—મિત્રો, તમે આજ બે જણા એક સંપે એકી નજરે અને એકજ વિચારે મારી વૃત્તિ જાણી લીધી કે શું? હોય ભાઇ, ભાનુ કહેતાં સૂર્ય અને સૂર્ય કહેતાં ભાનુ. એકજ અર્થ નામ એટલે અંતઃકરણ, વિચાર બુદ્ધિ, અને વૃત્તિ એકજ હોય તેમાં શું નવાઇ? વળી સર્વવ્યાપક એટલે પરઅંતરની વાત પણ જાણીજ શકો તો.

ભાનુ.—ત્યારે શું તમે ના કહી શકશો કે તમે વિચારમાં નથી?

સૂર્ય.—ભાઇ ભાનુ, આપણા મિત્ર હવે આપણાથી ભેદ

રાખે છે. પણ મન એક છે એટલે અંતર વ્યાધિ જાણીજ શકીએ. તમે નથી જાણતા કે તેમના લગ્ન મગધ દેશના રાજાની કુંવરી સીમંતિની સાથે થવાના છે.

ભાનુ.—હા, હા, ખરૂં. એ તો હું ભૂલી ગયો. ભાઇ હવે તેને મળવાને તો ઘણાજ થોડા દિવસ રહ્યા છે. ત્યારે હવે તો આનંદી થાઓ.

ચંદ્રાંગદ—મિત્ર, તમે તો મારી મશ્કરી કરવા માંડી. પણ ભાઇ, તમે જમી બેઠેલા તેને ભૂખ્યાંની બૂજ કયાંથીજ હોય ? ખરે પ્રિયમિત્ર, હવે મારૂં મન તો એ ચંદ્રમુખીને નીરખવાને બહુજ ઉત્કંઠિત થયું છે. અને અહોનિશ એજ વિચારમાં આ અધીરૂં મન દોરાયાં કરે છે.

સૂર્ય.—ખરૂં છે પ્રિયમિત્ર. રસિક ભ્રમર કમળનો સુરસ લેવાને હમેશાં ઉત્કંઠિત હોય છે. મિત્ર, તેને આપે કોઇવાર જોઇ છે કે? રૂપગુણ વિષે શી માહિતી છે?

ચંદ્રાંગદ—પ્રિય મિત્ર, મેં તેને જોઇતો નથીજ. પરંતુ તેના સુગુણ વિષે પ્રસંશા જેમ કસ્તુરીની સુગંધ સર્વ સ્થળે પ્રસરી રહે તેવી પ્રસરી રહેલી છે. એના ગુણનું વર્ણન જ્યારથી મેં જાણ્યુ છે, ત્યારથીજ મારૂં મન તેમાં રમી રહ્યું છે. તે પરમ કૃપાળુ પરમેશ્વરે મારાપર કૃપા કરી એ રત્ન મારે હસ્ત સુપ્રત કર્યું તેથી ન કીરતારનો આભાર થયો છે.

ભાનુ.—જેના ગુણની ગણના નથી, તેના રૂપમાં શું ખામી હોય ?

ચંદ્રાંગદ—મિત્ર, ખરૂં પૂછો તો હું તો રૂપ કરતાં ગુણને વધુ પસંદ કરૂં છું. રૂપથી મોહવાનું નથી. ગુણહીન ઘોળાં ગધે

ાં પણ હોય છે. તે કાંઇ શોભી નીકળે છે ? નહિજ.

સૂર્ય.—ખરૂં છે મિત્ર. સાધ્વી સ્ત્રી તેના શીલગુણથી જેમ સૂર્યના કીરણો શોભી રહે છે તેમજ દુનિયામાં દીપી રહે છે. અને રૂપવંતી દુરાચારી સ્ત્રી પોતાની કાંતિ સુંદર છતાં કલંકથી કુરૂપા થાય છે. તેથીજ રૂપ કરતાં ગુણની ગણના વિશેષ થાય છે.

(સિપાઇ આવે છે.)

સિપાઇ—મહારાજ, વંદન કરૂં છું. આ કાગળ મગધદેશથી બ્રાહ્મણ આવ્યો છે તેણે આપને આપ્યો છે. (કાગળ આપે છે.)

ચંદ્રાંગદ—(કાગળ લઇ હર્ષથી વાંચે છે.)

" શિરછત્ર વિદ્યાનિધિ પ્રાણાધાર પતિ,

ગુરૂ ગોવિંદના મહિનાનો રાગ. ૩૨

સ્વસ્તિ શ્રીરે નૈષધ દેશ સુંદર શોભેરે
જ્યાં સુગુણ વિભૂષિત ચંદ્ર મારો ઓપેરે ૧
નળકુળમાં નીપજ્યા નાથ સત્યના સાગરરે,
પૂરણ પુન્યેથી હુંજ પામી આ વરરે. ૨
હુ મગધદેશથી આજ સીમંતિની યાચુંરે,
સ્વીકારો મુજ પ્રણામ પાયે લાગુંરે. ૩
નવ જોયું તમારૂં મુખ સ્વપ્ને સ્વામીરે
અંતર આત્મા છો એક અંતર યામીરે. ૪
શુભ પૂર્વની પ્રમૃતથીજ અમૃત પામીરે,
સ્વીકારી પ્રીતિ મુજ લેજો સ્વામીરે. ૫
શુભ લગ્ન લીધું છે નાથ માહ મહિનામાંરે
છે વસંતપંચમી દિન પૂરો મહિમામાંરે ૬
મમ વસંત વિલાસી નાથ વહેલા વળજોરે

વેગે ચંદ્રાંગદ નાથ આવી મળજોરે ૭
રૂપ યૌવનને ગુણુ શીલ વિદ્યા નિધિરે,
પ્રભુએ સોંપ્યો શુભ નાથ કૃતારથ કીધીરે ૮
શુભ સુખડ કસ્તુરી વાસ, સઘળે બહેકેરે
તેમ શુભ ગુણુ કેરી નાથ સરિતા વહે છેરે ૯
નિજ દાસી ગણીને દોષ સુધારી લેજોરે
વિરહાગ્નિ કેરૂં દુઃખ નિવારી દેજોરે ૧૦

ચંદ્રઉદયની રાહ જોતી બેઠેલી પ્રેમી ચંદ્રિકા
સીમંતિનીના પ્રણામ આપના
ચરણુ કમળમાં નિવેદન થાઓ."

મિત્રો, આ કાગળથી મારૂં મન ખરેજ વ્યાકુળ થઇ ગયું છે. જેમ બળતામાં ઘૃતધારા થવાથી વધારે પ્રજ્વલિત થાય, તેમજ તેના પ્યારરૂપી ઘૃતધારાએ આ મારા અંતરના કામાગ્નિને પ્રદિપ્ત કર્યો છે, શુ તેની લખવાની રીતિ ! શું તેની પ્રીતિ અને શું તેની નીતિ ? આ પત્રના લખાણથીજ જણાઇ આવે છે.

ભાનુ—મિત્ર, વળી અક્ષર પણુ કેવા સુંદર છે ? એવી સદ્દગુણી અર્ધાંગના મળવાથી જેવા તમે સુખી થશો તેવાજ અમે તમારા મિત્રો ખુશી થઇશું.

સૂર્ય—ભાઇ, એમાં શો સંદેહ ? હવે આપણે મગધદેશ જવાની તૈયારી કરવી શરૂ કરો. હવે તો એક અઠવાડિયું પણુ નથી. કેમ મિત્ર, અમને સાથે તેડી જશો કે નહિ ?

ચંદ્રાંગદ—મિત્રો, તમારા વિના મને ઘડીએ ચાલે તેમ નથી. મારા વિયોગી પીડાતા મનને તમારા પ્રેમાળ અને શીતલ

વચનોરૂપ સ્વચ્છ જળથી શાંતિ વળે છે. નહિ તો આ અધીરૂં મન તદ્દન ગાંડુંજ બની જાય.

ભાનુ—ભાઇ પ્રેમ એવોજ છે. પ્રેમમાં કયો માણસ ગાંડો નથી થયો ? મોટા મુનિવર પણ પ્રેમથી ગાંડા બની તપથી ચલિત થયા છે. મહેશ્વર પણ ભીલડીરૂપે પાર્વતીના પ્રેમમાં તપ ચૂકયા છે. અને બ્રહ્મા પણ ફકત પાર્વતીનું અંગુષ્ટ જોઇ વ્યાકુલ થઇ શંકરના ક્રોધને પાત્ર થયા છે. તો ભાઈ આપણે મનુષ્ય જાત મોહને વશ થઇએ તેમાં શું નવાઇ જેવું છે ?

ચંદ્રાંગદ—પ્રિય મિત્ર, ચાલો આપણે જરા ખુલ્લી હવામાં ફરી આવીએ. વળી જવાનો સમય પાસે આવશે એટલે સર્વ સામગ્રી કરાવવામાં ફરવા જવાનો વખત મળશે નહિ. કેમ સૂર્યસિંહ, તમારી શી ઇચ્છા છે ?

સૂર્ય—હા ચાલો. જરા ખુલ્લી હવાથી શીતલ પવનની લહેરથી, મિત્ર ચંદ્રાંગદ, તમારા મનને પણ જરા શાંતિ થશે. ચાલો જરા ફરી આવીએ.

ચંદ્રાંગદ—પણ મિત્ર, આ કાગળનો જવાબ લખી લઉં અને પછી આપણે જઇએ, કેમકે ત્યાંથી આવનાર જોશી પાછા કાલેજ જવાના છે.

સૂર્ય—હા મિત્ર, એ કામ પહેલું કરીલો. પછી આપણે જઇએ.

ચંદ્રાંગદ—એમજ કરૂં છું. (કાગળ લખે છે અને અનુચરને આપે છે. પછી સર્વે જાય છે.)

પ્રવેશ ૧૪

સ્થળ—સીમંતિનીનો મહેલ.

સીમંતિની, પછીથી માલવિકા અને ચતુરિકા.

સીમંતિની—(મનમાં) અહો કીરતાર, તેં મને આ ભવમાં સદ્‍ગુણી ભરથાર આપી કૃતાર્થ કરી. તેમજ હે દીનાનાથ, હવે તું નિરંતર સહાય કરજે. જેમ પાંડુ પુત્રોને લાક્ષા ગૃહમાંથી ઉગાર્યાં, તેમજ આ મારી દશાના ગૃહથી ઘેરાગેલા નસીબની સહાય કરી, મારા સ્વામીને ચિરંજીવી કરજે. હે દીનદયાળ, હું તો તારેજ શરણે છું. હે ભક્તવત્સલ ભગવાન, જેમ સર્વ ભકતોને સહાય કરી તેમ હું દીન બાળકી ઉપર નિરંતર કૃપાળુ થજો. (ચોંકીને) અરે, મેં તો વિચારમાં ને વિચારમાં આ નૈષધ દેશથી આવેલી પત્રિકા, જે મને જોશીએ આપી છે તે, મહેલમાં આવી વાંચવાને વિચાર કરેલો અને તે ગજવામાં મૂકેલી. પરંતુ અત્યાર સૂધી તે વાંચી શકી નહિ. હું કેવી બેભાન ! કે પ્રાણનાથે પ્રીતિ ભર્યો પત્ર મોકલ્યો પણ મને વાંચવાનું જરા યાદ પણ રહ્યું નહિ. હે પ્રભુ, એ ભૂલની તું મારા પતિ પાસે ક્ષમા અપાવજે.

(પત્ર વાંચે છે.)

" પ્રિયા સીમંતિની,

શિખરિણી ૩૩

સુગુણા વ્હાલીનું, કમળ મુખ કાંતિ શશિ સમી,
નિહાળું હું કયારે, નિશદિન રહ્યો આતુર બની;
પ્રીતિ પત્રે વ્હાલી, મનમથ થયો મસ્તજ અરે,
લીધો ઘેરી કામે, નથીજ મનશુદ્ધિ રહી ખરે. ૧

અહો વ્હાલી તારા, ઉર કમળ વિના ભ્રમર આ,
નહિ જાયે બીજે, અવર સહુ પુષ્પો ગણી વૃથા;
વસુ પત્ની મારી, શશિરૂપ વસ્યો આ તુજ મને,
મળું વેગે આવી, તુજ રસ પીવા આતુર બને. ૨

ખરે પ્રિયા, તારા પ્યારના આકર્ષણે આ મારા હૃદયના હંસને તેં તારા પવિત્ર સરોવરમાં નિર્મળ નીર. પીવાને રસિક પ્યારરૂપી રસીથી ખેંચી લીધો છે. પ્રિયા, તારા પ્યારરૂપી અમૃતનો પ્યાલો પીવાને આ મારૂં ઉત્કંઠિત હૃદય તલપી રહ્યું છે.

માલિની ૩૪

હૃદય કમળ તરસે, નિર્મળું તુજવારી,
તલપિત જીવ થાયે, તે પીવા પ્રાણ પ્યારી;
શરીર અહિંજ મારૂં, હંસ છે તુજ પાસે
સરસ રસ રસીએ, ખેંચ તું પ્રેમી પાસે. ૧
સુઘડ રસ પીવાને, પ્રીત પ્યાલો ધરીને,
નિકટ નિકટ આવું, વ્હાલ વેગે કરીને;
નથી નીરખી નયને, દીલ ધારેલી આપી,
પૂરવ ભવની પ્રીતે. ઇશ ત્રુટ્યા અમાપી. ૨

પ્રિયા, ખરેજ આ ચક્ષુએ નીરખી નથી, તો પણ જેમ ચંદ્ર પોતાના કીરણોથી પૃથ્વીનો રસ આકર્ષી લે છે, તેમજ હે પ્રિયા, તારો નિર્મળ પ્યાર મારા અંતઃકરણને આકર્ષી તારા તરફ ખેંચી લે છે. જેમ સૂર્યના કીરણો પૃથ્વીપર પ્રસરી રહ્યાં છે, જેમ કસ્તુરીની સુવાસ કદી પણ ઢાંકી રહેતી નથી, તેમ તારા સદ્ગુણની સુગંધી કીર્તિના કીરણો પ્રસરવાથી, આ મારૂં મન મોહિત થયું છે, ખરે, પરમ કૃપાળુ પરમેશ્વરનો હું મારા અંતઃકર

સુથી આભાર માનું છું કે જેને હું મારી અર્ધાંગના કરવા ધારી રહ્યો હતો તેજ સગુણ સુંદરી, પ્રીતિની પદ્મિની, તે કીરતારે મને આપી તો હે પ્રિયા, હું તે ઇષ્ટ દેવનો ઉપકાર માનું છું, તને મળવા ચાહું છું અને હવે સત્વર આવવા તત્પર થાઉં છું.

તારો હૃદય કમળમાં પૂરાયેલો ભ્રમર

ચંદ્રાંગદ

અહા શું સુંદર રસિક કવિતા લખી છે! ખરે પ્રાણનાથ, તમારા પવિત્ર પ્રેમનો ચિતાર આબેહુબ આ પત્રદ્વારા દર્શાવી મારા મનની અધીરતાને ઉસ્કેરી છે. સ્વામી, હું ધારૂં છું કે જો પાંખ હોય, જો દૈવી શક્તિ હોય, તો ખરેજ હું ત્વરાથી આપનું દર્શન કરૂં. હે નાથ, જેમ મહેશ્વરને વરવા માટે પાર્વતીએ તપ આદર્યો હતો તેમ, હે સ્વામી હું તમને મળવાને તમારા નામ રૂપી તપ આ હૃદયરૂપી વનમાં માંડી બેઠી છું.

(સખીઓ આવે છે,)

માલવિકા—સખી સીમંતિની, શેનો તપ આદરી બેઠી છે? હવે તો ચંદ્રને પામી; બેન, ગણ્યા દિવસોમાં હવે તેનો પ્રકાશ થશે.

ચતુરિકા—સખી સીમંતિની, ચંદ્રના કીરણે તો તારા મનનું ખરેજ આકર્ષણ કરી લીધું જણાય છે. કેમકે તું હાલમાં એજ ચંદ્રના વિચારગૃહમાં વાસો કરી રહી છે.

સીમંતિની—સખીઓ, તમારે હમણા મારી મશ્કરી કરવાનો સમય છે. તે જે કહો છો તે માથે ચડાવું છું. પણ બહેન, ખરેજ હવે તો એક દિવસ એક વર્ષ સમો નીકળે છે.

માલવિકા—સખી, હવે બહોત ગઇ, થોડી રહી. આજે

જોશી આવ્યા તે કહેતા હતા કે જાન હવે નીકળી ચૂકી હશે. એટલે એક બે દિવસમાં આવવા જોઇએ.

સીમંતીની—હા સખી, તે હું જાણું છું. અને મારા સ્વામીનાથે મારા પત્રનો જવાબ પણ લખી મોકલ્યો છે. જે વાંચીને હું હર્ષ ઘેલી બની જઇ એકલી વીચાર કરતી બેઠી હતી.

ચતુરિકા—સખી માલવિકા, જોયું કે? અત્યાર સુધી આ વાત તો આપણી સખીએ કંઇ કરીજ નહી. રખેને આપણે કાગળ વાંચી કોઇને કહી દઇએ!

સીમંતીની—સખી ચતુરિકા, આ પ્રેમ પત્રિકાએ મારા મનને અસ્થિર બનાવી દીધું છે. મારા ચંદ્રના કીરણોએ આ મારા હૃદય કમળના રસને પોતાની તરફ ખેંચી લીધો છે. આ મારો હૈયાનો હંસ ચંદ્રના હૃદયરૂપી નિર્મળ સરોવરમાં પ્યાર રૂપી પાણી પીવા ઉડી ગયો છે. બહેન, તેથી હું તો શૂન્ય બની છું (કાગળ ધરે છે) લ્યો સખી વાંચો. તમારાથી કશું ગુપ્ત રાખવાનું નથી.

માલવિકા—(કાગળ વાંચીને) સખી ચતુરિકા, પત્ર તો ઘણો વિનયી, પ્રેમાળ અને ઉત્કંઠિત કરે તેવો છે હો!

ચતુરિકા—ખરેજ, આપણી સખીનું મન વ્યાકુલ થાય તેમાં જરાએ હાસ્યજનક નથી. પ્યારનું આકર્ષણ ખરેજ અનહદ છે.

માલવિકા—બહેન સીમંતિની, હું તો વાતમાં ને વાતમાં કહેવું ભૂલી ગઇ. હું અને ચતુરિકા તને તેડવાનેજ આવેલાં છીએ.

ચતુરિકા—હા સખી, માતાજીએ કહ્યું કે હવે સીમંતિનીનો લગ્ન દિવસ પાસે આવ્યો છે, તે તમે ત્રણે સખી હવે અહિ

સાથે રહેજો. તેથી અમે તે તને કહેવા આવ્યાં છીએ.

સીમંતિની—ચાલો સખી, માતાજી કહે તેમ કરવું જોઇએ.

[સર્વે જાય છે.]

પ્રવેશ ૧૫

સ્થળ—રાજાની કચેરી, લગ્ન મંડપમાં.

રાજા ચિત્રવર્મા તથા રાજાઓ, સખી સહિત સીમંતિની વગેરે, ચંદ્રાંગદ અને તેના મિત્રો

ચિત્રવર્મા—પ્રધાનજી, લગ્નની તૈયારી સહુ યથાવિધિ કરી રાખી છે કે?

પ્રધાન—મહારાજ, જોશી મહારાજે દર્શાવ્યા પ્રમાણે સહુ વ્યવસ્થા થઇ ગઇ છે.

જોશી—મહારાજ, પ્રધાનજી કહે છે તે બરોબર છે. હવે વરકન્યાના હસ્તમેળાપની ઘડીઓ માંડીને બેઠો છું. સમય થયે નિવેદન કરીશ.

ચિત્રવર્મા—પ્રધાનજી, સર્વ રાજ મંડળનું મન રંજન કરવા અર્થે વારાંગનાનો નાચ કરાવો.

પ્રધાન—જેવી આજ્ઞા, મહારાજ. પ્રતિહાર, વારાંગનાને બોલાવો જલદી.

પ્રતિહાર—બહુ સારૂં પ્રધાનજી. (વારાંગના આવે છે)

વારાંગના—મહારાજ, નમન કરૂં છું.

પ્રધાન—તમારૂં ગાયન શરૂ કરો.

વારાંગના—(ગાય છે.)

નંદકુંવર તોરે નેના રસીલા સખી જાદુ ભરેરે—એ રાગ ૩૫

નંદકુંવર તોરી વીણા રસીલી સૂણી આવ્યાં અમો, આવ્યાં અમો,
વીણા વગાડી વહાલે, મોહ લગાડયો સૂણી.
વસંતના વેશે તમો, મુજ વિહારી નંદ
કેશુડાના રંગથી, રમો તમો મુજ કંથ
નગીના તમો આવ્યાં અમો-આવ્યાં અમો. નંદકુંવર ૧.
અબીલ ગુલાલ ઉડે બહુ, વ્રજ વનિતાનો બહાર,
ફાગ રમે વ્રજનારશું, નટવર નંદનો લાલ
નગીના તમો આવ્યાં અમો-આવ્યાં અમો. નંદકુંવર ૨.
વૃંદાવનની કુંજમાં, પક્ષી કરે કલોલ,
રૂમ ઝુમ નાચે રાધિકા, જેમ કળાયલ મોર. નગીના-નંદકુંવર ૩.
રમવા રજની છે કરી, ચાર માસની એક
રાસ રચ્યો રસીયા તમે, લઇ રૂપ અનેક. નગીના-નંદકુંવર ૪.
ઝણુણુણ ઝાંઝર વાગતાં, ઠુમ ઠુમ ઠમકત ચાલ,
શરદ ઋતુની જામિની, તમે વાતા તાલ તમામ. નગીના-નંદકુંવર ૫.

સર્વ સભાસદો—વાહ વાહ, બહુ સારૂં ગાયન છે.

ચિત્રવર્મા—પ્રધાનજી, આ વારાંગનાઓને લગ્ન પ્રસંગ નિમિ-તે દરમાયા ઉપરાંત ખુશી કરો.

પ્રધાન—મહારાજ, જેવી આજ્ઞા (વારાંગના જાય છે.)

જોશી—મહારાજ, લગ્ન ઘડી પુરી થવા આવી છે, તેથી હવે સીમંતિની બાને બોલાવો.

ચિત્રવર્મા—પ્રધાનજી, જોશી મહારાજ કહે છે તે ધ્યાન માં લ્યો અને તે પ્રમાણે સર્વને બોલાવો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ, જેવી આજ્ઞા.

(સ્ત્રી મંડળ ગાતું ગાતું આવે છે. સીમંતિનીના હાથમાં વરમાળ છે.)

ગીત. ૩૬

મહાવર તોરણે આવ્યા રે, ઇશ્વર તોરણે આવ્યા રે.
ચન્દ્રાંગદ કુંવર તોરણે આવ્યારે.
થાળ ભર્યાં છે મોતીએ, ચુવા ચંદન સાર
મંડપમાં સીમંતિની, આરોપે વરમાળ.
સત્યવતી માજી ફૂલડીએ વધાવોરે,
આજ મારે આનંદનો છે દહાડોરે.
લાડકડીને સાસરીએ વળાવોરે.

જોશી—(વરકન્યાના હસ્ત મેળાપ કરાવી)

આશાગોડી ૩૭

સમય વર્તે સાવધાન, બોલો તમે સમય વર્તે સાવધાન.
હવે અંતર છે એકજ પળનો, આરોપવા વરમાળ. બોલો ૧
ચંપક વર્ણીને ગજ ગામિની, ભામિની ભાનુ સમાન. બોલો ૨
વરમાળા તો ક્યારે આરોપશે, મળશે આ જોશીને દાન. બોલો ૩
સ્વામી સુલક્ષણો ભાનુ છે પ્રગટયો, તેજ તે દીપ સમાન. બોલો ૪
જુગલ આ ઉત્તમ સુજન લાગે, સીતારામ સમાન. બોલો ૫
આરોપો બે'ની માળ હવે તો, મુહૂર્તને ધ્યાની માન. બોલો ૬
રૂમઝુમ રૂમઝુમ ઠમકતી ઠુમઠુમ, સરર સરાવી વરમાળ બોલો ૭

(સીમંતિની વરમાળ આરોપે છે. હર્ષની તાળીઓ પડે છે.)

સખીઓ—(ગાય છે.)

હાલો હાલો હાથણી શણગારોરે—એ રાગ ૩૮

રાય રાણા હાથણી શણગારોરે
સીમંતિની બે'નને સાસરે વળાવોરે

આજ મારે આનંદની છે હેલીરે
વરકન્યા જોઇને થઇ છું ઘેલીરે. (સર્વે જાય છે.)

પ્રવેશ ૧૯.

સ્થળ—સીમંતિનીનો મહેલ.

સીમંતિની તથા ચંદ્રાંગદ; પછીથી તેના મિત્રો.

સીમંતિની—મારા શિરછત્ર, આપના જેવા સ્વામી મળવાથી હું આજ ઘણી કૃતાર્થ થઇ છું.

ચંદ્રાંગદ—હા મારી વહાલી. મારી પણ ઘણા દિવસથી ઉત્કંઠા હતી કે આ રત્ન કયારે હસ્ત કરૂં ? પરમ કૃપાળુ પરમેશ્વરે આજે તે પાર પાડી છે. ચાલો આપણે રસિક ભુવનમાં રમણિય બાગમાં જરા હવા ખાઇએ.

સીમંતિની—ચાલો સ્વામીનાથ.

ચંદ્રાંગદ—પ્યારી, આ કુંડાઓમાં વિધ વિધ પ્રકારના ઝાડો અને વેલીઓ રોપી દીધી છે તે બહુજ સુંદર લાગે છે. વસંત ઋતુમાં ઝાડોની શોભા અપૂર્વજ આનંદ આપે છે.

સીમંતિની—હા પ્રાણનાથ, આ ચંપેલી તેના ચંપાના છોડ સાથે કેવી શોભી નીકળે છે ? અને આ સુગંધી કેવડા ઉપર ભ્રમર ગુંજારીજ રહ્યા છે. સ્વામી, વસંત ઋતુમાં મોગરો, ગુલાબ, કેશુડાં એ ઘણાંજ રળિયામણાં દીસે છે, ખરેખર !

ચદ્રાંગદ—વહાલી, એકાદ સુંદર હોરીનું ગાયન કરી મનને આનંદ આપ.

સીમંતિની—જેમ સ્વામીનાથની આજ્ઞા.

હોરી ૩૯

કેવી ખીલીવસંત રસાળી; રસાળી, રસાળી—કેવી ખીલી વસંત રસાળી.
નવ પલ્લવ ખીલી છે કેવી, ધરણી થઇ છે રસાળી
શરદ નિશાએ શ્વેત બિછાનું (૨) લીલા પલંગપર ધારી
વિધવિધ રંગ લગાવી. કેવી. ૧
ભર્યું સરોવર સુંદર તેમાં, પંકજ પુષ્પ પ્રકાશી,
ભ્રમર કરે ગુંજારવ તેપર, (૨) મધુર મીઠો રસ પ્યાસી
કમળ રહ્યું મુખ વિકાસી. કેવી. ૨
નાના વિધના પુષ્પો સુગંધી, આજ રહ્યાં બહુ ખીલી
જાઇ જુઇ વળી મોગરો જાસુસ, (૨) રંગ ભીની છે ચંપેલી
ચંપા સંગ રંગ ભીનેલી. કેવી. ૩
રાય ગુલાબતણી ગુલદાઉદી, રંગ ભીની સંગ સ્વામી
શૃંગારના સુખમાં નથી ખામી (૨) પૂરણ પુન્યથી પામી
ચંદ્ર આ ચંદ્રિકા સ્વામી. કેવી. ૪

(ચંદ્રાંગદના બન્ને મિત્ર આવે છે.)

ભાનુ / **સૂર્ય**—કેમ પ્રિય મિત્ર, હવે તો સુખની લહેરમાં ક્યાંથી આપ મિત્રને યાદ કરો ?

સીમંતિની—ભાઇઓ, એ બોલવું આપને ઘટતું નથી. પહેલાં દાંત હોય કે જીભ ?

ભાનુ—દેવી સીમંતિની, હોય તો જીભ, પરંતુ મારા મિત્રને નવા દાંત મળવાથી જીભને કદી વિસરી જાય તો કોણ જાણે ?

ચંદ્રાંગદ—કેમ મિત્ર ! આવા અદેખાઇના વચનો બોલો

છો ? તમારે પણ દાંતતો આવેલાજ છે કે નહિ ? મિત્રો આજ તો મારી એવી ઇચ્છા છે કે આજ આપણે યમુના નદીને કિનારે ફરવા જઇએ. કેમ પ્રિયા, તારી રજા છે ?

સીમંતિની—હા સ્વામીનાથ, પધારો પણ વહેલા આવજો. મને હવે આપ વિના ગમશે નહિ.

સૂર્ય—ચાલો મિત્ર, આપણે જલદી આવીશું. દેવી સીમંતિની, રજા આપો.

સમંતિની—(ચંદ્રાંગદને) પધારો સ્વામીનાથ. હું પણ આજે સોમ પ્રદોષ છે તો પૂજન કરવા બેસું છું.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૧૭.

સ્થળ—સીમંતિનીનો મહેલ

સીમંતિની તથા ચંદ્રાંગદ

ચંદ્રાંગદ—પ્રિયા, કાલે અમે ફરવા ગયા હતા, ત્યાં યમુના નદીમાં નાવ મૂકી ફર્યા. તે એવું તો રમણિય લાગ્યું કે જાણે મહાસાગરમાં મોટા વહાણમાંજ બેઠા ન હઇએ ! અને મનને બહુજ આનંદ આવ્યો.

સીમંતિની—પ્રાણનાથ, એ નદી ઘણી વિશાળ છે. જેવી વિશાળ છે તેવીજ પવિત્ર ગણાય છે. આપનું મન આનંદ પામે તેવુંજ એ સ્થળ છે. પરંતુ પ્રાણનાથ, આપ એ જળ વિષે બીન ધાસ્તીએ ફરો છો તે મને બીલકુલ ગમતું નથી. ખરે, મને તો બીક લાગે છે, કે રખેને નુકશાની પહોંચે. માટે મારી વિનંતી

એજ છે કે નાવમાં બેસી ફરવું નહિ.

ચંદ્રાંગદ—વહાલી, એમાં બીક શું ? એમ બૈરાંની માફક અમે પુરૂષો વહેમી અને બીકણુ થઇએ, તે કેમ પાલવે ? મેં તો આજે પણ ચાર વાગે ફરવા જવા ઠરાવ કર્યો છે. અને મારા મિત્રોને કહી આવ્યો છું કે હું તમારે ઉતારે આવીશ અને પછી આપણે ફરવા જઇશું.

સીમંતિની—પ્રાણનાથ, કાલે તો મારે પૂજન સમય હતો તેથી આપ સીધાવ્યા તે ઠીક, પણ આજ તો આપ જશો, તે મને ગમશે નહિ. આપ ઘડીક દૂર રહો છો ત્યારે મને જરાએ ચેન પડતું નથી. એક ઘડી વર્ષ જેવીજ થઇ પડે છે. પ્રાણનાથ, આજ તો હું જવા નહિ દઉં.

ચંદ્રાંગદ—શાણી પ્રિયા, આમ હઠ કરવી તારા જેવી સુજ્ઞ, શાણી અને જ્ઞાનીને ઘટે છે ! ના નહિજ.

સીમંતિની—પ્રાણનાથ, હું બીજા કશા સારૂ હઠ કરતી નથી. પણ આપ જ્યારથી જવાની વાત કરો છો, ત્યારથી મારૂં જમણું ચક્ષુ ફરકી અશુભ શુકન સૂચવે છે, તેથી હે સ્વામી, આજનો દિવસ વીતી જતાં આપની ઇચ્છાનુસાર કરવું.

ચંદ્રાંગદ—પ્રિયા, તું આવી વહેમી ક્યાંથી ? એમાં શુકન અને અપશુકન શું ? પુરૂષોને તો હરેક વખત કામગીરી હોય અને જવું જોઇએ. તો એવો વહેમ શા કામનો ?

સીમંતિની—સ્વામીનાથ, આપનું કહેવું યથાર્થ છે. પરંતુ ખરૂં કારણ તો એ કે હું આપનો વિરહ સહન કરી શકતી નથી. જરૂરી હોય તો તો છૂટકો નહિ. પણ આ તો અમસ્થું નજીવું ફરવાનુંજ કામ છે, માટે હે સ્વામી

રાગ પ્રભાત ૪૦

નહિરે જાવા દઉંરે તમને નહિરે જાવા દઉંરે
શિરછત્ર સ્વામી મારા નહિરે.
વિરહ આપ કેમ થાય, સ્વામી ના સહેવાય,
પ્રાણના આધાર વિના પલક ના રહુંરે શિરછત્ર. ૧
મીનનું જીવન નીર જાણો, તેમ પ્રાણ મારો
અળગા થાઓ નાથ તે તો શી રીતે સહુંરે. શિરછત્ર. ૨
જળ કમળ પ્રીત જેવી, ચકોરીને ચંદ્ર તેવી
તમ હૃદય કમળ પ્રીત તેવી, રાખો સ્વામી કહુંરે. શિરછત્ર ૩
ભ્રમર કમળમાં પૂરાય, સુવાસ લેતો ના ધરાય.
પ્રીત ધ્યેનમાં ઘેરાય, સત્ય સ્વામી કહુંરે. શિરછત્ર ૪
ભ્રમર પ્રાણ મારો નાથ, આપ હૃદય કમળ સાથ
પ્રીતની સુવાસ લેતાં, ચરણ શરણ ચહુંરે. શિરછત્ર. ૫
રવિ તેજ ધરા માંય, શીતળતા શશિથી થાય,
મેઘ જળ પીવાને ચાય, ચાતક ચિન બહુરે. શિરછત્ર. ૬
તમે મારા ચક્ષુ તેજ, તમે શાંતિ શશિ નેજ
તમે જીવન મેઘ મારા, હું ચાતકી ચહુંરે. શિરછત્ર. ૭
જાવા કહો ન મુજ નાથ, કહું છું જોડી હાથ
હરિસુખ આપનું હું, દૂરના રહુંરે. શિરછત્ર ૮

ચંદ્રાંગદ—પ્રિયા, આમ ઘેલી શું બને છે? તારા અનહદ પ્યારથી મારૂં મન વશ થઈ ગયું છે. વહાલી, આજ તો જવા દે. કેમકે મિત્રોને આશા આપી છે, તેથી તે રાહ જોતા હશે ન જાઉં તો ખોટો ઠરૂં, પ્યારી. તું સમજુ છે માટે રજા આપ.

માલિની. ૪૧

શશિ વદની તું શાણી, વાણી તારી મધુરી

શીલ ગુણ શુભ ધારી, ચિત્ત ધારો સબુરી
પલક જઇ હું પાછો, આવું છું પ્રાણ પ્યારી
વચન મુજ ખરૂં છે, દે રજા તું વિચારી.

સીમંતિની—પ્રાણનાથ, આપના અતિ આગ્રહથી હું લાચાર છું. વળી આપનું મન દુભવી મારે પ્રીતિમાં નિમગ્ન રહેવું એ મારો ધર્મ નહિ. તેથી લાચારીએ રજા આપું છું, સ્વામી; પણ

પિયુ મારા વચને પળજોરે—એ રાગ. ૪૨

શિરતાજ વચને પળજોરે, મુજ ચંદ્ર વહેલા વળજો.
પ્રાણ આધારા પ્રિતમ મારા, વેગેથી આવી મળજોરે. મુજ ચંદ્ર ૧
દક્ષિણ ચક્ષુ મારૂં ફરકે, જળ ક્રીડા ના કરશોરે, મુજ ચંદ્ર ૨
અબળા જાતિ હું વહેમાતી, વિરહને વેગે હરજોરે. મુજ ચંદ્ર ૩
શુકન જોઇ સીધાવો સ્વામી, શંકર સાહ્ય કરજોરે. મુજ ચંદ્ર ૪

ચંદ્રાંગદ—પ્રિયા, હવે વખત થઈ ગયો છે. હું જાઉં છું. અને જલદીથી પાછો આવીશ.

સીમંતિની—પધારો સ્વામીનાથ, વહેલા આવજો. હું માતાજી પાસે જવાનો વખત થયો છે તેથી ત્યાં જાઉં છું.

(બન્ને જાય છે.)

પ્રવેશ ૧૮

સ્થળ—યમુના નદીનો કાંઠો

ખલાસીઓ, પછીથી ચંદ્રાંગદ અને તેના મિત્રો તથા સિપાઇઓ.

માલો—અલ્યા હે વાલા હે અલ્યા સતુરીયા, કેહરડા હે,

અલ્યો કો સાંભળો સો કે ? આપડી લખુડી ભાત દેવા આવીસે. હાલ્ય. હાલ્ય.

વાલો—અલ્યા માલીયા, મારવાડના મઉ જેવો ખાઉ ખાઉંજ કરી રીયોસે ! જરા ધેમો પડ ધેમો.

ચતુરયો—અલ્યા આયો, આયો, બધા લાગ જોઇ ખાઇ નોખે જાતા. મુને કામ સે કામ.

કેસરડો—અરે માલીયા હો, હાલ્ય વેલો, ખાવાની વાતો પસે કરજે. આ નાવડું ભાંગી ગીયું સે તે હમુ તો ચર્ચ;

માલો—અરે નાવલું બાવલું પસે. હમણા તો પેટનું પાણું ભરવા હાલ્ય હાલ્ય હાલ્ય.

કેહરડો—તમે તમારે જમી લીયો. હું તો મારી મીઠડી આવહે તારે ખાવા.

લખુડી—લો, હું તો આ હાલી. ચેટલો ખોટીપો કરૂં જો ! મારા પીટયા કોઇ વાતનું ઠેકાણુંજ પાડતા નથી તે.

(મીઠડી આવે છે.)

મીઠી—કેમ હઉ કલબલાટ કરી રીયા સોને સું ? આ ઘડીએ રાજાની અસવારી આવેસેને.

વાલો—અલ્યા હાલો હે. સઉ ભેગું થયું સે. જમી લીયો.

લખુડી—કેહર, રાજાની અસવારી કેવી અટાણે ? કહે તો ખરો.

મીઠી—અલ્યા ઓ, આપણા રાજાજી સેને. તેના જમાઇ ફરવા નીકળ્યા સે. તે અટાણે અહિં આવસે.

કેહરડો—મીઠડી, તું ચ્યાંથી જાણું અલી ?

મીઠડી—હું રસ્તે ચાલી આવતીતી તે રસ્તામાં સઉ વાતો કરેસે જે નદીએ જઇએ. સમજયો પીટયા ? હાલ્ય, ખાઇ લે.

કેહરડો—જો રાંડ, તારી વાટ જોતો તો ટાણેચે? હાલો જમો.

જીવને શ્વાસ તણી સગાઇ—એ રાગ. ૪૩

જમો જુગતીએથી ભાઇ આપણે બધું જાણુ ખાઈ.
ચકર મોટા પથર જેવા, ઘીનું ન મળે નામ.
ખીચડી તો ખદખદતી લાવી, જાણે કાચી તમામ. જમો ૧
થાળી તો થેપલાની આણી, તાંસળી ના મળે નામ,
ગોળી તો જમનાની કીધી, હઉ બુડી મરીએ તમામ. જમો ૨

ખલાસીઓ—અલ્યા કેહરડા, નખરાં કરતો જમીલે જમીલે. જો હેલ્યા આવે તારા બાપા. (સૌ જમી લે છે. ત્રણે મિત્રો આવે છે.)

ખલાસીઓ (સૌ સાથે)—

બંધ કીલો બાપુજી શું કામ—એ રાગ. ૪૪

છાએબ છલામ છલામ છલામ.
આંહી છીએ હઉ ગુલામરે—છાએબ.

મિત્રો—અલ્યા વનચરો, શું કામ કરશો?

ખલાસીઓ—કહો તો જમનાગાં ડુબચી મારહું
તરહું અમો તમામ.
હુકમ કરો તો હોડીયું હંકારીએ,
ફેરવસું નદી તમામ. છાએબ.

ભાનુ.—ચાલો ભાઇ, આજ તો આપણે નાવમાં બેસી થોડે ફરીએ.

સૂર્ય.—હા મિત્ર, ગમત બહુ પડશે.

ચંદ્રાંગદ—ચાલો ત્યારે, અલ્યા ખલાસીઓ, બરાબર નાવનું હંકારી જાણો છો કે?

કેહરડો—હોવે એમાંસું પુસવું પડે? જરા વાંકું કરી ઉંધું

વાળી દીએ.

ચંદ્રાંગદ—આ વનચર જેવા રખેને કંઈ બૂડાડે.

માલો—હાલો, બાપા હાલો. એ કેહરડો તો અડધ પાંસળી યો સે. બીઓમા

(સૌ નાવમાં બેસે છે. ફરે છે. ખૂબ પવન વાય છે.)

ખલાસીઓ—એ જ્યા જ્યા જ્યા જ્યા જ્યા. બૂડયા બૂડયા આ આ આ— (નાવ બૂડે છે.)

પ્રવેશ ૧૯

સ્થળ—રાજમાર્ગ

સિપાઇઓ.

રેમાન—ભાઇ મછવો બૂડયો. હવે શું કરશું ? ઘેર જઇ શું જવાબ દઇશું ?

અલી—ભાઇ રેમાન, બહુ બૂરૂં થયું. આપણા કાળાં મોં થયાં. રાજાના રંગમાં ભંગ થયો.

અભરામ-- હા ભાઇ હા, પરણ્યા ને તરતજ મૂઆ.

જીવો—અરે ભાઇ, આપણા સીમંતની બાની શી દશા ?

ખીલાલ—બૂરી ભાઇ બૂરી. આપણે તો ઘણાએ તારા મૂકયા. બૂડકીઓ મરાવી પણ ફાંફાં.

અલી—ભાઇ પ્રભુ રૂઠયો ત્યાં આપણે શું કરીએ ?

રેમાન—એ તો ઠીક. પણ અત્યારે રાજાજી તો સૌને ઇનામો આપવા બેઠા હશે. લગનના શીરપાવ આપવા છે તે બાકી રહેલાને આજ આપે છે.

અભરામ—તેવી ખુશાલીમાં આ બૂરી ખબર કોણ આપવા જશે? હું તો નહિ જાઉં.

જીવો—કંઇ ચાલવાનું છે? પ્રભુએ એવું કર્યું ત્યારે. અક્ષાની મરજી.

બીલાલ—કોઇ નહી જાઓ તો હું જઇશ. એ કંઇ છાનું રહેવાનું છે? અરે રાજાજીના મનને કેવું લાગશે? ખરેજ આપણે કાળ જેવા લાગીશું. પ્રભુ તેં આ શું કર્યું? ચાલો, ભાઇ, ચાલો, છૂટકો નથી. (સર્વ જાય છે. પડદો પડે છે.)

અંક બીજો

પ્રવેશ ૧.

સ્થળ—રાજ્ય મહેલ, રાજાની કચેરી

ચિત્રવર્મા, પ્રધાન વિગેરે. પછીથી સિપાઇઓ.

ચિત્રવર્મા—પ્રધાનજી, લગ્ન તો નિર્વિઘ્ને પસાર થયાં. આજ બે દિવસથી ચંદ્રસેન પણ જાન લઇ સીધાવ્યા છે. હવે આપણે ભાટ ચારણો વિગેરેને જેને જેને ઇનામ આપવાનાં હોય તેને અપાવી દો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ. જેમ આજ્ઞા. ઘણાં ખરાં તો અપાઇ ગયાં છે. હવે જૂજ બાકી છે.

ચિત્રવર્મા—જે હોય તે આપી દો. જે કરવાનું તે કર્યું જ કામનું.

પ્રધાન—મહારાજ, ચંદ્રાંગદ કુંવર ફરવા ગયા છે. તે આવ્યા પછી આપવું શરૂ કરું કે કેમ? શી આજ્ઞા છે?

ચિત્રવર્મા—ના, તેને માટે ઢીલ કરવા જેવું કંઇનથી. તમે તમારે આપી દો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ. જેમ આજ્ઞા.

(સૌને આપવા માંડે છે)

બારોટ— કવિત. ૪૫

સૂર્યસે પ્રભાત ભયો, ચંદ્રસે આનંદ ભયો,
તારા તણા તેજ માંહી, બાદલ છવાયો હે;
મગધ ભૂપાળ ભાણ, બહોત ઉદાર ભયો,
કીર્તિની છાંય બધે, દેશમાં છવાઇ હે;
પૃથુનો પ્રતાપ જેમ, હરિશ્ચંદ્ર સત્ય તેમ,
ચરિત્ર વખાણ જેમ, વિક્રમ ગવાયો હે;
મગધનો ભૂપ તેમ, નેક ટેક નીતિ માંહી,
ધર્મનો નિશાન, દેશ દેશનો ધરાયો હે. ૧

પ્રધાન—વાહ બારોટજી, વાહ. ખૂબ કવિત બનાવ્યું. સરસ્વતી તો તમારી જીવ્હાએ વસી છે.

બારોટ—(વળી) કવિત ૪૬

કુબેરનો ભંડાર જેમ, બાણધારી ભૂપ તેમ,
અર્જુન સમાન ગુણ, જેહનો ગવાયો હે;
તન મન ધન ધરી, સ્નેહ ભૂપ ભાવ ધરી,
દીયો હે ઇનામ, લક્ષ લક્ષ્મી લૂંટાઇ હે.

(પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, આપણા સિપાઇઓ ઉતાવળે આપની હજુર આવવા માગે છે.

પ્રધાન— શું કામ છે? કોણ છે?

પ્રતિહાર—મહારાજ, તે ચંદ્રાંગદ મહારાજના અનુચરો છે. ઘણા ગમગીનીમાં દેખાય છે.

ચિત્રવર્મા—શું ગમગીની! બોલાવ જલદી તેને.

(સિપાઇઓ આવે છે.)

સૌ સિપાઇઓ—(ગદ્દગદિત કંઠે) મહારાજ, નમન કરીએ છીએ.

ચિત્રવર્મા—કેમ સિપાઇઓ, ગળગળિત કેમ થયા છો? શું છે તે જલદી કહો.

અભારામ—મહારાજ, જીભ ઉપડતી નથી. (રડે છે.)

પ્રધાન—અરે સિપાઇઓ, સત્વર કહો, શું છે?

રેમાન—મહારાજ, આપણા ચંદ્રાંગદ કુંવર નદી કિનારે ફરવા આવ્યા હતા તે—

ચિત્રવર્મા—તેને શું થયું? તેને કંઇ અકસ્માત છે કે શું?

બીલાલ—હા મહારાજ, તે નાવમાં બેસી ફરતા હતા તે દલામાં પવન ખૂબ વાયો તે મછવો ઉંધોજ વળી ગયો. મહારાજ, અમે તારા મૂકયા, ખલાસીઓ પાસે ડૂબકીઓ ખવડાવી, ઘણી ખોળ કરાવી, પણ પતો લાગ્યો નહિ. મહારાજ શું કરીએ? દૈવનો કોપ થયો છે.

(રડે છે.)

ચિત્રવર્મા—અરે હાય! આ શું!

સોરઠો ૪૭

હર હર શું હું જોઉં, છઉં સ્વપ્ને કે જાગતો,
હીરો હાથથી ખોઉં, પલકમાં પોપટ ઉડીયો.

અરે હાય જમાત્ર, શું સૂજ્યું જળ ઝીલતું,
શિથિલ થયાં મમ ગાત્ર, ક્યાં શોધું ખોળું હવે. ૧

પ્રધાન—મહારાજ, શાંત થાઓ, બહુ ખોટું થયું છે, પણ હવે તેની શોધ ખોળનો વિચાર કરો. મહારાજ, મુઝાવાથી શું ઉપાય ? અરે દૈવ તેં બહુ બૂરૂં કર્યું.

ચિત્રવર્મા—પ્રધાનજી, ફરીવાર માણસોને કાંઠે કાંઠે અને કિનારે કિનારે જોવા મોકલો. બરાબર તપાસ કરાવો. હાલ હું રાણીવાસમાં જાઉં છું. કચેરી બરખાસ્ત કરો. (સર્વે જાય છે.)

પ્રવેશ ૨

સ્થળ—રાણીવાસ.

રાણી સત્યવતી, દાસી અને પછીથી રાજા ચિત્રવર્મા

સત્યવતી—દાસી, આપણી સીમંતિનીને ચંદ્રાંગદ જેવો લાયક વર મળ્યો, તેથી મને બહુ આનંદ થયો છે.

(એક દાસી ગભરાતી આવે છે.)

કેમ દાસી, આટલી હાંફલી ફાંફલી શું થઇ રહી છે ? શું છે ?

દાસી—બાઇ સાહેબ, શું કહું ? કહેતાં જીભ ઉપડતી નથી. અરે આવી ખબર કરવા કરતાં તો જીભ કપાઇ ગઇ હતને સારૂં.

સત્યવતી—પણ છે શું ? સત્વર કહી નાખ. હવે મારા મનને શંકા થાય છે.

દાસી—માતુશ્રી, હું શું કહું ? આપણા ચંદ્રાંગદ નદીમાં નાવ લઇ મિત્રો સહિત ફરવા નીકળ્યા હતા. તેવામાં પાપી પવને નાવ ઉંધું વાળ્યું. સિપાઇઓ રાજાજી પાસે ખબર લઇને ગ

યા. અને મને આપની આગળ નિવેદન કરવા કહી ગયા. અરે, આવી બૂરી ખબર આપવી હું અભાગણીને કર્મે કયાંથી લખી ? હાય ! (રડવા માંડે છે.)

રાણી—અરે પ્રભુ, આ શું ? (રડે છે.)

હાય હાય કેમ સે'શે ઉજ્જેણી રંડાપો—એ રાગ ૪૮

હાય હાય કેમ સે'શે તે બાળા રંડાપો
કર્મે કારમું કષ્ટ કયાં આપોરે હાય.
હાય અજબ ગજબ થયો છે
હીરો હાથથી લૂંટાઇ ગયો છે.
કંઇ કોપ પ્રભુનો થયો છે રે હાય. ૧
થયું બ્રહ્મનું વાકયજ સાચું,
હવે કયાં જાઉંને કયાં જાચું,
હાય હરિ વિમુખ થયો છે રે હાય. ૨
ચંપો મોગરો ચંપેલી સૂકાઇ
કેળ આંબા ગયા કરમાઇ
માળી વાડીનો ગયો ખોવાઇરે હાય. ૩
કયાં પાપનાં ખેતર ખેડાયાં,
હીરા મોતીનાં વણ છે વેડાયાં,
હાય બેમૂલ ઝવેરી લૂંટાયારે હાય. ૪

(મૂર્છા આવે છે.)

દાસી—બાઇ સાહેબ, શાંત થાઓ. મહારાજા પધારે છે.

(રાજા આવે છે.)

ચિત્રવર્મા—પ્રિયા, સાવધ થા, આ શું કલ્પાંત માંડયુ છે ? હવે તો મિથ્યા શોક છોડી દઈ ધીરજ ધરી આવી પડેલુ

સહન કર્યાં સિવાય કશો ઉપાય નથી. શાંત થા.

સત્યવતી—પ્રાણનાથ, શાંતિ કેમ વળે ? અરે મારી કુમળી કેળને કીરતારે વેડી નાંખી. અરે બહેન સીમંતિની, તારી શી દશા થશે ? તારો સિંહ સૂતો. તારૂં સર્વસ્વ ગયું. અરે દૈવ તને એવા સકુમારની દયા કેમ ન આવી ? તું ક્રૂર કેમ થયો ? સ્વામી, મારી વહાલી સીમંતિનીનું શું થશે ? તેનો જન્મારો કેમ જશે ? હાય ! હાય ! શાંતિ કેમ થાય ?

ચિત્રવર્મા—હા પ્રિયા, એ બધું ખરૂં, છે, પણ આપણો કશો ઉપાય નથી. હવે આપણે તો ધીરજ રાખી બેસવાનું છે. અને સીમંતિનીની સંભાળ લેવાની જરૂર છે. ચાલો તેના મહેલમાં જઇએ. તે તેની સખીઓ સહિત કલ્પાંત કરતી હશે.

સત્યવતી—ચાલો પ્રાણનાથ, અરે પુત્રી, તારી શી દશા હશે ? (સર્વે જાય છે.)

પ્રવેશ ૩.

સ્થળ—સીમંતિનીનો મહેલ.

સીમંતિની, માલવિકા, ચતુરિકા, પછીથી રાજા અને રાણી

સીમંતિની—(કલ્પાંત કરે છે.) અરે હાય ! અરે મારૂં ભાગ્ય ! અરે સખી માલવિકા, સખી ચતુરિકા, મારી હવે શી વલે, હાય દૈવ આ શું કર્યું ? હવે હું કયાં જાઉં ? કયાં રહું ? હાય ! હાય !

સખીઓ—સખી ધીરજ ધર, મારી બહેન.

સીમંતિની—અરે પ્રભુ, ધીરજ શું ? (રડે છે.)

દશા આ શી થઇ મારી—એ રાગ. ૪૯

ગજબ આ શો થયો આવો, પ્રભુ શું હું કરૂં દાવો. ગજબ

નવ છાજ્યો આ કર્મમાં, સ્વામીનો સંયોગ,
દોષ કર્મના શા હશે, પરણી તુર્ત વિયોગ.
નમેરા નાથ શું થાઓ (૨) તજી આ નાર ક્યાં જાઓ. ગજબ ૧
પર ખેતર ખેડયાં હશે, પરનું લીધું ધન,
સંતોષ્યા નહી સાધુને, શું દુભ્યા મુનિજન
હશે શું શ્રાપ તેનો આ (૨) તજી ચાલ્યા પિયુ મારા. ગજબ. ૨
ગૌ હત્યા શું મેં કરી, તોડી આંબા ડાળ,
બાળ વછોડયાં ધાવતાં, ભાંગી સરોવર પાળ.
થઇ શું બ્રહ્મ હત્યારી, (૨) દુભી શું મેં સતી નારી. ગજબ. ૩
ઉગતો સૂરજ આથમ્યો, શશિ વિનાની રાત,
વરસી અવળી વાદળી, થઇ ચંદ્રની ઘાત.
નકામી જીંદગી મારી (૨) પિયુ સંગે હું જાનારી. ગજબ. ૪

(રાણી સત્યવતી, રાજા ચિત્રવર્મા આવે છે.)

સત્યવતી—બેટા, શાંત થા. વહાલી સીમંતિની, કલ્પાંત છોડી દઇ ઇશ્વર પર આકીન રાખ.

ચિત્રવર્મા—મારી સમજુ અને શાણી પુત્રી, બહુ કલ્પાંત કરે શું વળે તેમ છે? જરા ધીરજ ધર.

સીમંતીની—અરે માતા પિતા, મારી ધીરજ હવે કેમ રહે? મને દૈવે તજી. (રડે છે) હવે મારૂં જીવવું વ્યર્થ છે.

ઇસ તન ધનકી કોણ બડાઇ—એ રાગ. ૫૦

માતાજી મારા, અહો પિતાજી, આ દુઃખ દાવાનળથી હું દાઝી
સ્વામી ગયા તજી સ્વર્ગમાં હાવે, બગડી ગઇ મારા ભવની રે
બાજી—માતાજી ૧

અગર કસ્તુરી મલયાગર સુખડ, તુલસીનાં કાષ્ટ મંગાવો
પિતાજી—માતાજી ૨.
સમિધ કાષ્ટની ખડકું ચીતાને, યમુનાને તીરે બળું રે
માતાજી—માતાજી ૩.
હરખ ધરી કરી ચાંદ કપાળે, ચુંદડી શ્રીફળ હાથમાં ધારી
માતાજી ૪.
સ્વામીની સંગે જાઉં બળીને, અનેકનામી ઇશ ઉચ્ચારી—માતાજી ૫.
દ્યોને રજા તમે માતાજી માહરાં, વિનવું પિતાજી ઉભય
કર જોડી—માતાજી ૬.
માતપિતા હવે જીવ્યું વૃથા છે, બૂડી ગઈ ભવતારક હોડી—માતાજી ૭.

માટે માતાજી પિતાજી, હવે આ દુનિયામાં મારે ખરેજ બધું નકામું છે.

સત્યવતી—પુત્રી સીમંતિની, ધૈર્ય રાખ, બહેન, તારો પતિ જ્યાં હશે, ત્યાં ચિરંજીવી હશે. બહેન, મુવાં માણસ પાછળ સતી થવાય છે. પરંતુ બૂડી ગયું હોય અથવા ખોવાઇ ગયું હોય, તેની પાછળ સતી થવું અવિચારીપણું ગણાય. માટે ધૈર્ય રાખ, પુત્રી.

ચિત્રવર્મા—મારી વહાલી પુત્રી, તારાં માતાજીના કહેવા પ્રમાણે ધૈર્ય રાખી બેસ. તારા વ્રત પ્રતાપે તારા સ્વામિની ખોળ કરાવતાં જ્યાં હશે ત્યાં કાંઠે કિનારેથી સજીવન નીકળી આવશે. જે જે જગ્યાએ તપાસ કરાવવી ઘટિત હશે ત્યાં તપાસ કરાવવી ચાલુજ રાખીશું. તું તારૂં વ્રત નિયમ ચૂકયા સિવાય ઇશ્વરપર આસ્થા રાખી દિવસો નિર્ગમન કર. બહેન, ભાવિ બન્યું—તે સહેવું એજ આપણું કામ છે.

સીમંતિની—અરે ધીરજ, ધીરજ, ધીરજ તે કેમ રહે ?

(મૂર્છા ખાઇ પડે છે. સખીઓ સાવધ કરે છે.)

સત્યવતી—બેટા, શાંત થા. ચાલો હવે જઇએ. વખત ઘણો થઇ ગયો છે.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૪.

સ્થળ—પાતાળ.

ચંદ્રાગદ, નાગ સ્ત્રીઓ, પછીથી તક્ષક નાગ.

૧ નાગ સ્ત્રી—સખી, આપણે આજ ઘણે દૂર નીકળી આવ્યાં. સ્વામીનાથ જાણશે તો શું થશે ?

૨ નાગ સ્ત્રી—હવે જે થયું તે ખરૂં. આપણે હવે જ લદી નહાઇને ઉતાવળેથી જઇશું. પણ બહેન, તું પણે સામે નજર તો કર. આ પાતાળના અખૂટ જળમાં જાણે સૂર્ય ઉગ્યો હોય તેવો તેજસ્વી ગુલાબના ગોટા જેવો મનુષ્ય કોણ હશે? કોઇ મોટા પર્વત ઉપર જાણે પોપટ હોય નહિ !

૧ નાગ સ્ત્રી—હા સખી, એમજ લાગે છે. આટલા બધા જળમાં એક એ સુકુમાર મનુષ્ય ક્યાંથી ? બહેન, એનું ભાગ્ય તો જુઓ. કેવો ભાગ્યશાળી કે હજુ જીવે છે. જળનો તો જાણે ભયજ નથી એ શું ?

૨ નાગ સ્ત્રી—હા સખી, નવાઇ જેવું લાગે છે. ચાલ, તેની પાસે જઇ આપણે પૂછીએ તો ખરાં ?

૧ નાગ સ્ત્રી—ચાલ બહેન પૂછીએ. અને પછી આપણા

સ્વામીનાથ પાસે તેને લઇ જઇએ.

(બન્ને પાસે જાય છે અને પૂછે છે.)

બન્ને નાગ સ્ત્રીઓ—પ્રભાતી ગજલ ૫૧

કામકુંવર ક્યાંથી આવ્યા, આ અગાધ જલમાંરે
પતિ મારો જાણશે તો, મારશે તુંને પલમાંરે કામકુંવર ૧
કોણ ગામ કોણ નામ, કોણના તમે પુત્રરે
કહો કેમ ભૂલા પડ્યા, કોણ નારી ઘર સૂત્રરે. કામકુંવર ૨

ચંદ્રાંગદ—અહો નાગ સ્ત્રીઓ,

રાગ મારૂ કે ગોડીનો. ૫૨

મારૂં નામ ચંદ્રાંગદ જાણો, ચંદ્રસેનનો પુત્ર પ્રમાણો
મારો શ્વસુર ચિત્રવર્મા ભૂપ, તેને કન્યા સીમંતિની અનુપ. ૧
તેની સાથે થયો છે વિવાહ, સતી સાધવી છે કન્યાય,
નૈષધ દેશ જે અતિ વિખ્યાત, રાજ્ય કરે ચંદ્રસેન તાત. ૨
ગયા જાન લઇ આપ દ્વાર, રહ્યા જમવા હું શ્વશુરને બાર,
લગ્ન મીંઢળ છે હજુ હાથે, આવ્યો રમવા હું મિત્ર સંગાથે. ૩
નાવ માંહી બેઠો મિત્ર સાથ, વાયો વાયુ વમળથી અપાર,
બૂડ્યું નાવ ને બૂડ્યા સર્વ, મને લાવ્યું અહિં મારૂં કર્મ. ૪

બન્ને નાગ સ્ત્રીઓ—(સ્વગત)

સોરઠો ૫૩

પ્રાણપતિની પાસ, આપણ એને લઇ જશુ,
ઇશ્વર રક્ષા ખાસ, તેને નવ થાયે કશું.
ભાગ્યવંત તું બાળ, સુસ્થળે આવી રહ્યા,
નાઠો તારો કાળ, રક્ષા મણિધરની હવી. ૨

(ચાસન) રાજ પુત્ર, અમારી સાથે ચાલો.

ચંદ્રાંગદ—ચાલો માતાઓ, આ જગ્યાએ મારી સંભાળ લેનાર તમ વિના કોઇ નથી. અરે ક્યાં મારાં માતા પિતા! અરે ક્યાં મારી વહાલી પ્રિયા! અને ક્યાં મારો મિત્રનો સાથ! સૌને છોડી ખરે હું મોતને શરણ થયો. હાય, મારી પ્રિયાની શી વલે! મારાં માતા પિતાની શી વલે!

બન્ને નાગ સ્ત્રીઓ—બેટા, ગભરા ના. ગભરાયા સિવાય અમારી પાછળ ચાલ્યો આવ. (ત્રણે જણ જાય છે.)

પ્રવેશ ૫.

સ્થળ—પાતાળમાં નાગ ભુવન.

ચંદ્રાંગદ, નાગસ્ત્રીઓ; પછીથી તક્ષક નાગ.

૧ નાગ સ્ત્રી—હે સુભાગી, સૂર્ય સમી કાંતિવાળા ચંદ્રાંગદ તું હમણા અહિં બેસ. જેની સહસ્ત્ર ફણા ઉપર પૃથ્વીને ધારણ કરનારા ધરાધર, જેની શય્યા ઉપર શ્રી પરમાત્માએ લક્ષ્મીજી સહિત શયન કરેલું છે, એવા મહા પવિત્ર, જેણે રામાવતારમાં શ્રી પરમાત્માના બંધુ રૂપે જન્મ ધારણ કરી અન્ન જળ વિના ચૌદ વર્ષ નિયમ ધારી ક્રૂર રાક્ષસ રાવણનો સંહાર કર્યો છે, એવા શેષશાયી મહા તપસ્વી, અમારા સ્વામી તક્ષક નાગને અમે વિનવીએ, અને તેની આજ્ઞા લઇ તને તેના દર્શન કરવા સમર્થ કરીએ. જેણે શ્રી પરમાત્માના ચરણ સેવી મહા શૂરા સહસ્ત્રભુજા રાવણને સંહારી સીતાનો વિયોગ દૂર કર્યો છે, એવા મારા સ્વામી તારૂં દુઃખ દૂર કરવાને સમર્થ છે. માટે નિશ્ચિંત રહે.

૨ નાગ સ્ત્રી—ધૈર્ય રાખી બેસજે. જે કીરતારે ગજેંદ્રને મ

હા મચ્છના મુખથી છોડાવ્યો, મોક્ષ દીધો, જે કીરતારે ઉખળે બંધાઇ જમ્લાર્જુનને વૃક્ષ રૂપમાંથી છોડવી મુક્ત કીધા, જે કીરતારે અહલ્યાને શલ્યા રૂપથી મુક્ત કીધી, અને જે કીરતારે સુધન્વાને બળતી કડામાંથી તાર્યો, તેજ ભક્તવત્સલ ભગવાને તને આ મહાજળમાં આશ્ચર્ય ઉપજે તેવી રીતે આશ્રય આપીને ઉગાર્યો છે. તો હે બાળક, હવે તારો ભાગ્યોદય થયો છે. અમે તને,બે ઘડીમાં અહિંથી અમારા સ્વામીના ચરણારવિંદમાં તેડી જઇશું. અને તારી આગતા સ્વાગતા કરશું.

ચંદ્રાંગદ—બહુ સારૂં માતાજી. (દીવાનખાનામાં બેસે છે. અને વિચાર કરે છે.) અહો કીરતાર, તારી ગહન ગતિને કોઇ પહોંચતું નથી. તારી ગતિ અકળ છે. તેમજ અગાધ અને અકથ્ય છે. જળ ત્યાં સ્થળ, અને સ્થળ ત્યાં જળ કરવાવાળો તુંજ છે; તરણાનો મેરૂ, મેરૂનું તરણું કરવાવાળો તુંજ છે; વટમાં, ઘટમાં, સત્વમાં, રજમાં, તમમાં જેમાં જોઉં તેમાં હે જગદીશ્વર તારોજ વાસો છે. ક્યાં હું, ક્યાં મારી સ્ત્રી, ક્યાં મારી સ્વભૂમિ? ક્યાં મારૂં રાજ્ય? ક્યાં મારા પિતા? ક્યાં મારી માતુશ્રી? અહો વિધાતા, બ્રહ્મ પુત્રી, લેખની લખવાવાળી, તારી ગતિ પણ કાંઇ ન્યારીજ છે. ખરે, માનવ દેહધારી, આ ઇંદ્રપુરી જેવા નાગ ભુવનમાં દેવાંગનાઓ જેવી નાગ સ્ત્રીઓ સાથે ક્યાંથી મારૂં મળવું થાય? પણ ખરે, તે તો તેં વિધાતાએ લખીજ મૂક્યું હશે. વિધાતા, આથી તું મગરૂબ થઇશ નહિ. એ સર્વે પણ ઇશ્વરનીજ કૃતિ છે. અહો પણ આ નાગ ભુવન તો જોઉં. અહો જીવ, તેં કદી સ્વપ્ને પણ નથી જોયું તે એક પરમ કૃપાળુ પરમેશ્વરની, જગન્નિયંતા, જગદીશ્વરની કૃપાથી આ અખૂટ જળમાં જીવતો

રહી જુએ છે. તો બે ઘડી એ સ્વર્ગભૂમિના તારી દીન વાણીએ વખાણુ કરી લે. જાણે ઇંદ્રપુરીજ ખડી કરી છે. વાહ!

સોરઠો. ૫૪

સુંદર કેવા મહેલ, શોભે સુંદર જાળીઓ;
હીરા જડિત રચેલ, ઊંચી કંઇક અટારીઓ.
સિંહાસન જડિત, છત્ર ચામર શોભા ઘણી
ત્યાં બીરાજ્યા એક ચિત, સહસ્ત્ર ફણા પન્નગ ધણી.
ક્યાં પૃથ્વી પાતાળ, રસાતાળમાં આવીયો,
સિંહ બન્યો શિયાળ, ભાવિએ ભૂલાવીયો.
દૈવ ગતિ અગાધ, સ્વર્ગ સમું સુખ છે ઘણું,
ક્યાં સ્ત્રી પિતા માત, ભવ ભૂલો હું તો પડ્યો.

અહો મારી વહાલી પ્રિયા સીમંતિની, તારૂં વાક્ય મેં મશ્કરીમાં હસી કાઢી, ખરેખર થતા અપશકુનને નહિ માનીને, તને છોડી, હું કાળને પગલે પળ્યો. કાળે મને ઘેર્યો અને હું નદીએ ગયો. પણ તારા સત્યથી, શિયળથી અને તારી ઇષ્ટ ભક્તિથી આ નાગ ભૂમિમાં એકાંત એકલો બેઠો છું. જેમ યોગી યોગસાધના કરી ઇશ્વરસ્મરણ કરે છે, તેમ હે પ્રિયા, હું તારી પ્યારરૂપી સાધના કરતો, તારાં હિતનાં વાક્યો સંભારતો, મારા ઉચ્છંખળપણાની રીતને ધિક્કારતો, તારૂં ધ્યાન ધરતો બેઠો છું. હે પ્રિયા,

સોરઠો ૫૫

તરૂણી તુજ સુવેણ, કહેણુ ગણ્યાં નહિ કર્ણમાં,
શાણી તું સુખ દેણ, હવે મળું હું ક્યાં તને?
વ્હાલી તારો વહેમ, અપશકુન સાચાં ઠર્યાં,
ફરી મળીશું કેમ, કર્મ ક્યાં આવી નડ્યાં.

(નાગ સ્ત્રીઓ તક્ષક નાગ પાસે આવે છે.)

૧ નાગ સ્ત્રી—પ્રાણનાથ, વંદન કરૂં છું.

૨ નાગ સ્ત્રી—સ્વામીનાથ, હું પણ વંદન કરૂં છું.

તક્ષક નાગ—(ગુસ્સે થઇને) સ્ત્રીઓ, આજ અત્યાર સુધી તમે કયાં ગયાં હતાં? આ ઇષ્ટ પ્રાર્થનાનો સમય થયો તો પણ તમે આવ્યાં નહિ! શું પૃથ્વીપર રમવાને નીકળી પડયાં હતાં કે શું?

૧ નાગ સ્ત્રી—મહારાજ, ક્ષમા કરો, ક્ષમા કરો. અમો અબળા જાત ઉપર ક્ષમા કરો. ફરતાં ફરતાં દૂર પંથ નીકળી જવાથી હે સ્વામીનાથ, આજ અમને વિલંબ થયો છે.

૨ નાગ સ્ત્રી—મહારાજ, નિરાશ્રિતને આશ્રય આપનાર શંકરપ્રિય, મણિધર, ધરણીધર સ્વામી, આજ અમે એક પરમાર્થનું કામ કરવામાં, નિરાશ્રિતને આશ્રય આપવામાં રોકાઇ, આપને નિયમિત વખતે આપના ચરણારવિંદની સેવામાં હાજર થવામ વિલંબ કર્યો છે તે બાબત, હે સ્વામી, ક્ષમા માગું છું. મહારાજ, એક પૃથ્વીપરનો મનુષ્ય જળમાં ડૂબી રસાતળમાં આપ મહાન કૃપાળુના આશ્રય નીચે આવી પડેલો છે. તેનું નામ ઠામ પૂછી તેને સહાય આપવામાં રોકાયાં, અને તેને લીધે આપના ગુસ્સાને પાત્ર થયાં. મહારાજ, ક્ષમા કરો.

તક્ષક—તે કોણ છે? કયાં છે? તમારે આજ્ઞા સિવાય વિલંબ કરવાની શી જરૂર હતી?

૧ નાગ સ્ત્રી—મહારાજ, તેને અમે અત્રે આપના ચરણ કમળમાં લાવ્યા છીએ પરંતુ—

૨ નાગ સ્ત્રી—હા સ્વામીનાથ, તે માનવીની વાત ઘણી દયાજનક છે. તેથી આપની સમક્ષ તેનું દુઃખ નિવેદન કરી તેને

સહાય આપવાની આ આપની ચરણુરજ દાસીની વિનંતી છે.

તક્ષક—અહો સ્ત્રીઓ, તમે પરમાર્થ કરવામાં આટલી તત્પર છો, એવું જાણી મારો સર્વ ક્રોધ દૂર થયો છે. સ્વાર્થ વિના પરમાર્થ કરવા તત્પર થએલી સ્ત્રીઓ! કહો કે તે કોણ છે? ને કયાં છે?

૧ નાગ સ્ત્રી—અહો કરૂણુસાગરા, શિરછત્ર સ્વામી, અમો અબળાને આપનો ભય લાગવાથી તે બાળકને અમે દીવાનખાના-માંજ, પણ થોડે દૂર, બેસાડયો છે. આજ્ઞા હોય તો તેને આપના ચરણારવિંદમાં હાજર કરૂં, મહારાજ.

તક્ષક—અહો સુગુણ સુંદરીઓ, હું તમારા કાર્યથી પ્રસન્ન છું. તેને સત્વર બોલાવો. (નાગ સ્ત્રી ચંદ્રાંગદને બોલાવી લાવે છે.)

ચંદ્રાંગદ—અહો શંકરપ્રિય, શેષશાયી, આપને વંદન કરૂં છું. (નમીને)

શાર્દુલ વિક્રીડિત. ૫૬

વંદુ શેષધરા ધરે વિનયથી, પાદારવિંદે ખરે,
જેની સહસ્ત્ર ફણા શિરે જગઆ, તે સાહ્ય થાજો અરે.
શંભુનું ઉપવિત છો પ્રભુ તમે, શય્યા કીંધિ શામળે,
એવા નાગપતિ ગતિ તમ તણી, કો માનવી ના કળે.

તક્ષક—બેટા, ચિરંજીવી ભવ. નિર્ભય થા અને બેસ.

બન્ને નાગ સ્ત્રીઓ—

ધીમા ધીમા ચાલો મારા પ્રાણરે—એ રાગ. ૫૭

આવો બીશોમા રાજકુમારરે, શિવ સેવક તમો છો આ આબ્યા અરે,
પાવન મંદિર ખરે, સુકુમારરે. આવો.
તાલાવેલી તનની, મૂકી તજો ભય ચિત,

સુખ શાંતિમાં રહો સદા, જેમ રાજ્યની રીત
થશે શાંતિ તમોને અહિંયા સદા,
આ સેવક તમારા છે હાજર બધા,
ધરોધાસ્તી ન મન લગારે કદા. ઓ કુમારરે, આવો

તક્ષક—અહો, ગંગામાં અનેક મળ ધોવાવાથી અપવિત્રતઃ થયેલી હોય છે તે મહા વ્રતધારી યોગીઓ, તપસ્વીઓ, સાધ્વીઓ, વિગેરેના પગસ્પર્શથી જેમ પવિત્ર થાય છે તેમ તારૂં અલ્પ આયુષ્ય તારી સતી સ્ત્રીના પતિવ્રત અને શિવ ભક્તિને લીધે દીર્ઘ થયું છે. તું શિવ ભક્ત છો તેથી તારા ઉપર હું પ્રસન્ન થયો છું. બેટા, આપણી આ વાડીમાં અમૃતરસની વાવ છે ત્યાં હર ફર અને વિશ્રાંતિ લઈ થાક ઉતાર. આ પવિત્ર નાગ સ્ત્રીઓ ચુવા, ચંદનનો લેપ તને કરાવવાનો બંદોબસ્ત કરશે. બેટા, બીજું જે કંઇ વરદાન માગવાની ઇચ્છા હોય તે માગી લે. શિવભક્તને કશું દુર્લભ હોતું નથી. હું તારાપર પ્રસન્ન છું.

૧ નાગ સ્ત્રી—મહારાજ, આ કુંવર પરણીને શ્વશુરને ઘેર દશૈયાં જમવા રહેલો, તે દૈવેચ્છાએ જમુનામા નાવમાં બેસી રમતાં નાવ બુડયું ને સર્વ બુડયા. અહો સ્વામીનાથ, દૈવની શું ગહન ગતિ! ખરેજ, અમને શંકા થાય છે કે આવા કાળના મુખમાંથી બચી આ રાજકુંવર અહિં કયાંથી આવી ચડે? અચાનક બચી ગયો તેનું શું કારણ હશે? કંઇ દેવી કૃપા હશે?

૨ નાગ સ્ત્રી—મહારાજ, આ કિશોર વયના, તરત પરણેલા, આશા ભરેલા અંતઃકરણવાળા કુંવર ઉપર દયા આવે છે. સ્વામીનાથ, તેનું દુઃખ ટાળી તેના સંબંધીઓ સાથે મેળાપ કરાવી આપવા વિનંતી છે.

તક્ષક—સુગુણ સુંદરી, પરમાર્થી પ્રિયા, આ કુંવર કાળથી બચ્યો તેનું કારણ એ છે કે એ કુંવરની સ્ત્રી ઘણી પતિવ્રતા છે. અને શ્રીશાંબ સદાશિવની ભક્તિ કરે છે. પ્રતિવ્રતાનું માહાત્મ્ય સર્વ માહાત્મ્યમાં શ્રેષ્ઠ છે. પતિવ્રતા સુકન્યાએ દેવ અશ્વિનીકુમારને પ્રસન્ન કર્યા હતા, સાવિત્રીએ યમરાજાને પ્રસન્ન કરી પોતાના સ્વામીને સજીવન કર્યા હતા, સતી ભોગવતીએ સત્યના આધારે સૂર્યને ઉદય થતા અટકાવ્યા હતા, અનસૂયા પતિવ્રતાના વચનથી મહા દુષ્કાળમાં અત્રિ ઋષિના આશ્રમ સમીપે ગંગાજી પ્રગટ થયાં હતાં, તેમજ શંકર સેવાથી માર્કંડ ઋષિ ચિરંજીવી થયા છે. તેવી રીતે આ કુંવર સત્યશીલને આધારે, અને ઇષ્ટ ભક્તિએ ઉગર્યો છે. એજ ખરૂં કારણ છે.

૨ નાગ સ્ત્રી—મહારાજ, સતીઓનો તથા શંકર સેવાનો પ્રતાપ ઘણોજ મોટો જણાય છે. એ માલમા મોતને પણ અટકી વે છે. એવી નેક ટેકથી વ્રત ધારણ કરનારી પૃથ્વીપરની સ્ત્ર સીમંતિનીને તેનો પતિ પાછો મળવો જોઇએ.

તક્ષક—અહો પ્રિયા! કાળરૂપ મહેશ્વરની સેવા જેણે કીધી તેણે મૃત્યુને જીત્યું એમ શાસ્ત્રનું વચન છે. કાળ તે પરમાત્માની ગતિ છે. કાળમાં ને કીરતારમાં ભેદ નથી. સર્વજ્ઞ વૈરાટરૂપ પરમાત્મા સર્વનો આત્મા છે. તેને વશ કરે તો કાળ દૂર થઇ શાંતિ પ્રાપ્ત થાય છે. એવા વિશ્વેશ્વરને પ્રસન્ન કરનારી સ્ત્રીને વૈધવ્ય હોતુ નથી.

૧ નાગ સ્ત્રી—મહારાજ, આ રાજકુવરના હસ્તમીઢળ હજુ છૂટયાં નથી. જાગ હજુ ઉઠયા નથી. એ સ્થિતિમાં તેને આમ સ્નેહીથી વિખૂટું પડવું પડયું એ સહેતું ઘણું અસહ્ય છે. માટે

કૃપા કરી સત્વર તેને આશ્રમે મોકલો.

તક્ષક—અરે દયાજનક સ્થિતિમાં આવી પડેલા રાજકુમાર ! હવે, તું ધૈર્યભૂષણને ધારણ કર. અને હવે હું તને મારા આ અનુચરો સાથે અખૂટ લક્ષ્મી અને પવનવેગી અશ્વ આપી પૃથ્વીપર મોકલું છું.

ચંદ્રાંગદ—મહારાજ, મોટી કૃપા; મારા વૃદ્ધ માતાપિતા મારા વિના નહિ જીવી શકે: મારા વિના તેમનું શું થયું હશે ? દુષ્ટ પિત્રાઇએ તેમનું રાજ્ય લઈ લીધું હશે. જેમ ચંદ્ર રાહુથી ઘેરાયો હોય ને અંધકાર થાય છે તેમજ હે મહારાજ મારી સ્થિતિ છે. જેમ દેવોએ રાહુનો પરાજય કરી ચંદ્રને છોડવ્યો, તેમજ હે કૃપાળુ મણિધર, આપ મને કાળથી ઘેરાયલાને સહાયભૂત થયા છો.

તક્ષક—પુત્ર ચંદ્રાંગદ, ચિંતા નહિં. મારા અનુચરો તારી સાથે આવશે. તેની સહાયથી તું યુદ્ધ કરી તારૂં રાજ્ય પાછું લેજે. પુત્ર મારી આશિષ છે કે શત્રુ તારે શરણે થશે. અને તું તારૂં રાજ્ય હસ્તગત કરીશ.

ચંદ્રાંગદ—બહુ સારૂં મહારાજ. આપની આશિષ મસ્તકે ચડાવું છું.

તક્ષક—બેટા ચંદ્રાંગદ, આ સુગંધી પદાર્થો હું તને આપું છું. જેની સુગંધી દશ યોજન સુધી પ્રસરી રહેશે. અને આ અખૂટ લક્ષ્મી આપું છું બેટા. તે તું ચિરકાળ સુધી વાપરી શકીશ. અને મારી શિખામણ એ છે કે

ગીતિ. ૫૮

નીતિ ન્યાયમાં વર્તી, ધર્મ ધ્યાનમાં તું એ વાપરજે;
સંકટ સમયે નિત્યે, ધૈર્ય રાખીને કાર્ય સહુ કરજે.

ચંદ્રાંગદ—અહો પિતાજી, આપની પવિત્ર શિખામણને હું નિરંતર યાદ રાખી વ્રત નિયમે તે પાળવા તત્પર રહીશ.

તક્ષક—(અનુચરને) હે કર્કોટક અને દમનક, આ રાજપુત્રની સાથે જાઓ. અને તેની પૂરી સંભાળ રાખજો. અને સંમતિએ અનુચરજો. આપણી ઘોડારમાંથી પવનવેગી અશ્વ લાવી આ કુંવરને સુપ્રત કરજો. યુદ્ધ વખતે પૂરતી મદદ કરજો. જ્યારે તમને આજ્ઞા આપે ત્યારે અત્રે પાછા આવજો.

કર્કોટક—બહુ સારૂં મહારાજ, જેવી આજ્ઞા.

દમનક—મહારાજ, અશ્વ તૈયાર છે. (કુંવરને) બીરાજો કુંવર.

ચંદ્રાંગદ—(સર્વને નમીને) માતાપિતા, પાયે લાગી આપની આજ્ઞા હોય તો રજા લઇ પંથે પળું.

તક્ષક—બેટા કલ્યાણ કર. તારૂં શુભ થાઓ, એવી આશિષ અમે સર્વે તને આપીએ છીએ. (સર્વ જાય છે.)

પ્રવેશ ૬

સ્થળ—સીમંતિનીનો મહેલ.

સીમંતિની એકલી. પછીથી માલવિકા અને ચતુરિકા.

સીમંતિની—અરે દૈવ, મેં શાં પાપ કર્યાં હશે? કે જે કૃત્યના પ્રતાપે તેં મને ત્યજી, મારી વિમુખ થયો. હે નિયંતા નાથ, હે ઉમાનાથ, હે વિશ્વંભર, તું મારી સાથે નિર્દય કેમ થયો? હે યજ્ઞપતિ, હે વિશ્વપતિ, હે પૃથ્વીપતિ, હું રંક અબળાદીન બાળા ઉપર આવો નઅહદ કોપ શું કર્યો? મારો શિરતાજ કેમ

હર્યો? અરે હું હણાઈ છું. અરે મારા પ્રાણનાથ, મારા શિરતાજ, તમે પણ નિર્દય થયા અને વિસરી ગયા-અરે ક્યાં રહ્યા? છતા કેમ ન થયા? અરે હાય શું કરૂં?

લલિત. ૫૯

અરર સ્વામીરે શું હવે કરૂં, વગર અગ્નિએ હું બળી મરૂં,
જગત્માં ખરે મૂઇ જીવતી, અરર ના ઘટે આમરે પતિ. ૧
પરણી તુર્ત શું પરહરી મને, હૃદય દોષ મા'રો વસ્યો તને,
નવ ઘટે નમેરા થવું પતિ, વિરહ અગ્નિએ હું બળું અતિ. ૨
પતિ ગયા દઇ આશ તનમાં. કરી નિરાશ શું હાય જન્મમાં,
કહી ગયા મને આવું આ ઘડી, નવ મળ્યા ફરી એકલી પડી. ૩
વચન કેમ તે આપ વિસર્યાં. પ્રીત તજી દઇ ગુમ ક્યાં રહ્યા?
કઠણ કાળજું કેમરે કર્યું, તજી ગયા હરિસુખ માહરૂં. ૪

અરે સ્વામી, અહો શિરછત્ર, તમ વિના મને અત્રે હેરાન વેરાન ભાસે છે. અહો નમેરા નાથ, મારો હાથ તરછોડી ક્યાં ગયા? ક્યાં રહ્યા? પાંચ આંગળીએ ઝેર ચડાવી, વેર વાળી, તરછોડી, સાથ છોડી મારા પ્રાણાધાર, અપાર દુ:ખમાં બેસાડી વિસારી, લાચાર કરી ગયા. અરે શું હું માની થઇ? હે પ્રભુ! શો દોષ તારે અંતર વસ્યો? અરે કર્મ, તારા પુર્વના ધર્મની કે મર્મની મને કશી સૂજ કે બુજ પડતી નથી. પાપી આત્મા, તેં પૂર્વ જન્મે શાં શાં ઘોર કૃત્યો કરી જન્મ લીધો છે કે તે કર્મનાં ફળ તારી આડે આવ્યાં? અરે દૈવને દોષ શું? અંતરમાં રોષ શું? જેવી કરણી તેવીજ તરણી. અરે દૈવ, તેં નર્કવાસમાંજ અનેક દુ:ખો ભોગવાવ્યાં હત તો બહેતર હતું. હવે તો ઘણી થઇ. હે પ્રભુ, સહાય થા. દુ:ખથી ઉગાર અને તાર. મૂગો માર

ન માર. (બન્ને સખીઓ આવે છે.)

માલવિકા—સખી સીમંતિની આમ અહોનિશ હૃદય બાળી પશ્ચાત્તાપ કરવો એ તારા જેવી જ્ઞાનીને ઘટતું નથી. બહેન આત્માને કલ્પાવે શું ફળ? ઇશ્વરે જે નાંખી તે ધૈર્યથી સહન કરેજ સિદ્ધિ છે.

ચતુરિકા—મારી વહાલી સખી, તું જાણે છે કે દેવતાઓને પણ દુઃખ પડયાં છે. સાધ્વી સીતાને પણ પતિ વિયોગનું દુઃખ સહન કરવું પડયું છે. દમયંતીને પણ એજ પ્રમાણે અણધાર્યો પતિવિયોગ સહેવો પડયો છે. અને શકુંતલાને પણ દુષ્યન્તે દુર્વાસાના શ્રાપથી વિસ્મૃત થઇ ત્યજી હતી. માટે દુઃખના વખતમાં મહાન જનોના દુઃખનું ઉદાહરણ લઇ મનને દિલાસારૂપ બારમાં પ્રવેશ કરાવવો. ધૈર્ય ભૂષણને ધારણ કરી શાંતિગૃહમાંજ વાસો કરવો ઘટે છે.

માલવિકા—સખી તું યાદ તો કર કે સાવિત્રીએ તેમજ ભોગવતીએ ગયેલું સૌભાગ્ય ધીરજ અને ઇષ્ટ સેવાથી પ્રાપ્ત કરેલું છે કે નહિ? માટે મારી શાણી, તને પણ તારી ભક્તિ આધીન થઇ ઇષ્ટ દેવ સહાય થશે. અને તારૂં ગયલું સૌભાગ્ય પાછું આપશે. માટે સત્ય નિયમે જેમ ધીરજ ધરી બ્રહ્મ ઉપાસી થઇ બેઠી છે તેમજ રહે. તારા કોમળ આત્માને કલ્પાવ ના. મારી બહેન.

ચતુરિકા—બહેન, તને શારદા વિષે જે વાત છે તે યાદ છે કે? તેમ પૂર્વ સંસ્કાર અને ઋણાનુબંધનું આ દુનિયામાં સુખ દુઃખ લેવાનું છે. ઇશ્વરપર આકીન રહે, નીતી રહે તો જે અધિક દુઃખ હોય તેમાં ન્યૂનતા થાય છે. પરંતુ જે નિર્મિત છે તે તે,

થાયજ છે. તો તેમાં શોચ કરે શો ઉપાય ?

સીમંતિની—હા, મારી વહાલી સખી. યાદ તો બધુંએ છે. સમજું પણ છું. પણ મારી વહાલી સખી, મારા સુખનો સૂર્ય અસ્ત થતાં, ચંદ્રનું ગૃહણ થતાં, મારા દુઃખના દ્વાર ખુલી જતાં મારૂં જ્ઞાન, મારી શાન, મારૂં ભાન અને ઇશ્વરનું ધ્યાન બધુંએ હું તો ભૂલી ગઇ છું. મારૂં અંતઃકરણ બહેર મારી ગયું છે. મારો જ્ઞાન દીપક બૂઝાઇ ગયો છે, અંધકાર થઇ હૃદય શુન્ય થઇ ગયું છે. અહો સ્વામી, હૈયાના હાર, ચક્ષુના તેજ, જીવન દોરી, મારા મનની મોજ ચાલી ગઇ. હું જીવતી મૂઇ. હે સ્વામીનાથ

તોટક ૬૦

મુજ તન તણી લહો કુંડ કૃતિ,
રૂપ યૌવન ઇંધન મૂકી પતિ,
કરૂં અશ્રુ તણી ઘૃતધાર સદા;
સહુ સુખની આહુતિ આપું તદા ૧
સ્થૂળ યજ્ઞથી નાથ નથી રીઝતા,
વિરહાગ્નિ વિષે મને બાળી જતા;
કહું શું સહું શું રહું શું જગમાં,
હરિસુખ પતિ જપતી મનમાં. ૨

માલવિકા—બહેન, તું શાણી છે, જ્ઞાની છે. તને મહા વ્યથા થાય તેમાં કશો દોષ નથી. તોપણ દુઃખની વખતે દિલાસો દેવો એ અમારૂં કામ છે બહેન. (ચતુરિકાને) સખી ચતુરિકા, તું જે શારદા વિષે દાખલો દે છે તે વાત શું છે? તે જરા કહે તો ખરી. એ વાતથી હું તો અજાણ છું.

ચતુરિકા—એ તો નવાઇ જેવું બહેન. હશે, તારી ઇચ્છા

છે તો હું કહું છું, તે સાંભળ. એક અનંત દેશમાં એક દેવદત્ત નામનો કુલીન અને મહા વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો. તેને એક શારદા નામે પુત્રી હતી. શારદા જ્યારે અગિયાર વર્ષની થઇ ત્યારે એક પંડયા દ્રાવીડ નામનો મહા ધનાઢય બ્રાહ્મણ દેવદત્તને ત્યાં શારદા સાથે પરણવાની યાચના કરવા આવ્યો. આ પંડયાને આ-ગલી સ્ત્રી ગુજરી જવાથી ફરી લગ્ન કરવાનું હતું. દેવદ-તે પોતાની કન્યાને સુપાત્ર વર મળ્યો તેથી પરણાવી. મધ્યાન્હ કાળે લગ્ન પૂરાં થયાં. પછી પંડયા મધ્યાન્હ સંધ્યા કરવાને સરોવર તીર્થે ગયો. સંધ્યા કરીને ઘેર પાછા ફરતાં કર્મ સંયોગે રસ્તામાંજ સર્પ ડંશ થયો. અને તુરત મરણ પામ્યો. એ વાતની દેવદત્તને ખબર થતાંજ સહકુટુંબ જ્યાં તેનું અસ્થિ પડયું છે ત્યાં ગયો. સર્વ સંબંધીઓમાં, ગામમાં હાહાકાર વર્તી રહ્યો. શારદાએ કલ્પાંત કરી વૈધવ્ય ધારણ કર્યું.

માલવિકા—ગરીબ બિચારી કમનસીબ શારદા! પરણીને એક દિવસ પણ સૌભાગ્ય ભોગવ્યું નહિ. લાચાર. ઇશ્વરની ગહન ગતિ છે! બહેન.

ચતુરિકા—હવે શારદા સ્વામીનો શોક કરતી શીલ ધારી દ્દષ્ટિ સેવા કરે છે. અને તેના માતા પિતા યાત્રાર્થે ગયાં છે. એ વામાં આંખે અંધ, દેહ દુર્બળ અને હાથમાં લાકડીએથી માર્ગ કાપતો એક વૃધ્ધ બ્રાહ્મણ દેવદ-તને દ્વાર આવ્યો. તે વિપ્રનું નામ કુંચે હતું. અને અમૃત દેશથી આવતો હતો. હવે વૃદ્ધ બ્રાહ્મણને બારણે આવેલો જોઇ શારદા કુલાચાર પ્રમાણે બ્રાહ્મણને તેડવા સામી ગઇ. પાણી લાવી ઋષિના પગ પખાળ્યા. આસન આપી બેસાડયા. તેલ વિગેરેથી મર્દન કરી સ્નાન કરાવી વસ્ત્રો ધારણ

કરાવી ભોજન અર્થે નાના વિધના પાક અર્પણ કરી બ્રાહ્મણની આસના વાસના કરી. પૂર્ણ ભાવથી ઇશ્વર રૂપ ગણી પગે લાગી. ઋષિએ શારદાની ભકિત જોઇ પ્રસન્ન થઇ શારદાને આશિષ આપી કે સ્વામીનું સુખ ભોગવ, અને અષ્ટ પુત્રવતી ભવ. અને શિવ સેવા કરી સ્વામી સહિત તને શિવલોક પ્રાપ્ત થજો. આવો આશિર્વાદ સાંભળી શારદા વિસ્મય થઇ હસીને બોલી કે અરે હું દુર્ભાગીને આ આશિર્વાદ કયાંથી ફળે ? મારો પતિ પરણી તરતજ મરણ પામ્યો છે, મહારાજ. ઋષિ કહે, હે બાળા, મેં અંધાપાને લીધે અજ્ઞાનતાથી આશિર્વાદ આપ્યો છે પરંતુ હે બાળા, મારૂં વચન મિથ્યા જશે નહિ. તું ઉમા મહેશ્વરનું વ્રત કરજે જેથી તારા પૂર્વ પાપો નાશ થશે. અને અખંડ સુખ ભોગવીશ. શારદાએ કહ્યું, મહારાજ, આપનું વચન હું મારા શિરપર ચડાવું છું. મારા માતા પિતા યાત્રાએ ગયા છે. તે આવેથી હું એ વ્રત કરીશ. મહારાજ, મને તે વ્રતની વિધિ કહેવા કૃપા કરો. ઋષિએ કહ્યું હે બાળા તે વ્રત માગશર મહિને અથવા ચૈત્ર મહિને આદરવું. એક માસમાં બે અષ્ટમી, અને બે ચૌદશ એ દિવસો શિવ શકિતના છે, તે દિવસે ઉમા ઇશની પૂજા કરી દાન દક્ષિણા આપી ફળાહાર કરવો. સ્વચ્છતાથી રહેવું. એ રીતે એક વર્ષ સુધી કરવું. વ્રતને અંતે ઉત્થાપન કરી બ્રહ્મભોજન કરાવી દાન દક્ષિણા આપવી અને ઇશ્વરને પ્રસન્ન કરવો. એ વિધિ સાંભળી શારદાએ પોતાનાં માતા પિતા આવ્યાં. કે તુરત તેની આજ્ઞા લઇ વ્રતનો આરંભ કર્યો. ઋષિએ સાથે રહી યથા વિધિ વ્રત કરાવ્યું. વ્રતના છેલ્લા દિવસે જાગરણ હતું. તે દિવસે રાત્રિના બાર વાગે અંબાએ પ્રસન્ન થઇ દર્શન દીધાં. ઋષિના નેત્રને તેજ આવ્યું ને અંબાના પ્રતાપથી દેખતા થયા. દેવીએ કહ્યું હું પ્રસન્ન છું, વર

માગ. ઋષિએ નાના વિધે સ્તુતિ કરી શારદાની કર્મ કથા કહી. અને કહ્યું કે મારૂં વચન સત્ય થાય અને તેનું સૌભાગ્ય પાછું મળે, એમ થવું જોઇએ. દેવી કહે એના પૂર્વ સંસ્કારે એને એ દુઃખ પ્રાપ્ત થયું છે. પૂર્વે શારદા બ્રાહ્મણી હતી ને તેના સ્વામીને બે સ્ત્રીઓ હતી. તેમાં પોતે માનીતી હતી. શોકયને કદી સુખ પ્રાપ્ત થવા દીધું નહોતું તેમજ ઘણી મગરૂર અને ખૂબસુરત હતી. હવેબીજા એક બ્રાહ્મણે તેના સુખની આશા રાખી. તેનાપર મોહિત થઇ તેને સ્પર્શ કરવા ગયો. ,તેને શારદાએ તરછોડી નાખ્યો. તે બ્રાહ્મણ શારદાના વિરહથી માંદગી ભોગવી મરણ પામ્યો. તે આ જન્મે એનો સ્વામી થઇ, એનો હાથ ઝાલી એને પરણી તરછોડી તુરત મરણ પામ્યો. પૂર્વ ભવના પાપે એ આ દશાને પામી છે. શોકયને સ્વામીથી વિખૂટી પાડી એ દોષે વૈધવ્ય પ્રાપ્ત થયું છે. જે કોઇ સ્ત્રી પુરૂષની પ્રીતિ વિષે ભંગાણ પાડે, તેને ૨૧ જન્મ સૂધી વૈધવ્ય પ્રાપ્ત થાય છે. માટે હે શારદા, તને પણ એટલા ભવ સૂધી વૈધવ્ય પ્રાપ્ત થવું જોઇએ, પરંતુ ઋષિના વચને તેં શિવભક્તિ કરી અને ઋષિની સેવા કરી તે ઋષિનું વચન સત્ય કરવા ખાતર હું તારાપર પ્રસન્ન થઇ કહું છું કે તારા પૂર્વ ભવનો સ્વામી દ્રાવિડ તને સ્વપ્નમાં મળશે. અને તને એક પુત્ર થશે. તેનું નામ •સુખદાયક રાખજે. તારો પૂર્વનો સ્વામી ૩૬૦ યોજન ઉપર પાંચાળ દેશમાં જન્મેલો છે. હે શારદા, પુત્ર મોટો થાય ત્યારે તું ગૌકરણની યાત્રા કરવા જજે. ત્યાં જતાં તને રસ્તામાં તારો સ્વામી મળશે. સ્વપ્ન સુખ તને અને તેને યાદ આવશે. તું તારૂ ઉમાઇશના વ્રતનું અર્ધ પુન્ય તેને પાણીની અંજલિ લઇ અર્પણ કરજે. એટલે તે તને સ્વીકારશે. એમ કહી દેવી અંતર્ધ્યાન થઇ ગયાં. શારદા ગુરૂને ચરણે નમી હર્ષ પામી. પછી ગુરૂ વિદાય

થયા. શારદા સ્વપ્ને સ્વામીનું સુખ લેવા લાગીં. એમ કરતાં તેને આશા રહી. લોકો હાંસી કરવા લાગ્યા. પંચ ભેગા થઇ શારદાને શું શિક્ષા કરવી તે વિષે વિચાર ચલાવે છે તેટલામાં આકાશ વાણી થઇ કે શારદા પવિત્ર છે, એ સતી સાધ્વી છે; એની નિંદા કોઇએ કરવી નહિ. એને માતાના વચનથી પુત્રની આશા રહી છે. જે શારદાની નિંદા કરશે તેની જીભના સાત કડકા થશે. આકાશ વાણી સાંભળી શારદાના માતાપીતા તેની પવિત્રતા વીષે પંચને સમજાવવા લાગ્યા, પણ પંચ તેમને નહી ગણકારતાં વધારે નિંદા કરવા લાગ્યા. પછી ઇશ્વરકૃતિએ એમ બન્યું કે જે લોકો શારદાની નિંદા કરતા હતા તેમની જીભો કપાઇ ગઇને તેથી શારદાનો સત્યનો પ્રકાશ થયો. ને સહુ શારદાને નમ્યા.

માલવિકા—વાહ! કેવી પ્રભુની મહેર ! ને શિવભક્તિનો જય ! આ વાત તો ઘણી લાંબી જણાય છે.

ચતુરિકા—હા બહેન. સાભળ. પછી શારદાનો પુત્ર મોટો થયો. તેને જનોઇ દેવરાવી શારદા યાત્રાએ નીકળી, માર્ગમાં તેને સ્વપ્નનો સ્વામી મળ્યો. અને એક બીજાને ઓળખ્યાં. પરંતુ તેના સ્વામીની પૂર્ણ ખાતરી ન થવાથી તે જરા વિચારમાં પડ્યો. એટલે શારદાએ, દેવીની આજ્ઞા પ્રમાણે, વ્રતનું અર્ધું પુન્ય પોતાના સ્વામીને અર્પણ કર્યું કે તુરત તેણે શારદાને સ્વીકારી; સાથે લઇ પોતાને દેશ જઇ સુખચેનમાં રહ્યા. ને આખરે ધર્મ નિયમ કરી બન્ને શિવપુરમાં ગયાં.

માલવિકા—વાર્તા તો બહુ સારી છે. બહેન સીમંતિની, ધીરજ રાખી તું તારૂં વ્રત કર્યાં કર અને તેથીજ પરમેશ્વર તારૂં ગયેલું સુખ પાછું આપશે, અને તારા પતિ ચંદ્રાંગદ તને પાછા

મળશે.

ચતુરિકા—હા, મારી વહાલી સખી, સત્યનો જય છેજ. દિલગીરી તજી જ્ઞાન માર્ગ લે. સંતોષ અને ભક્તિમાંજ સુખ છે.

સીમંતિની—ખરૂં છે મારી બહેનો, તમારી ધીરજથીજ અને ઇશ્વર ભક્તિથી હું મારૂં દુઃખ વિસારે પાડું છું અને કંઇક શાંતિ પામું છું. ચાલો હવે પૂજા સમય થવા આવ્યો છે. સોમવારનું વ્રત છે, તેથી નદીએ નહાવા જવું છે. વેગાસર જઇએ, અને ત્યાંથી માતાજી પાસે જઇશું.

માલવિકા—ચાલ બહેન, તું શાંતિમાં હોય, ત્યારે અમારૂં મન પણ ખુશીમાં રહે. માતાજી તો રાહ જોતાં હશે. માટે ત્વરાથી નદીએ જઇ નાહી, પૂજન કરી માતાજી પાસે જઇશું.

પ્રવેશ ૭

સ્થળ—નૈષધ દેશમાં રાજ્ય મહેલ.

રાજા ચંદ્રસેન, રાણી યશવતી, પછીથી પ્રધાન, પછીથી ક્રૂરસેન.

યશવતી—આજ મારૂં જમણું ચક્ષુ કેમ ફરકે છે? આજ સવારની ઉઠી છું ત્યારના મને અશુભ શુકન થયાં કરે છે. તેનું શું કારણ હશે પ્રાણનાથ?

ચંદ્રસેન—પ્રિયા, એ તો વખતે દૈવગતિએ સર્વ અવયવો પોતાનું કામ કર્યાં કરે. માટે મિથ્યા વહેમ લાવી હૃદય બાળવું એ સુજ્ઞ જનનું લક્ષણ નથી.

યશવતી—પ્રાણનાથ, કહો કે ન કહો, પણ મારૂં મન તો

મૂઝાય છે. સ્ત્રી જાતિને પુરૂષ જેટલી ધીરજ રહેતી નથી પ્રાણનાથ. (પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, વંદન કરૂં છું. મગધ દેશથી જાસુસ પત્ર લઇને આવ્યો છે. તે આપની પાસે આવવા રજા માગે છે.

ચંદ્રસેન—બોલાવ તેને.

યશવતી—આપણે આવ્યાને હજુ પૂરા દશ દિવસ તો થયા નથી, એટલામાં શું હશે કે માણસ પાછળ ને પાછળ આવ્યું? કાંઇ વિઘ્ન હશે કે કેમ?

ચંદ્રસેન—પ્રિયા, તું આમ વહેમી ને અધીરી કેમ થઇ ગઇ? તારા મનમાં આવા ખરાબ વિચાર ક્યાંથી આવે છે? જે હશે તે હમણા જણાશે. (જાસુસ આવે છે.)

જાસુસ—(નિઃશ્વાસ નાંખતો નમન કરીને) મહારાજ, આ પત્રિકા. (આપે છે.)

ચંદ્રસેન—(પત્ર લઇ ઉખેલી વાચે છે.) અરે આ શું? હું જાગું છું કે સ્વપ્નમાં છું? નિદ્રામાં તો નથી? હાય આ શું?

યશવતી—પ્રાણનાથ શું છે? કેમ કહેતા નથી? અરે કહો તો ખરા. શું કાંઇ વિપરીત તો નથી? કાંઇ વિઘ્ન તો નથી? મારા મનમાં અનેક શંકા ઉત્પન્ન થાય છે.

ચંદ્રસેન—પ્રિયા શું કહું? (પત્રની હકીકત કહે છે રડે છે.) અરે હાય! આ ગેબની ગોળી ક્યાંથી?

ભેરવીની ગજલ ૬૧

ગયો તું પુત્ર ક્યાં મારા, કરીને હાય દુઃખી દારા,
મૂકીને વૃદ્ધ આ માતા, મૂકીને તાતને રોતા. ગયો—૧
અરે ઇશા ન છાજે આ, હર્યું ભોજન જમ્યા વિના,

લીધો તેં મુજ મન ભાળી, ગયો તું પુત્ર દઇ તાળી. ગયો-૨
લખ્યા શા લેખ આ કર્મે, ભૂલ્યો શું પુત્ર તું ભરમે,
તજી દારા તજી માતા, તજી રાજ તજી પિતા. ગયો-૩
લીધી તેં સ્વર્ગની વાટ, નમેરો શું થયો ભ્રાત,
ઘટે ના આમરે જાવું, કર્યું શું પુત્ર તેં આવું. ગયો-૪

યશાવતી--(રડે છે.) અરે પુત્ર, તારાં વૃદ્ધ માતપિતાને છોડી તું ક્યાં ગયો ? અરે વહાલા, તેં વહાલ કેમ વિસાર્યું ?

સોરઠો ૬૨

અરે હાયરે હાય, હાય પુત્ર તું ક્યાં ગયો ?
ક્યાં વિયોગી હાય, નહિ આશા મળવા તણી. ૧
ખોળું પૃથ્વી પાતાળ, રસાતાળ જાઉં ખરે,
ચંદ્રાંગદ મુજ બાળ, તોએ તું મળશે નહિ. ૨
વેરી કરશે વાસ, રાજ લઇ તુજ વીરલા,
ઘરડાં માતને તાત, બંદીવાન બની જશે. ૩
ભર યૌવનની માંય, દયા તજી તું ક્યાં ગયો;
ગયો સ્વર્ગની માંય, બાળ નમેરો શું થયો. ૪

અરે પુત્ર હવે ક્યાં મળું? હવે ક્યાં જાઉં! શું કરું ? શંકર! હે શ્રીહરિ! હાય(મૂર્છા ખાઇ પડે છે.)

ચંદ્રસેન—અરે મારા વહાલા પુત્ર ! તેં આ શું કર્યું (પ્રધાન આવે છે.)

પ્રધાન--મહારાજ બહુ ખોટું થયું. ભાવિ પ્રબળ છે. કલ્પાંત છોડી દો. બાઇ સાહેબ શાંત થાઓ. સાવધ થાઓ.

(રાણી સાવધ થાય છે.)

(ઇંદ્રસેન પોતાના સિપાઇઓ સહિત આવી રાજા રાણીને કેદ કરેછે.)

ક્રૂરસેન—અરે કેટલા વખતથી તલપી રહ્યો હતો કે ક્યારે રાજ લઉં? મારા ઉપર આજ પ્રભુ તુઠયો. આજ હવે આ રાજ મારૂં થયું. ગાદીએ બેસીશ. લહેર કરીશ.

પ્રધાન—અરે દુષ્ટ, આ દુઃખી થએલાં રાજારાણીને તું કેદ શા માટે કરે છે? અરે નિર્દય જરા દયા લાવ. તેની સંમતિથી સલાહ સંપે રાજ કર.

ક્રૂરસેન—અરે મૂર્ખ, તારે પણ બકબક કરી સ્વાદ ચાખવો છે કે? સિપાઇઓ આને પણ પકડો. ત્રણેને કેદખાનામાં લઇ જાઓ. ચલાવ જલદી (સર્વ જાય છે.)

પ્રવેશ ૮

સ્થળ યમુના નદીનો ઘાટ.

સીમંતિની, માલવિકા, ચતુરિકા; પછીથી ચંદ્રાંગદ અને તેના અનુચરો.

સીમંતિની—સખી માલવિકા, આ નદીને કિનારે હું આવું છું ખરી, પણ મારા મનમાં મારા સ્વામી વિષેનું દુઃખ તાજું થઇ આવે છે. બહેન પૂજન કરવામાં મન રહેતુંજ નથી. શું કરવું વહાલી ?

માલવિકા—બહેન ધીરજ ધરી જે નિયમ લીધો છે તે કર્યાંજ કર. વહાલી સખી, જેમ સોનાની કસોટી સોની કરે છે. તેમ તારી કસોટી પ્રભુ કરે છે. માટે બહેન ધીરજ રાખ. સત્યનો જયજ થશે.

ચતુરિકા—સખી, આપણે આપણી સખીને વારંવાર ધૈર્ય

આપીએ છીએ ખરાં, પરંતુ આપણું મન ખિન્નતા છોડતું નથી. તો આપણી સખીનો શું વાંક કહાડવો ?

સીમંતિની—બહેન, હવે હું નહાઈ લઉં. આજ તો સોમ પ્રદોષનું વ્રત છે, તે સૂર્યનું પૂજન કરવું જોઇશે. સખી તમે મારી સાથે છો તે ઠીક છે, નીકર હું એકલી ઘણી મૂઝાઉં છું.

માલવિકા--બહેન સીમંતિની, નદીમાં નાહી આ કિનારે શિવાલય છે ત્યાં બેસી સૂર્યનું પૂજન કરજે તે તને ઘણું અનુકૂળ પડશે.

સીમંતિની—હા સખી, એમજ કરું છું.

(નાહીને પૂજા કરે છે.)

મીઠડું મહી લેવું, મહી લેવું.—એ રાગ ૯૩

મમ દિનકર દિવાકરરે વંદુ વિભુ વસુ વિભુ વસુ.
ભાનુ રવિ ઉદય અર્યમારે, વંદુ વિભુ વસુ વિભુ વસુ.
અરૂણ સૂર્ય ઉદય આદિત્યરે, વંદુ.
નમું નમું તને પ્રભાકરરે, વંદુ.
નમું અગ્નિ મૌલે સવિતાજરે, વંદુ.
જગ ચક્ષુ તમે દેવતાજરે, વંદુ.
કરૂં દ્વાદશ નામથી સેવરે, વંદુ.
કરો કૃપા તમે સત્ય દેવરે, વંદુ.

બહેન સૂર્યના બાર નામની પૂજા તો કરી રહી. હવે પરમેશ્વરની માનસિક પૂજા બાકી રહી છે.

માલવિકા—હા બહેન, જે કરવું હોય તે નિવૃત્તિએ કરજે. અમે અહિંયાં બેઠાં છીએ.

સીમંતિની—વારૂ, મારી વહાલી સખીઓ, તમારે લીધે

હું મારૂં અર્ધું દુઃખ વિસારે પાડું છું.

(હાથ જોડીને સ્તુતિ કરે છે.)

વસંત તિલકા ૬૪

હે ઇષ્ટ દેવ શિવ શંકર વિશ્વદેવા,
વંદી કરૂં નિયમથી તુજ નિત્ય સેવા;
આ જીવને નહિ તમેજ વિસારી દેશો,
હું છું દુઃખી ભવ વિષેથી ઉગારી લેશો. ૧
શ્રદ્ધા રૂપી નીર તને અરપી કરીને,
આ મન વેગ કુસુમો રહી છું ધરીને;
રે ભક્તિ મુક્તિ સુમતિ રૂપ બીલી પત્રે,
પૂજું તને પશુ પતિ તજી ક્રોધ અત્રે. ૨
રે જ્ઞાન રૂપ દીપને પ્રગટી પ્રભુ હું,
આ લોભ મોહ રૂપ ધૂપ ધરી નમું છું;
આ દેહ ઇન્દ્રિ પ્રભુ હું ધરૂં ભોગ તુને,
દ્વિહસ્તને શિર ધરી, કરૂં દાન હું તે. ૩
છે આ અસાર જગમાં, પ્રભુ સાર તારો,
સંસાર ચક્ર મહીં હું રહી છું ઉગારો;
આપી સહુ સુખ હવે પ્રભુ દુઃખ કાપો,
સૌભાગ્ય મારૂં ગયેલું, કરી મે'ર આપો. ૪

(આશ્ચર્યથી મનમાં) અરે આ હું શું જોઉં છું ? કોઇ દેવ છે ? શું સૂર્ય દેવ ? શું વરૂણ ? કે શું પાતાળી નાગ કોઇ મનુષ્ય રૂપે હશે ? આ જળમાંથી એકાએક કોણ ઉપર આવે છે ? જાણે ચંદ્રાંગદ ભૂપ હોયની ! પણ તે તે કયાંથી હોય ચ સ

ન) સખી માલવિકા, સખી ચતુરિકા, આ વિચિત્ર દેખાવ હું એકલીજ જોઉં છું કે તમે પણ જુઓ છો?

ચતુરિકા—કેમ શું છે બહેન, શું વિચારમાં પડી છે?

સીમંતિની—સખી જો તો ખરી. પેલા ઓવારા આગળ પ્રાતઃકાળમાં અરૂણ ઉદય થાય ને સૂર્ય ધીમે ધીમે ઉંચો આવતો જાય તેમ, જેમ લાકડામાં અગ્નિ પ્રસરી એકાએક જ્વાળા બહાર નીકળી આવે તેમ, આ કોઇ તેજસ્વી મૂર્તિ નદીના નિર્મળ નીરમાંથી બહાર આવતી જણાય છે. બહેન, એ કોણ હશે? કોઇ દેવ તો નહિ હોય? જો એમ હોય તો હું જઇને પગે પડું ને મારૂં સુખ માગી લઉં.

માલવિકા—સખી સીમંતિની, ખરે લાગે છે તો કોઇ દેવ જેવો. પણ દેવ તો હોય નહિ.

ચતુરિકા—આ પુરૂષ કોઇ તેજસ્વી છે. આપણું મન એવી સાક્ષી પૂરે છે કે આ મનોહર મૂર્તિ આપણે જોઇ નહિ હોય શું!

સીમંતિની—સખી, મને પણ એમ લાગે છે. પણ બહેન,

માલિની ૬૫

થઇ ગઇ મન ગાંડી, આ છબી જોઇ વહાલી,
બહુ બહુ હું વિમાસું, ચંદ્ર આ મુંજ માળી;
મલિન મન ન મારૂં, સત્ય સાક્ષી ધરે છે
અવર નર વિષે તો. ચક્ષુ આના હરેરે. ૧

નવ મન કદી ગાંડી, એની હું એમ જાણો
રીત નિયમ નિશાની, જોઇને એ પીછાનો;

મમ મનડું પૂરે છે, સાક્ષી એ ચંદ્ર મારો,
પ્રભુ પરમ કૃપાળુ, સાહ્ય જો છે થનારો. ૨

માલવિકા—સખી, અમને પણ એજ વિચાર થાય છે કે એ કોણ હશે ?

ચતુરિકા—બહેન સીમંતિની, તું જો પૂજન કરી રહી હોય તો આ દહેરાના ઓટલા ઉપર આપણે ત્રણે બેસીએ, અને તેની ચર્ચા જોઇએ.

માલવિકા—હા સખી, એમજ કરીએ. અને પછી જોઇએ કે તે કયાં જાય છે ?

સીમંતિની—સખી ચાલો, હવે હું પણ પૂજન કરી પરવારી છું. તમારી મરજીને અનુસરી આપણે ત્રણે જણ શિવ દહેરાના ઓટલા ઉપર બેસીએ. (ત્રણે જણ બેસે છે.)

માલવિકા—બહેન ચતુરિકા, જાણે આપણી તરફજ આવવા માંડયું. જો તો ખરી.

સીમંતિની—હા સખી. એમજ છે. ઘોડાપરથી ઉતરી ત્રણે જણ પગ પાળા આ તરફ આવે છે.

ચતુરિકા—બહેન, આપણે હવે શાંત બેસી રહી શું થાય છે તે જુઓ.

ચંદ્રાંગદ—(રસ્તે ચાલતાં મનમાં)

મહેતાજી રે શું મહી મૂલ બતાવું—એ રાગ. ૬૬

બહુ શોભે રે નાજુક નાર રસીલી, રહી ભેખ ને યોગ બાનેલી
લટ છૂટીરે, રહ્યો પનગ વર લટકી, નથી નાકની માંહે નથની.
શ્વેત વસ્ત્ર ધર્યાં છે અંગેરે, બેઉ સખીઓ રહી છે સંગેરે,

નથી સૌભાગ્ય લક્ષણુ અંગેરે
નથી આંખોરે અંજનથી આંજેલી, રહી. ૧
ખરી જોગણુ રે, મુખની મુદ્રા કેવી, જયમ તાપસી છે ઊભેલી,
જાઉં મનનીરે હું તો માજા મેલી, જોઇ પ્રાણુ પ્રિયા મુખ ઘેલી;
નથી ચાંદલિગો લલાટરે, કંઠે હાર રૂદ્રાક્ષની માળરે,
તપ તેજ તણો નહિ પારરે,
સતી શક્તિરે સામી આવી ઉભેલી, રહી. ૨
જાઉં જોવારે મળું એહ રસીલી, મૃગ નયની મન વસેલી
દીલ દાઝું રે, કરમાઇ મુજ વેલી, થઇ માળી કરૂં ગત સેહેલી;
જોઇ વ્યાકુળ થાઉં અપારરે, તન તાપ પીડે આવારરે,
થત્રા આસન મન વિચારરે,
ચંદ્રમુખીરે મદને લીધો ઘેરી, રહી. ૩
અરે શું હું રે જઇશ ધર્મને ચૂકી, વશ કર્યો મને શશિ મુખી,
પ્રભુ શી તેં રે એવી ગતિજ ચહેલી, તું ધીરજ આપજે વહેલી;
અંગ દુર્બળ મુખ દયાળરે, જોઇ ખિન્ન થાઉં આ વારરે,
પીડા અંતર માંહી અપારરે,
દિલાસોરે આપું જઇ મન મેલી. રહી. ૪

નહિ ! નહિ ! મન, ધીરજ ધર. હમણા તારે પ્રગટ થવાનું નથી. પહેલાંથી માતા પિતાની સંભાળ લે કે જે તને દુનિયામાં દૃષ્ટ રૂપ છે. પછી મોહ પાશમાં બંધાઈ સ્ત્રી સુખની આશા રાખજે. (આગળ ચાલી પાસે જાય છે.)

સીમંતિની—આ જેમ જેમ પાસે આવે છે તેમ તેમ તેની છબી વિષે મારા મનમાં શંકા થાય છે, કે જાણે ચંદ્રાંગદ,

મારા શિરછત્ર ન હોય! એવું જણાય છે. રખેને તે હોય! અરે તે કયાંથી હોય? કદી પ્રભુએ મારૂં પતિવ્રત જોવા માયાવી પુરૂષ મોકલ્યો હશે. જે હોય તે. પ્રભુ, મારૂં સત્ય જાળવી નિશ્ચળ બુદ્ધિ રાખવી તારે હાથ છે. કેમ સખી કોઇ બોલતાં નથી?

માલવિકા—બહેન, શું બોલીએ?

ચતુરિકા—હું તો દિઙ્મૂઢ થઇ ગઇ છું.

ચંદ્રાંગદ—(પાસે આવીને)

મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાગ

કહો કોણ તમે છો, કયમ આવ્યા આ ઘાટે
શ્વેત વસ્ત્ર ધર્યાં છે અંગ તમે શામાટે.
કોમળ આ છે તમ કાય, તેજ વિણુ કષ્ટે
કોણ પતિ માતને તાત, કહોની પૃષ્ટે.

સીમંતિની— શિખરિણી ૫૮

અરે ઋષિ મુનિ, શશિધર તમે છો કંઇ ખરે
કહો સાચું સર્વે, શીદ સરવ વાતો પૂછી મને;
(સખીને) કહે સર્વે સાચું, પ્રિય સખી તું મારી દુ:ખકથા
કદી હોશે દેવા, દિલતણી ટળેરે સહુ વ્યથા.

સખી, મારા દુ:ખની સર્વ કથા તુંજ કહે. દેવ હશે તો દુ:ખ દૂર કરશે, બહેન. વિસ્તારથી હું મારી પોતાની મેળે કેમ કહી શકું? હું તો હવે મૂઝાઇ છું. ભાન ભૂલી છું.

માલવિકા—મહારાજ, મારી સખીની દુ:ખની કથા સાંભળો.

ગજલ ૫૯

સાંભળો તમે સત્ય કહું, મુજ સખી વૃતાંત,
ભોગવે આ ભેખ મારી, વહાલી વિના કાંત.

મગધ દેશ તણા ભૂપ, પ્રતાપી મહારાજ,
તેહની આ બાળ નામે, સીમંતિની આજ.
નૈષધપતિ નામે, ચંદ્રસેન ભૂપધીર
ચંદ્રાંગદ પુત્ર હતો તેનો શૂરવીર.
વરાવી તે સાથ મારી, આ સખીનેરે
જમવાને શ્વશુર ગૃહે, રહ્યા જમાત્રતે.

ચતુરિકા— લાવણી ૭૦

અરે ગયો તે રમવા વીર, ધરીને ધીર, યમુના તીર, મિત્રની સાથે
ફરવાની મરજી કરી નદીને કાંઠે.
મૂક્યું ત્યાં તરતું નાવ, ફરવા માંડ્યુ ધરી ભાવ
અરે વાયો બૂરો વાવ, ઉથલાવી નાખ્યું નાવ
બૂડયા તે ત્રણે વીર, મોત લઇ શિર, ચંદ્રાંગદ ધીર, ગયો ગુમાઇ,
નવ લાગી ફરીને ભાળ, થયા દુ:ખદાઇ.
ગયો વિદાય જાનનો સાથ, પરણ્યાનાં મીંઢળ હાથ,
ઘરમાં તો છે હજુ જાગ, ત્યાં અવળું નીવડયું ભાગ.
તમે હો દેવ કે ઋષિ, ખરે તપસી, કરો સુખશાતા,
આપો સખીને સૌભાગ્ય, ત્રિભુવન ત્રાતા.

સીમંતિની—(એકદમ જાગ્રત થઇ નમીને)

દશા આ શી થઇ મારી.—એ રાગ. ૭૧

ખરે શું છો તમે શંભુ, કહો સાચું વદું વંદું.
દીસે ચંદ્રપ્રભા સમું, રૂપ તમારૂં આજ,
કહો સાથે આ કોણ છે, સેવક કે સગાજ.
કહોની મર્મ શું એમાં, ન નાખો મનભ્રાન્તિમાં. ખરે-૧

કામ સમા દીસો તમે, જાણે મારા નાથ,
ચંદ્રાંગદની છે છબી, તમ જેવી સાક્ષાત.
જતાં ચંદ્ર દુઃખીદારા, દુઃખી માતાપિતા મારા. ખરે-૨
બંદીખાને નાંખીયાં, ચંદ્ર તણા માબાપ,
રાજ ચલાવે ક્રૂરસેન, આપે દુઃખ અમાપ.
સહુની છે દશા એવી, પ્રભુ નાંખે સદા સહેવી. ખરે-૩

(વ્યાકુળતાથી મૂર્છા ખાઇ પડે છે.)

બન્ને સખીઓ—(ગભરાઇને) અરે સખા સીમંતિની, આ શું?

ચંદ્રાંગદ—બાળાઓ, ગભરાઓના. તમે તેને શાંત કરે તે દુઃખના આવેશમાં અચેતન થઇ છે. (અકળાઇને મનમાં)

શાર્દુલ વિક્રીડીત. ૭૨

દેખીને મમ પ્રાણને થતી દુઃખી, હું તો મૂંઝાયો અરે,
ત્રિશંકુ સમ છે સ્થિતિ મમતણી, હાવે કરૂં શું હરે;
થાઉં જો કદી હું છતો સમયઆ, કામે થઇ આંધરે,
છોડાવું નહિ માત તાત પ્રથમે, થાઉં નીતિ ભંગરે. ૧
મારૂં આ મનમથ મુજ મનથી, દેખી પ્રિયા દષ્ટિએ
ધારી આ મન સત્ય શુદ્ધ ગુણને, સેવું સહુ કષ્ટરે,
રાખીને મન હાલ ધીર દઢને, શોધી સહુ વેદના,
વહાલી આ મમપ્રાણ છે બહુ દુઃખી, તેની કરૂં સાન્ત્વના. ૨

મંદાક્રાંતા ૭૨

જાઉં હાવે પ્રથમ પુરમાં, શત્રુ વેગે હણુંરે
છોડાવું હું જનક જનુની, દુઃખ પામે ઘણુંરે;
આપું આશા મમ પ્રિય તને, કંથ થોડે દિનેરે
નિશ્ચે આવી તુરત મળશે, ધીર રે ધારીનેરે. ૧

(ચાસન) અરે સાધ્વી સીમંતિની, ધીરજ રાખ અને શાંતિથી સાંભળ. (સીમંતિની સાવધ થાય છે.)

ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખોરે— એ રાગ. ૭૪

હવે ધીરજ ધારી વાત કહું તે સાંભળોરે,
કહું તે સાંભળોરે, કહું તે સાંભળોરે હવે.
સિદ્ધ રૂપમાં ફરતાં ફરતાં ગયો સ્વર્ગ મોઝાર,
તારા તપની કીર્તિ પ્રસરી, સઘળે સ્વર્ગ પાતાળ. હવે. ૧
બ્રહ્માવિષ્નુ વળી સદાશિવ, થઇને એક વિચાર,
ધરણીધર પન્નગ વર પાસે, લઇને તુજ ભરથાર. હવે. ૨
મોકલશે થોડા દિનમાં તે, નિજપુર નૈષધ દેશ
ગઇ લક્ષ્મી પાછી મેળવશે, ટળશે તારા કલેશ. હવે. ૩
તુજ સ્વામી છે નેકી ટેકી, છોડવી જનુની તાત,
વનિતા તુજને તે તેડાવી, દેશે સુખ અગાધ. હવે. ૪

માટે હે સતી, ધીરજથી દિવસો નિર્ગમન કર. (સેવકોને) ચાલો સેવકો આપણ હવે જઇએ. (ત્રણે જણ જાય છે.)

સીમંતિની—સખી, આ શું હશે? એ તો ગયા. શું આ ખરૂં હશે? સખી સ્વપ્ન તો નથી?

માલવિકા—સિદ્ધ પુરૂષના વચનો તો સાચાંજ હોય, બહેન, તે ઉપર ભરોસો રાખી દિવસ લેવા.

ચતુરિકા—ચાલો હવે, ઘેરથી આવ્યાને બહુ વાર થઇ છે આપણે સત્વર જવું જોઇએ. માતાજી વાટ જોઇ રહ્યાં હશે.

સીમંતિની—ચાલો બહેનો. (સર્વ જાય છે.)

પ્રવેશ ૯

સ્થળ—કેદખાનું.

રાજા ચંદ્રસેન, રાણી યશવતી, પછીથી ક્રૂરસેન; પછીથી અનુચરો.

યશવતી—(જાગ્રત થઇને) અરે આ હું કયાં છું? અરે મારો મહેલ કયાં? શું હું મારા પુત્રની ખોળને માટે કોઇ યમદ્વારમાં આવેલી છું? ના! ના! મારો ચંદ્ર આખી પૃથ્વીનું તેજ, તેને યમદ્વાર કેમ હોય? અરે મારા વહાલા પુત્ર! તું મને આ દુ:ખના કૂપમાં મૂકી કયાં ગયો? જેમ ચંદ્ર વાદળમાં છૂપાય છે તેમ તું છૂપો રહ્યો. અરે! તારા નામ પ્રમાણે, તારા સ્વભાવ પ્રમાણે, તારી શીતળતા કયાં ગઇ? અરે પ્રભુ, તેં મારો હૈયાનો હાર, આંખનું તેજ, જીવન આધાર કેમ છીનવી લીધો?

ચંદ્રસેન—અરે હાય! આ હીરા મોતીનાં કડાંને બદલે હે પુત્ર! તેં આ લોખંડની બેડીઓ જડાવી. હે પુત્ર! તારી ગેરહાજરીમાં તારા શત્રુએ આ તારાં દુ:ખી માતા પિતાને કેદી બનાવ્યાં. અરે મારા સિંહ, તું કઇ ગુફામા સંતાયો? કે જેથી આ શિયાળવું ફાળ ભરી રાજકર્તા થયું. અરે મારા કેશરી, તારા શિયાળ શત્રુનો નાશ કરવા કેમ તત્પર થતો નથી? અરે તું દયાહીન કેમ થયો? અરે તું કયાં ગયો? હાયરે પુત્ર!

યશવતી—અરે પ્રભુ! મેં તે શાં શાં પાપ કર્યાં હશે? કે મારે આ જન્મે આ બંદીખાનાનું દુ:ખ અને આ પુત્રનો વિયોગ સહેવો પડયો; હે પુત્ર, આજ તારા વૃદ્ધ માતા પિતાની પુખ્ત ઉમરે, સ્વર્ગવાસનો વખત છે તેવે વખતે, યુવાન બાળક,

તું ક્યાં ગયો? અરે દૈવ, તું અવળો કેમ થયો? ખરે, અવળી વાદળી વરસી, ખરે નેવનાં પાણી મોભે ચડયાં! અરે હું ક્યાં જાઉં, કેમ રહું? કેમ સહું? કોને કહું? અરે બાળક! અરે પાળક! અહો પુત્ર! આજ ત્રણ ત્રણ વર્ષથી આ દુઃખ ભોગવતાં અમે હવે ઇશ્વરનું શરણ ઇચ્છીએ છીએ.

અચાનક આશો કોપ કીધોરે પ્રભુ—એ રાગ. ૭૫

અરે હાય પુત્ર તને હવે ક્યાં મળું,
દુઃખ કૂપમાંહી પડી, દેહરે ગળું. અરે. ૧
વત્સથી વિખૂટી પડે જેમ ગાવડી,
પુત્ર ચંદ્ર વિના યશવતી માવડી. અરે. ૨
રામરસ વિના નહિ ભોજનનો સાર;
ચંદ્ર પુત્ર વિના સૂનો મારોરે સંસાર. અરે. ૩
જળ વિના ત્રફડી મરેજ માછલી,
તુજ વિના ત્રફડી મરૂં હું એકલી. અરે. ૪
દુઃખ દાવાનળ દવે હાય હું બળી
ચંદ્રાંગદ પુત્ર તને શાંતિ ક્યાં વળી. અરે. ૫
હસ્તના મીંઢળ તમે છોડયાં ક્યાં જઇ
વેહેલ વરઘોડીયાંની સ્વર્ગમાં ગઇ. અરે. ૬
પરણી સજોડે પુત્ર પાછા ના ફર્યા,
ચોરીએ ચડંતા આડે સર્પ ઉતર્યા. અરે. ૭
રંક હાથ રત્ન હતું શું લીધું હરી
હાય હાય હાય દૈવે દયા ના ધરી. અરે. ૮
હાય પુત્ર મૂકી માત મૂકી તાતને
મૂકી બાળ પત્ની લીધી સ્વર્ગ વાટરે. અરે. ૯

શું વિલાસી મન હરિસુખમાં રમ્યું,
વધૂનું સૌભાગ્ય હરી સ્વર્ગ શું ગમ્યું. અરે. ૧૦

હાય હવે ક્યાં જાઉં ? ક્યાં ખોળું ? ક્યાં મળું ? ખરેજ ટળવળું, વલવલું, પરંતુ હે દૈવ તને દયા નથી. આ મારૂ દુઃખ કોને કહું ?

ચંદ્રસેન—અરે ચંદ્રાંગદ, તું જતાં સર્વ ગયું. કંઇ બાકી ન રહ્યું. રાજ ગયું, ને બંદીખાનું રહ્યું. અરે પુત્ર, તને શું થયું ? અરે પ્રભુ, ગજબ થયો ! કેર થયો ! ખરેજ તારો કોપ થયો. હું દીન થયો. અરે મારો પુત્ર ગયો.

લલિત. ૭૬

ગજબ કારમો શો પ્રભુ કર્યો, દીન દયાળ શું દીન તેં કર્યો,
પ્રભુ કૃતિ ગતિ ના કળાયરે, પુત્ર શીદ ગયો હાય હાયરે. ૧
પરણીને લીધી સ્વર્ગ વાટરે, પરહરી ગયો માત તાતરે,
પરહરી પ્રિયા કેમ જાયરે, પુત્ર શીદ ગયો હાય હાયરે. ૨
જડી લીધી અરે બેડી હાથરે, દુઃખી કરી ગયો સર્વ સાથરે,
અધિક જીવ મારો મૂંઝાયરે, પુત્ર શીદ ગયો હાય હાયરે. ૩
પરહરી ગયો પ્રાણ માહરા, સકળ ગુણ સંભારી તાહરા,
સિંહ સૂવાડીગો, ના સેવાયરે, પુત્ર શીદ ગયો હાય હાયરે. ૪
દુઃખ તણો પ્રભુ ડુંગરો થયો, અરર હાથથી હીરલો ગયો,
સહુ તણું હરિસુખ જાયરે, પુત્ર શીદ ગયો હાય હાયરે. ૫

અરે પુત્ર તું જો હોય તો આ ક્રૂરસેન નિર્ભયપણે ફરે ? રાજ્ય કરે ? ના ! ના ! સિંહના પંજામાં આવેલું શિયાળવું ક્યાં સૂધી ટકી શકે ? શું કરૂં કે તે ક્રૂરિયાએ બેભાન સ્થિતિમાં મને

બંધન કીધો. નહિતો એ દુષ્ટનો અંત આવ્યા સિવાય રહેત નહિ. (ક્રૂરસેન આવે છે.)

ક્રૂરસેન—અરે બૂઢિયા, 'મિયાં પડે પણ ટંગડી ઉંચી'ની માફક શું પ્રમાદી ભાષણ લવ્યાં કરે છે? તારા ચંદ્રાંગદને તો મારે વાસ્તેજ પરમેશ્વરે ડૂબકી ખવાડી છે. હવે તે ક્યાંથી આવનાર છે? આ બંદાના કર્મમા રાજ્ય લખેલું તે મિથ્યા કેમ થાય? હવે મારી સાહેબી જોતો જા ને રોતો જા. હીરાનાં કડાંને બદલે લોઢાની બેડી કેવી શોભી રહી છે તે તો જો.

ચંદ્રસેન—અરે પાપી, બંદો કહેતાં ગધેડો. તે ખરેજ તારા ગુણ તેવા છે. અમો દુઃખીને દિલાસો દેવાને બદલે આવી પડેલી આફતમાં તેં અમને બંદીવાન કરી દુઃખમાં વૃદ્ધિ કરી. અરે દુષ્ટ! ઘાયલ થએલા સિંહને બાંધી લેવામાં શું તું પુરૂષાર્થ સમજે છે? માંકડાની માફક ફાળ ભરી રહયો છે. પણ યાદ રાખજે કે તારાં કુકૃત્યનો બદલો પરમેશ્વર તને આપશે.

યશવતી—અરે કંગાલ! મારો એકનો એક પુત્ર ઇશ્વરના કોપથી બૂડી જતાં તું હીચકારો રાજી થઇ અમને બાળવા આવ્યો છે? આ બંધ બાંધી, કેદ કરી તું ધરાયો નથી? ભાઇ, તારૂં અમે શું બગાડયું છે?

ચંદ્રસેન—ક્રૂરસેન, તેં જો સલાહસંપથી રાજ્ય માગ્યું હત અને અમને દુઃખમાં દિલાસો આપ્યો હત, તો તારૂં ભલું ગણાત; હું રાજ્ય આપત. પણ તેં દગો કરી બંદીવાન કરી રાજ્ય કરવાની હિમત ધરી, એ તને અને ક્ષત્રી જાતને લાંછન લગાડયું છે. ક્ષત્રી નામ બગાડયું છે. ધિક્કાર છે તને, અને તારા હીચકારાપણાને.

ક્રૂરસેન—તું તારા મનમાં શું સમજે છે? અરે દુષ્ટ! જેમ આવે છે તેમ બકે છે, તે તારું મોત પાસે આવ્યું છે કે શું? પડયાં પડયાં જીવવું ન ગમતું હોય તો ચાલ, થા તૈયાર. આ જોઈ છે મારી તલવાર! એક ઘાએજ બે કડકા સમજજે.

યશાવતી—ભાઈ તું શું અમને મારશે? અમને તો પ્રભુએ મારી મૂકયાં છે. મારો ચંદ્રાંગદ જતાં અમે તો જીવ વિનાનાજ છીએ. ઘાતકી! તારે જે કરવું હોય તે કર. પરમેશ્વર અમારો સાથી છે. (અનુચર આવે છે.)

અનુચર—મહારાજ, પ્રધાનજી આપને બોલાવે છે.

ક્રૂરસેન— કેમ શું કામ છે? કંઇ જરૂરી છે કે શું?

અનુચર—હા મહારાજ. એ એમ કહે છે કે આપણી વાડીમાં કોઇ પરદેશી વિના હુકમે આવીને પડેલ છે.

ક્રૂરસેન—એમ છે? ત્યારે જલદી આવું છું. ચાલો. પછી આ લોકની ખબર લઇશ. (ક્રૂરસેન અનુચર સહિત જાય છે.)

પ્રવેશ ૧૦

સ્થળ—નૈષધદેશમાં રાજ્યવાટિકા.

ચંદ્રાંગદ, તેના દૂતો, માળી તથા વટેમાર્ગુ સ્ત્રી પુરૂષો.

ચંદ્રાંગદ—(મનમાં) અરે આ પંથતો બહુ લાંબો લાગ્યો તેનું કારણ ખરે મારી વહાલી પ્રિયાનો વિયોગજ છે. મન, હવે ધીરજ ધર. હવે તારો સ્વદેશ આવ્યો. હવે તું ગભરાઇશ ના ધીરજ ધરી શત્રુનો નાશ કરી સુખની આશા બાંધ. (પ્રકાશ) અનુચરો, આ સામી વાડી છે ત્યાં આપણે ઉતારો કરવાનો છે. ત્યાં દરવાન માળી પાસે દરવાજો ખોલાવી અંદર ચાલો.

અનુચરો—જેમ આજ્ઞા મહારાજ. (માળીને) અમે માલી દરવાજા ખોલ.

માળી—(મનમાં) અરે, આ નવતર માણસ કોણ છે? જાણે મોટા દૈત્ય. (ચાસન) કેમ ભાઇ શું કામ છે? આ ક્રૂરસેન જૂલમ ગુજારી રહયો છે ને વળી તમારૂં બાકી હોય તે તમે કરો.

ચંદ્રાંગદ—માળી ગભરાઇશ ના. હવે ક્રૂરસેનની ખબર લેવા હું ચંદ્રાંગદ આવ્યો છું. દરવાજો ખોલ.

માળી—અરે કોણ ચંદ્રાંગદ ભાઇ! તમે મને ઠગો છો. તે તો બૂડી ગયા છે. તે હોય તો આ પાપી પગ પેસારો કરે શું? એના શું ભાર હતા? અરે રામ! એવા અમારા ભાગ્ય કયાંથી હોય કે ભાઇ ચંદ્રાંગદ જીવતા હોય?

ચંદ્રાંગદ—અરે માળી, હુંજ ચંદ્રાંગદ છું. તે સાચું માન અને ભય તજી દરવાજો ખોલ.

માળી—(દરવાજો ખોલે છે. સહુ અંદર દાખલ થાય છે) અરે, આ તો ચંદ્રાંગદ બાપા છેને શું? (હરખાઇને પગે પડે છે.)

શણગાર શૂણો રે સવારનો—એ રાગ ૭૭

સોનાનો સૂરજ ઉગીયો, ભાઇ સોનાનો સૂરજ ઉગીઓ.
ભાઇ મોતીડે વરસ્યા મેહજો. ભાઇ ચંદર ઉગ્યોરે પૂનેમનો.
તે તો અંધકાર કરશે નાશજો. ભાઇ સોનાનો સૂરજ ઉગીયો.

(હરખાઇને નાચે છે અને કૂદે છે.)

ચંદ્રાંગદ—અલ્યા માળી, માતપિતાની શું સ્થિતિ છે? તે તો કહે. હર્ષઘેલો બન્યો છે કે શું?

માળી—ભાઇ, માતાપિતાની શું વાત પૂછો છો? એમના દુ:ખની શું વાત કરૂં?

ગજલ, ૭૮

દુઃખી માતા દુઃખી પિતા
થયો શત્રુ બહુ વીત્યાં;
લીધાં બાંધી બેભાનીએ,
ન રાખી કાંઇ બાકીએ. ૧

ભાઇ, હવે સત્વર તેનો કંઇ ઉપાય કરો. નીકર માતાપિતાની માઠી દશા છે. લોકો કહે છે કે ક્રૂરસેનની ક્રૂરતાથી હવે તેઓ પ્રાણ ત્યાગ કરશે.

ચંદ્રાંગદ—અરે દૂતો, તમે સત્વર જાઓ. વગર બીકે મહેલમાં જજો અને રાજા ક્રૂરસેનને કહેજો કે શરણ થા, નહિતર યુદ્ધ કર.

અનુચરો—બહુ સારૂં મહારાજ.

(બન્ને જાય છે.)

(રસ્તે જતાં સ્ત્રી પુરૂષો વાત કરે છે; તે ચંદ્રાંગદ સાંભળે છે.)

૧ સ્ત્રી—આજ આ વાડી કેમ ખુલ્લી છે?

૨ સ્ત્રી—બહેન, આજતો આપણને ઠેઠ પણેથી એ વાડીના સુગંધ આવી. તે ખુલ્લી છે, તેમાં બહેકે છે કે શું?

૧ પુરૂષ—અરે બાઇઓ, એ તો આપણા ચંદ્રાંગદ કુંવર નાગલોકથી આવ્યા છે અને એ વાડીમાં ઊતર્યા છે.

૨ પુરૂષ—એ સુગંધી તો ચંદ્રાંગદે સાથે આણેલી કસ્તુરીની છે. અહિંથી તો શું પણ દશ યોજનથી તેની વાસ બહેકી રહી છે.

૧ સ્ત્રી—પણ ચંદ્રાંગદ તો બૂડી ગયા હતા ને તે આવે ક્યાંથી? તમને આ બધી વાતો કોણે કહી?

૨ પુરૂષ—એ પાતાળે ગયા હતા. ત્યાં નાગ દેવતા પ્રસન્ન થયા અને તેણે પાછા રાજ્યમાં મોકલ્યા એમ વાતો ચાલી રહી છે. અને તે વિષે માળીના કહેવાથી સૌના જાણવામાં આવ્યું છે.

૧ સ્ત્રી—વારૂ ભલે મારા વીરા આવ્યા. હવે તો આપણા ભાગ્યનો ઉદય થયો. પ્રભુ તુઠે ત્યારે કંઇ વાર છે? રામ રાખે તેને કોણ ચાખે? બાકી બૂડેલું પાછું કયાંથી મળે? માળીનું કહેવું સાચુંજ હશે.

૧ પુરૂષ—હારે હા. તદન સાચું છે. કુંવરને મેં મારી નજરે જોયા તે નહિ? એવું તે કંઇ ખોટું હોય?

૨ સ્ત્રી—બેન, એટલાં આ રાજ્યનાં પુન્ય. બાકી પીટયા ક્રૂરે તો કેરજ વર્તાવ્યો. કોઇ વહુ દીકરીને ઘરથી બહાર જવાનો રસ્તોજ રાખ્યો નહિ. પ્રભુનો પાડ માનો કે આપણા રાજકુંવરને સજીવંન રાખી પાછા આપણી સંભાળ લેવા મોકલ્યા. બેન, આપણાં ભાગ્ય ખુલ્યાં.

૩ સ્ત્રી—હા બ્હેન, ક્રૂરસેને રાજ્ય લીધું ત્યારેજ આ ૬૦ વર્ષે પાણી ભરવા પડે છે તો. ચંદ્રસેનના રાજ્યમાં કેવી મઝા હતી? સ્ત્રીજાતનું નામજ લેવાતું નહોતું. તે પાછું હવે ઇશ્વરે તે સુખ આપ્યું. તો તેનો આભારજ તો! પ્રભુ તો દયાળુ છે.

૪ સ્ત્રી—એ તો જાણે રામનું રાજ્યજ હતું.

૫ સ્ત્રી—પરમેશ્વર જેમ રાખે તેમ રહેવું. આ તો પીટયો જાણે રાવણ! પીટયો મરતોએ નથી. (કડાકા ફોડે છે.)

૩ પુરૂષ—બાઇઓ, હવે તો તે બે દિવસનો મેમાન છે. આયુષ્ય હોય તો બચે નહિ તો રામ રામ. હવે ચંદ્રાંગદ સામે તે ટકી શકે તેવી આશા રાખશોજ ના.

૨ પુરૂષ—હવે તો આપણા સુખનો સૂર્ય ઉગવા માં ડયો છે.

ચંદ્રાંગદ—(એકલો) શું આ દુષ્ટે દુષ્ટતા કરી મૂકી છે? ધિક્કાર છે તેને! અરે માળી, આ બિછાનું નાખી આપ. બન્ને દૂતો ગયા છે. તેટલામાં હું જરા સૂઇને આરામ લઇ લઉં.

માળી—હ્યો બાપા, પથારી પાથરી આપું, પણ તમે બધા લોકોની વાતો ક્રૂરસેન વિષેની સાંભળી કે?

ચંદ્રાંગદ—હા ભાઈ, સાંભળી તો ખરી. હવે તેનોજ ઉપાય થાય છે.

માળી—બાપુ, જરા પગ ચંપી કરૂં તો નિદ્રા આવા જશે.

(માળી ચંપી કરે છે. ચંદ્રાંગદ નિદ્રાવશ થાય છે.)

પ્રવેશ ૧૧

સ્થળ—**ક્રૂરસેનની કચેરી.**

ક્રૂરસેન, પ્રમાદસિંહ, સૈન્યપાળ; પછીથી દૂતો.

ક્રૂરસેન—કેમ પ્રધાનજી, આજ આપણા ગામમાં શોર બકોર શેનો થઇ રહ્યો છે? અને તમે મને શા કારણથી અનુચરને મોકલી ત્વરાથી બોલાવ્યો વારૂ? કંઇ સમજાયું નહિ.

પ્રમાદસિંહ—આપણા બંદીવાન ચંદ્રસેનનો પુત્ર ચંદ્રાંગદ નાગ લોકથી ઘણી સુગંધી લઇને આવ્યો છે, તેની પ્રશંસા ચાલી રહી છે મહારાજ.

સૈન્યપાળ—મહારાજ, કુંવર આવ્યા છે તેથી લોકો

આપની વિરુધ્ધ ઉશ્કેરાયા છે. તેથી મને ધાસ્તી લાગે છે. એ સુગધીની ખુશબો દશ યોજન સુધી ફેલાય છે, એમ કહે છે.

(કોળાહળ થાય છે.)

ક્રૂરસેન—હા, તેજ આ સારી વાસ આવતી હશે. વળી આ કોળાહળ શેનો થાય છે? રખેને ચંદ્રાંગદ હુમલો કરે!

પ્રમાદસિંહ—અરે, આ કોણ અંદર ધસી આવે છે? (જૂએ છે.) અરે, આ તો કોઇ ભૂત જેવો છે. (ધ્રૂજે છે. અનુચરો આવે છે)

કર્કોટક અને દમનક—અબે ક્રૂરસેન, ચંદ્રાંગદ કુંવર આયે હે. બગીચેમેં ઉતારા કીયા હે. તુમકું કીલાયા હે કે લડનેકું આ ઓર તાબે હોજા.

સૈન્યપાળ—મહારાજ, શરણેજ થાઓ. સૈન્યનું કંઇ ઠેકાણું નથી. નકામા માર્યા જઇશું.

પ્રમાદસિંહ—અરે હું તો બીઉં છું! આ ખવીસ જેવા બે છે તે આપણા ત્રણે જણની ડોક મરડી નાંખશે.

(ફાંફાં મારી સંતાવા કરે છે.)

ક્રૂરસેન—અરે નિર્બળ અમલદારો, આટલું આટલું લૂટાવ્યું આટલું આટલું ખવરાવ્યું, છતાં અત્યારે મારી સહાયે કોઇ નથી. ધિક્કાર છે નિમકહરામીઓને!

કર્કોટક / દમનક—અબે ક્રૂરસેન! તાકીદસેં જવાબ દે એક ગદાસે તેરા ચૂરા હો જાયગા.

ક્રૂરસેન—અરે રાક્ષસો! ક્ષમા કરો. મહારાજ ચંદ્રાંગદને કહો કે હું તમારો શરણાગત છું. અને તમારા માતાપિતાને લઇ હમણા સામૈયું કરવા આવું છું. અને તમે નગારા નિશાન

સહિત આવી તમારૂં રાજ્ય સંભાળી લ્યો.

કર્કોટક } — યાદ રખ ! અભી કે અભી ન આયા તો
દમનક } — તેરા નાશ હો જાયગા. (પગ પછાડી જાય છે.)

ક્રૂરસેન—ચાલો ત્યારે હવે, ચંદ્રસેન તથા યશાવતીને બંધનથી મુક્ત કરીએ. અને તેમની સાથે વાજતે ગાજતે જઇ ચંદ્રાંગદને શરણુ થઇએ. (સૌ જાય છે.)

પ્રવેશ ૧૨.

સ્થળ—રાજવાટિકા.

ચંદ્રાંગદ, રાક્ષસો તથા પાછળથી ક્રૂરસેન, ચંદ્રસેન, યશાવતી વિગેરે.

ચંદ્રાંગદ—હજુ દૂતો કેમ ન આવ્યા ? વાર તો બહુ લાગી.

કર્કોટક } — (આવીને) મહારાજ, આપકા હુકમ ઉઠાકે
દમનક } — પીછા હાજર હો ગયા હું.

ચંદ્રાંગદ—કેમ રાક્ષસો, શું કરી આવ્યા ?

દમનક—મહારાજ, ક્રૂરસેનકુ મારના ઇસમેં કીતની દેર ? જરા ખખડાયા કે તુરત ઉનકી ધોતી છૂટ ગઇ.

ચંદ્રાંગદ—કોણુ કોણુ હતા ? એકલો હતો કે પ્રધાન વિગેરે મંડળ હતું ?

કર્કોટક—મહારાજ, જેસા જલ તેસી મચ્છી. પ્રધાન વિગેરે સબ સભાજન થે, લેકીન રાજાકું એક બાજુ ઉપર રખે એસે એ લોક થે.

ચંદ્રાંગદ—વારૂ, જવાબ શું કહ્યો તે તો કહો.

દમનક—મહારાજ, એ આપકા ગુલામ હો કર આપકે માતાપિતાકું બંધનમેંસે મુક્ત કરકે સબકું લેકર આપકે ખાતર સામૈયા કર કર આપકું બોલાનેકું આતા હે. (નગારાનો, દુંદુભિનો અવાજ સંભળાય છે.).

ચંદ્રાંગદ—ત્યારે શું આ દુંદુભિનો ગગડાટ સંભળાય છે તે ક્રૂરસેન આવે છે તેનોજ છે કે શું ?

ક્રૂરસેન—(ચંદ્રાંગદના પગમાં પડીને) ભાઇ ચંદ્રાંગદ, હું તારો અપરાધી થયો છું. મને હવે માફ કર હું તારે શરણ છું.

ચંદ્રાંગદ—અરે દુષ્ટ, તેં મારા નિરપરાધી માતાપિતાને આટલું દુઃખ આપ્યું ને હવે તું મારે શરણે આવ્યો છે. દુષ્ટ. હું તો શું, પણ તને પરમેશ્વર પણ માફ કરશે નહિ.

ક્રૂરસેન—મહારાજ ચંદ્રાંગદ, હું દુષ્ટ બુદ્ધિ પાપે ઘેરાયો તો હવે ઊગારો.

ચંદ્રાંગદ—ક્રૂરસેન, મારા માતાપિતા ક્યાં છે ?

ક્રૂરસેન—આ તેઓ ચાલ્યાં આવે છે.

(ચંદ્રસેન તથા યશવતી આવે છે.)

ચંદ્રાંગદ—(માતાપિતાને પગે લાગી) માતાજી પિતાજી, પ્રણામ કરું છું. આપ બહુ દુઃખી થયાં.

ચંદ્રસેન—ભાઇ ચિરંજીવી થા. અમારા દુઃખનું શું પૂછવું? પણ હવે તેનો છેડો આવ્યો.

માલિની. ૭૯

ખુશી ખુશી ખુશી આજે, સ્વપ્ન કે સત્ય જોઉં
અકળ ગતિ પ્રભુની, જોઇને મન મોહું

નથી નથી નથી સ્વપ્નું, પુત્ર એ ચંદ્ર મારો,
સહુ સુખ પ્રભુ મારૂં, દુઃખનો એ વિસામો. ૬

યશવતી—ભાઇ હવે દુઃખનો અંત આવ્યો છે. અને

મારા તનમાં મનમાં ભર્યો છે ઠર્યો છે—એ રાગ. ૮૦

મારા પ્રભુની વિભુની મેહેર તો છે થઇ
સુખ થયું દુઃખવામી.
વળી ચંદ્રાંગદ પુત્રને લાવી, (૨) બંધન નાંખ્યાં છે કાપી. મારા-૧
બાળક મૃગલું ચક્ષુએ મોરી, જીવન જીવની દોરી
પ્રાણનું દાન તો હે પ્રભુ આપી, (૨) ચક્ષુ આપ્યાં અંધ ટાળી, મારા-૨
સૂર્ય ઉદય આજ સુવર્ણ જાણી, લઉં મોતીડે વધાવી,
જન્મ ગણું કે લગ્ન ગણું વળી, (૨) ફરી જન્મ સુત જાણી. મારા-૩
સ્વર્ગતણાં સુખ આજતો આપી, ધન્ય ઘડી આજ આવી,
આનંદપૂરની હૃદય સરિતા, (૨) ઉછળતી વેગ લાવી. મારા-૪
ગ્રાહ ગળંતો ગજને મૂકાવી, દયા સુધન્વાની આણી
તેમ આ પુત્રને લીધો ઉગારી, (૨) ધન્ય પ્રભુ બલિહારી. મારા-૫

ચંદ્રાંગદ—હા માતાજી, પ્રભુએ મોટી મહેર કરી કે આપણે બધાં પાછાં મળ્યાં, (સિપાઇઓને) આ ક્રૂરસેનને પકડી કેદખાને લઈ જાઓ. અને હું અત્યારે મગધ દેશ પત્ર લખું છું તે લઇ જવા એક સ્વાર તૈયાર કરો.

સિપાઇઓ—બહુ સારૂં, મહારાજ.

(ક્રૂરસેનને સિપાઇઓ બાંધીને લઇ જાય છે. સૌ જાય છે.)

અંક ત્રીજો.

પ્રવેશ ૧.

સ્થળ—મગધ દેશમાં રાણીવાસ.

રાણી સત્યવતી, રાજા ચિત્રવર્મા, સીમંતિની, તેની સખીઓ. પછીથી ચંદ્રાંગદનો સિપાઇ.

સત્યવતી—બહેન સીમંતિની, આજે સોમપ્રદોષ છે તેથી હું તારી રાહ જોઇને બેઠી કે સીમંતિની નદીએથી આવે ત્યારે જમવાની તૈયારી કરૂં. કેમ બહેન, આજ તને આવડી વાર લાગી ? સીમંતિની, મને આ પ્રસંગે યાદ આવ્યું, છે કે તું ગયે સોમવારે પણ મોડી આવી હતી. તેનું કારણ મને માલવિકાએ થોડું ઘણું કહ્યું છે, પણ હવે તું વીગતથી કહે.

માલવિકા માજી, રોજ કરતાં આજ વાર લાગી એ આપ ખરૂં કહો છો. જરા પૂજનમાંજ વધારે વખત લાગ્યો છે. પરંતુ તે દિવસ મોડાં આવ્યાં તેનું કારણ—

સીમંતિની—માજી, તેનું કારણ એકે શિવાલયની પગથાળ ઉપર બેસી સૂર્યની પૂજા કરી રહી કે તુરતજ જાણે જળના દેવ ઉપર આવ્યા હોયની તેમ નદીમાંથી કોઇ ત્રણ પુરૂષ નીકળ્યા.

ચતુરિકા—માજી, તેઓમાંના એક આપણા જમાઇ ચંદ્રાંગદજ હોયની એવા લાગતા હતા. મારા મનમાં તો લાગ્યું કે તેજ હશે. માજી, તેનું તેજ અપૂર્વ હતું.

માલવિકા—જાણે, કોઇ મહાપુરૂષ ન હોય !

સીમંતિની—અને વળી અમારૂં નામ વગેરે પૂછી જોયું.

મારકા આદમીને તેની શું જરૂર હોય વારૂ !

ચિત્રવર્મા—પછી તે તમે કહ્યું કે સીમંતિની ?

સીમંતિની—હા પિતાજી, તે કોઇ સિદ્ધ પુરૂષ જેવો લાગ્યો. તેથી અમે તો બધી હકીકત કહી.

ચતુરિકા—તેણે મારી સખીના વૈધવ્ય વિષે પૂછ્યું. ત્યારે અમે તે પણ કહ્યું. અમારા મનમાં આશા થઇ કે તે કંઇ દુ:ખ દૂર કરશે.

સત્યવતી—રખેને કોઇ દેવ સીમંતિનીનું પારખું જોવા આવ્યા હોય ? પછી તેણે તમને કંઇ જવાબ દીધો ?

સીમંતિની—હા માજી, જવાબ તો સારો દીધો. સખી, તું તે વિષે માતા પિતાને નિવેદન કર.

માલવિકા—માજી, તેણે કહ્યું કે હું સિદ્ધરૂપે ફરતો ફરતો અત્રે આવ્યો. સ્વર્ગ પાતાળ બધે ફર્યો. સ્વર્ગમાં સીમંતિનીના પતિવ્રતની પ્રશંસા ચાલી રહી છે. થોડા દિવસમાં તેન સ્વામી નાગલોકથી નૈષધદેશ જશે. ત્યાં તેના શત્રુને હણી પછી ચંદ્રાંગદ આપણી સીમંતિનીને તેડાવશે.

ચિત્રવર્મા—શું આટલી બધી વાત કરી ? એ તો કંઇક નવાઇ જેવું. ખરે કંઇ ચમત્કાર હોવો જોઇએ. અથવા તે પોતે ચંદ્રાંગદ હોય અને તે ગુપ્ત વેશે રહ્યા હોય એમ પણ બને.

માલવિકા—મહારાજ, અમને તો ચંદ્રાંગદજ હોય એમ લાગ્યું. (દાસી આવેછે.)

દાસી—બાઇ સાહેબ, નૈષધદેશથી રથ સ્વારો વિગેરે આવ્યા છે, તેમાંનો એક અનુચર કાગળ લઇ આવવા માગે છે.

ચિત્રવર્મા—(વિસ્મય થઇ) શું નૈષધ દેશથી ? કોણ છે ?

જે હોય તેને બોલાવ.

દાસી—બહુ સારૂં મહારાજ, જેમ આજ્ઞા. (દાસી બોલાવવા જાય છે. સ્વાર આવી સલામ કરે છે.)

સ્વાર—મહારાજ, આ કાગળ આપને માટે લાવ્યો છું.

ચિત્રવર્મા— (કાગળ વાંચે છે.)

હિંડી. ૮૧

મગધ દેશ મહારાજને પ્રણામી,
ચંદ્રાંગદ હું લખું છું શિરનામી,
તાત હું બૂડ્યો અતીવ દુઃખ પામી, મગધ. ૧
ગયો હું પિતા પાતાળ જળ અગાધ,
પડ્યો હું છૂટો ન મળે મિત્ર સાથ,
કહો કોણ પ્રભુ વિણ ગ્રહે હાથ, મગધ. ૨
રમે ભમે નીરમાં પનગ નારી,
વાત પૂછી મને લીધો છે ઉગારી,
નમ્યો હું ચરણ કમળ વારી વારી, મગધ. ૩
કરી છે કૃપાય શિવ સેવક જાણી,
ગણી વીર આપી ધીર દયા આણી,
આપ્યું માન પાન ભકત હું પ્રમાણી, મગધ. ૪
મને તો કર્યો વિદાય નૈષધ દેશ,
આપ્યાં અશ્વ ભૂષણ પ્રસન્ન થઇ શેષ,
લીધું રાજ્યપાટ મારૂં હે નરેશ, મગધ. ૫
થાઓ આપ આજ ખુશી વાત જાણી,
અખૂટ લક્ષ્મી મને આપી મેહેર આણી,
લખું મોકલો સીમંતિનીજ શાણી, મગધ. ૬

કરશો ના વિલંબ તાત હવે ઝાઝો,
કરવાને વિદાય તો કૃપાળુ થાજો,
હવે દિન જાય વર્ણના સમાજો   મગધ. ૭

અરે પ્રભુ, તારી કૃતિની કોઇને ખબર નથી. મેરૂનું તરણું, તરણાનો મેરૂ, તુંજ કર્તા છે. ગયલું રત્ન તેં પાછું મેળવ્યું તેથી તારો અપાર ઉપકાર છે. (સત્યવતીને) પ્રિયા, સીમંતિનીને સોળે શણગાર ધારણ કરાવ. હવે સીમંતિનીના સૌભાગ્યનો ઉદય પ્રભુએ કર્યો.

સત્યવતી—ખરે પ્રાણનાથ, પ્રભુએ આપણને કૃતાર્થ કર્યા. બેન સીમંતિની, હવે તું આ વસ્ત્રાલંકાર ધારણ કર. અને પ્રભુનો ઉપકાર માની સુખી થા.

સીમંતિની—શું સ્વપ્ન જેવી વાત ખરી પડી ? અહો કૃપાળુ પ્રભુ, તું મારાપર કૃપાવંત થયો ખરો. (હર્ષથી શણગાર ધારણ કરે છે.) સખીઓ, આજ મારૂં ભાગ્ય ઉદય થયું.

માલવિકા—બહેન, જે આપણને શંકા હતી તેજ ખરી પડી. સિધ્ધ રૂપે ચંદ્રાંગદ પોતેજ હતા. બહેન તું સુખી થા. તારી પવિત્ર ભક્તિએ પ્રભુ તને સહાય થયો.

ચિત્રવર્મા—દાસી, આ નૈષધ દેશના રસાલાને ખોરાકી વિગેરે પૂરૂં પાડવા પ્રધાનજીને કહે. અને કહેજે કે તેની વિદાયગીરી માટે સત્વર તૈયારી કરે, કારણ કે કાલ સવારમાં સીમંતિની બહેન સહિત અત્રેથી અમે સર્વ વિદાય થશું. (રાણીને) કેમ પ્રિયા ? એમજ કે, કંઇ ફેરફાર કરવો છે ?

સત્યવતી—પ્રાણનાથ, ઠીક વ્યવસ્થા કરી. સીમંતિની સાસરે જાય એ દિવસ ક્યાં હતો ? પ્રાણનાથ આ ખુશીના પ્રસંગે

બંદીવાનોના બંધ છોડાવો, ને દાન અપાવો. (સીમંતિનીને) બહેન, તારે રોકાવું છે કે ત્વરાથી જવું છે?

સીમંતિની—જેમ આપ માતા પિતાની મરજી.

સત્યવતી—બ્હેન, હવે તું સુખેથી કાલે જવા માટે તૈયારી કરવા માંડ. મહારાજ, હવે ખુશી ખુશાલીએ સર્વ ભોજન કરી લઇએ.

ચિત્રવર્મા—હા ચાલો, વળી કાલે સવારે વેળાસર તૈયાર થઇ રહેવું પડશે. માટે જમીને નિવૃત્તિથી સૂઇ રહીએ. વહેલાં ઊઠી ચાલીશું.

સત્યવતી—હા પ્રાણનાથ, ત્રણ વર્ષે આજેજ હું તો નિરાંતે નિદ્રા લઇશ. (સીમંતિનીને) બ્હેન, અમે જઇએ છીએ. તું વહેલી આવી પહોંચજે.

સીમંતિની—બહુ સારૂં, માજી.

(રાજા રાણી જાય છે. દાસી આવે છે.)

દાસી—બ્હેન સીમંતિની, આ એક પત્રિકા નૈષધદેશના સ્વારે આપને આપવા કહ્યું છે. માતાપિતા ભોજન અર્થે પધાર્યાં અને આપને એકલાં જોઇને હું અહિં આવી છું. (કાગળ આપે છે.)

સીમંતિની—એ વિચાર ઠીક કીધો, દાસી. એવી દીર્ઘ દૃષ્ટિ પહોંચાડી તે ઠીક કીધું. (પત્ર વાંચે છે.)

લાવણી. ૮૨

જોગણ રૂપે જોઇ પ્રિયાને, સિદ્ધ સ્વરૂપે હું આવ્યો;
ધ્યાન ધરંતી નિજ પ્રિતમનું છબી જોઇને મન ભાવ્યો. ૧
જેને જાણ્યો જોગી વહાલી, તે ભોગી તો હું તારો;
શિયળ સાધવી સમજાવીમેં, ધીરજ દીધી તે સંભારો. ૨

નેકી ટેકી નિયમ ધારી, તું વહાલી વનિતા મારી;
આવી મળતું વેગે વ્હાલી થાઉં સુખી દુઃખ વિસારી. ૩
ભેખ ઉતારી ભૂષણ ધારી, ધર પ્યારી શૃંગાર હવે;
આ સંસારે સાર પ્રભુનો, એજ મુખે ઉચ્ચાર ભવે. ૪
રૂઠયા તુઠયા રામ હવે છે, દુઃખ સર્વેનું દૂર કરી;
સુખી સીમંતિની થાતું હાવે, મુજ સુખમાં સંભારી હરિ. ૫

સખીઓ, ખરેખર આજ તો મારે મન હર્ષનો પાર નથી. સ્વામીનાથના હસ્તાક્ષર જોઇ હું તો હર્ષઘેલી બની છું. અહા પ્રભુ તારી અખૂટ કૃપાની છાયા હું દીન પુત્રી ઉપર છવાઇજ રહી છે.

ગીતિ. ૮૩

ભાગ્ય ઉદય કરી મારૂં, ટાળ્યું દુઃખ તેં તારી ત્રિપુરારી;
ભાવિ ભવનું મિથ્યા, તુજ કૃપાથી થયુંજ મોરારી. ૧
તુજ છાયા માયામાં, નિશદિન રાખી રક્ષણ તો કરજે;
નીતિમાર્ગ બતાવી, પતિવ્રત પાલન સાથ તુંજ થજે. ૨

ચતુરિકા—સખી, તું સુખી સાસરે જઇશ, તેથી અમને તો હર્ષને શોક બે છે.

માલવિકા—બ્હેન, અમને જરાએ ગમશે નહિ હો. કોઇ દિવસ અમને યાદ કરજે.

સીમંતિની—સખીઓ, તમને હું જરાએ વિસારીશ નહિ. તમો કાગળ લખી નિરંતર મળજો. હાથનું આળસ કરશો નહિ. પણ હાલ તો થોડા દીવસ, માતાજી વિગેરે નૈષધ દેશ આવે છે, તેની સાથેજ આવજો.

માલવિકા—બહેનો, હવે માતુશ્રી રાહ જોતાં હશે. માટે

વેળાસર ચાલો.

સીમંતિની—હા ચાલો જઈએ. (દાસી સહિત ત્રણે જાય છે.)

પ્રવેશ ૨

સ્થળ—નૈષધદેશમાંરાજાની કચેરી.

રાજા ચંદ્રસેન, રાણી યશવતી, ચંદ્રાંગદ, ભાટ ચારણો, દરબારીઓ વિગેરે.

ચંદ્રસેન—પ્રધાનજી, ઘણા વર્ષ સુધી મેં બંદીખાનું ભોગવ્યું. આજ મારા પુત્રને લીધે આ સુખનો દીવસ પ્રાપ્ત થયો છે. હવે હું વૃધ્ધ થયો છું. એટલે આજ શુભ દિવસ છે તેથી-પુત્રનો રાજયાભિષેક કરી હું અને રાણી બંન્ને તપોવનમાં તપ કરવા જવા ઇચ્છીએ છીએ. કેમ ભાઇ ચંદ્રાંગદ, તું શું કહે છે?

ચંદ્રાંગદ—પિતાજી, ઘણા દિવસ દુઃખ વેઠયું. તો હવે થોડો વખત તમારા પુત્રની સેવા ચાકરીનું સુખ લઇ પછી જે ઇચ્છા હોય તે કરજો.

ચંદ્રસેન—ના મારા વહાલા પુત્ર, મારી ઇચ્છા તો તુ રાજય કર અને હું ઇશ્વર સ્મરણ કરૂં એજ સુખ અને શાંતિ ભોગવવાની છે.

ચંદ્રાંગદ—પિતાજીની જેમ ઇચ્છા. આપનું મન દુભાવી સાંસારિક કાર્ય કરાવવાની મારી ઇચ્છા નથી.

ચંદ્રસેન—પ્રધાનજી, હવે કુંવરને તાજ પહેરાવી ગાદીએ બેસાડો. આજ શુભ દિવસ જવા દેવો નહિં.

પ્રધાન—મહારાજ, આવે પ્રસંગે રાજમાતા આવી પોતને

હસ્તે મુકુટ પહેરાવે તે વધારે સારૂં ગણાય. આજ્ઞા હોય તો તેમ કરીએ મહારાજ.

ચંદ્રસેન—હા બહુ સારૂં બોલાવો ત્યારે તેને (રાણીને તેડાવે છે. રાણી આવે છે.)

ચંદ્રાંગદ—માતાજી, તમારા નેક હાથે અને પવિત્ર આશિર્વાદ સહિત મારે શિર રાજયતાજ ધરો.

યશવતી—મ્હારા વહાલા પુત્ર, એ દિવસ ક્યાં હતો.

શિખરિણી ૮૪

રહો ગાદી તારી, અવિચળ પદે ધ્રુવ સમ આ
વધો કીર્તિ તારી, રવિ શશી સમી આ જગતમાં;
ચિરંજીવી થાતું, વળી વિજય તારો પૃથુ સમો,
કુબેરી ભંડારે, નીતિવશ રહો એ કહું અમો.

(મુકુટ પહેરાવે છે.)

ચંદ્રાંગદ—માતાજી, આપની આશિષ માથે ચડાવું છું.

(દાસી આવે છે.)

દાસી—મહારાજ, મગધદેશથી રસાલા સહિત સીમંતિની બા માતાપિતા સહિત પધાર્યાં છે.

યશવતી—(ચંદ્રસેનને) મહારાજ, આપની આજ્ઞા હોય તો હું મહેલમાં જઈને સીમંતિની તથા તેમના માતાપિતા માટે ઉતારાની ગોઠવણ કરૂં.

ચંદ્રસેન—બહુ સારૂં પ્રિયા, તેમ કરો.

(યશવતી અને દાસી જાય છે.)

ચંદ્રાંગદ—પિતાજી, આજ આનંદના દિવસે જો આપની ઇચ્છા હોય તો નાચ કરાવું, તેમજ ભાટચારણોને ઇનામો આપો

દુષ્ટ ક્રૂરસેનને શિક્ષા કરૂં.

ચંદ્રસેન—ભાઇ, ક્રૂરસેનને તો યોગ્ય લાગે તે શિક્ષા આગળ ઉપર તું કરજે. અને વારાંગનાનો નાચતો તારી મરજી હોય તો શરૂ કરાવ. પણ હવે હું મહેલમાં જાઉ છું, કારણ કે મને એ રંગરાગ હવે પસંદ નથી. ભાટચારણોને ઇનામ પણ જયારે આપવાં હોય ત્યારે આપજે,

ચંદ્રાંગદ—બહુ સારૂં પિતાજી, જેવી આપની ઇચ્છા. (ચંદ્રસેન જાય છે.) પ્રધાનજી વારાંગનાઓને બોલાવો અને નાચ શરૂ કરાવો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ, વારાંગના હાજર છે.

(વારાંગના આવે છે.)

વારાંગના—ચંદ્રાંગદ મહારાજને નમન કરૂં છું.

તારા બંગલાની ફડક ઉઘાડરે, હું ભીજું છું મહારાજ—એ રાગ. ૮૫

મારી ચુંદડીયાં ન ભીજાવરે, મોહન પાય પડું તોરે.

ચુંદડી ભીંની, મોરી કંચુકી ભીંનાઇ (૨) ભીજ ગઇ સબ સારી અંગનમેં—હાજી-ભીંજ. મોરી—૧

પાણીકે આરે પિયા રંગમત ડારો તુમે, (૨) સીરકી મટુકી મોરી સરક ન જાવે, હાંજી-સીરકી મોરી-૨

મટુકી ફૂટત મેરો હાર તૂટત હે, (૨) ફૂટત કર કંગનવા કનૈયા મોરા—હાંજી-ફૂટત. મોરી-૩

સાસુ પૂછત કહાંસે રંગ ભીંજન આઇ, (૨) કંથ કલંક ચડાવત હે—સૈયાં-કંથ. મોરી ૪

પ્રધાન—શાબાશ, વારાંગના, શાબાશ.

ચંદ્રાંગદ—પ્રધાનજી, વારાંગનાને અને ભાટ ચારણોને

ઇનામ આપો.

પ્રધાન—જેવી આજ્ઞા મહારાજ.

(ઇનામો આપે છે અને વારાંગના જાય છે.)

ચંદ બારોટ—રાજન્,

કવિત. ૮૬

ઘોર ઘન ગુફા માંહી, દીપનો પ્રકાશ જેમ,
અંધકાર રજનીમાં, ઇન્દુનો પ્રકાશ તેમ,
ભયો હે પ્રભાત, થયો સૂર્યનો પ્રકાશ. જેમ,
નૈષધના સિંહાસને, ચંદ્રાંગદ ભૂપ હે.

સભાજનો—શાબાશ, બારોટજી, શાબાશ !

ચંદ બારોટ—

ધ્રુવનું નક્ષત્ર જેમ, વિભીષણ રાજ એમ
માર્કંડ આયુષ્યવાન, ભક્તિ થકી ભયો હે.
રાહુ ગૃહ દૂર કરી, ચંદ્રના પ્રકાશ પૂર
શત્રુ ક્રૂર દૂર કરી. વિજય વર્તાયો હે.
ભક્તિ મીરાંબાઇ બડી, સીતા માત થઇ વડી,
રઘુવર વશ કરી, અવિચળ ભયો હે.
સીમંતિની માતુ તણા સત્યના પ્રતાપ થકી
નાગ લોકમાંથી રાય ચંદ્રાંગદ આયો હે.

સભાજનો—શાબાશ! શાબાશ!!

ચંદ્રાંગદ—પ્રધાનજી, હવે હું અંતઃપુરમાં જાઉં છું. આ બારોટજીને ખુશી કરજો: કચેરી બરખાસ્ત કરો.

પ્રધાન—બહુ સારું મહારાજ, જેવી આજ્ઞા.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૩.

સ્થળ—ચંદ્રાંગદનો મહેલ.

સીમંતિની, પછીથી ચંદ્રાંગદ.

સીમંતિની—(ચંદ્રાંગદની છબી જોઇ ભૂલાવાથી) પ્રાણનાથ, વંદન કરૂં છું. (જવાબ નહિ મળવાથી)

કાન્તા કેમ થશે, નાથ હજુએ નાવ્યારે—એ રાગ. ૮૭
બહુ થઇ હવે, સ્વામી ના સતાવોરે, બહુ.
પ્રાણાધાર, હૈયાહાર, નયનતાર
પ્યાસ પિયુજી પ્રીતની છીપાવોરે બહુ.
વિરહ વામીયો, જન્મ સફળ મારોરે,
થયા કૃપાળ, વિશ્વપાળ, થઇ દયાળ
હર્ષ ઉર પુર હૃદય આરોરે બહુ.

(ચંદ્રાંગદ આવે છે.)

ચંદ્રાંગદ—(સ્વગત) અરે, આ મારી વહાલી બહુજ હર્ષઘેલી થઇ ગઇ છે. આ મારૂં ચિત્ર હું પોતે છું એમ માની બેઠી છે. સ્નેહ કેવો અંધ છે! (આસન)

મારા મનમાં તનમાં ભર્યો છે હર્યો છે—એ રાગ. ૮૮
મારી રસીલી, વસેલી, ઠસેલી અંતર પ્રાણ થકી તું પ્યારી.
પ્યારી પ્યાસી, મારા દિલની ઉલ્લાસી (૨)
પ્રેમ ઘેલી ભૂલ ભારી. મારી.
ચિત્ર ચિતારેલું જોઇને આય, કેમ વહાલી તું ભૂલાય.
પ્રત્યક્ષ પ્રાણ છું પાસે હું તારી,(૨) ચિત્ર છબી એ તો મારી. મારી.

સીમંતિની—(શરમાઇને) શું આ? અરે, પ્રાણનાથ શું

તમે હમણાંજ આવો છો કે ? ત્યારે, આ તો આપનું ચિત્ર હશે. અરે ધન્ય છે. ચિત્રકાર તને. કે તેં મારા સ્વામીની આ છબી આબેહુબ ચિતરી છે, જેથી હું ભ્રમિત થઇ છું.

ચંદ્રાંગદ—પ્રિયા, એમાં ચિતારાને વિશેષ માન આપ્યા જેવું નથી. ફક્ત તારા ઉત્કંઠિત હૃદયને લીધેજ એ ભ્રમણા થઇ છે.

સીમંતિની—પ્રાણનાથ, ખરેખર નહિ ધારેલું સુખ પરમ કૃપાળુ પરમેશ્વરે મને આપ્યું, તેથી હું તો જાણે હર્ષઘેલીજ બની ગઇ છું.

માનેલી માતેલી છકેલી છોકરી તારૂં ઉતારૂં ગુમાન—એ રાગ. ૮૮

હાં સ્વામી પામી છું દર્શન આપનું, ભૂલી ગઇ સહુ ભાન,
હાં હૈડાને હર્ષે, આનંદ વરસે, પ્રીતના બિંદુ પુષ્પ સમાન,
નહતી આશા મને હતી નિરાશા, સુખ આ સ્વપ્ન સમાન. હાં સ્વામી. ૧

સ્વામી સજ્જન આપની જીંદગી, એજ પ્રભુનું એહેશાન,
શિરના તાજ નાથ, ઉર ઉલાસી આજ, નિધિ વારિ સમાન
ચારૂ ચિત્તના મયૂર કળાયલ, હૈયાના હંસ સમાન. હાં સ્વામી. ૨

ચંદ્રાંગદ—પ્રિયા, ખરૂં છે.

ચાલો સાહેલી, (૨) ભુવનેશ્વરીનાં સૌ મળીને દર્શન કરીએ—એ રાગ. ૮૯

પ્યારી એ મારી (૨) સુખની સરિતા બહુ નિર્મળી વહનજ રહીજે,
મન હરનારી, તન ઠરનારી, વારિ પીને અંતર ઠરીએ,
પ્રેમ હરિનો ઉરજ ધરીએ, જે નવ ધાર્યું તે લહીએ,
કરો વંદન પ્રીત રીત હરદમ, ચરણ કમળ રહીને લહીએ,
અખૂટ અનુપમ શિવા નાથની, વિનતી કરી નિશદિન ઠરીએ. પ્યારી.

સીમંતિની—પ્રાણનાથ, ખરેજ તે કૃપાળુ પરમેશ્વરની કૃપાથીજ નહિ ધારેલું સુખ આ ભવમાં લીધું છે. પ્રાણનાથ, હવે આપણે તે કીરતારની પ્રાર્થના ગાઇને નિદ્રાવશ થઇએ.

મને સહાય કરશે મોરારીરે—એ રાગ. ૯૦

નમું પાય તને મોરારીરે, ધરૂં ધ્યાન તારૂં ગિરિધારી,
પ્રભુ લેજે ઉગારી, સંસારેથી તારી,
ભવસિંધુનું વિકટ વારી. નમું—૧
નિધિના વારિથી લેજે ઉગારી, નામ તારાથી પાર ઉતારી,
નામ તારૂં, નાવ રૂપે, તેથીજ તરવું વારિ. નમું—૨

ચંદ્રાંગદ—પ્રિયા, મારી પવિત્ર પત્ની, ઇશ્વરની કૃપા મેળવવામાં સાધનભૂત થઇ પડેલી વહાલી,

શિખરિણી. ૯૧

સતી શક્તિ જેવી, હૃદય છઓ તારી રહી વસી,
ખરે નેત્રો મારાં, મુખ કમળ જોતાં હસી હસી;
અરે જેવું ખીલે, શરદ ઋતુમાંહી કમળ રે,
દીસે તારી કાંતિ, રસિક રસ પ્રેમી વિમળ રે. ૧

સીમંતિની—

ચાંદની ખીલી રહી, બેની મોરીરે, ચાંદની—એ રાગ ૯૨.

અમૃત પ્યાર અતિ, પિયુ મારારે અમૃત પ્યાર અતિ
પુષ્પ પ્યારના હારથી, લઉં વધાવી નાથ;
પ્યાલો અમૃત પાઇને, સંતોષજો સ્વામીનાથ. પિયુ-૧
કમળ ભ્રમરની પ્રીતડી, મીન નીરશું જેમ;
નીકટ નાથ રહેજો સદા, ઇચ્છું હું દાસી એમ. પિયુ-૨

સ્વામીનાથ, હવે રાત્રિ ગઈ છે. આપની ઇચ્છા હોય તો સુંદર ગાયન કરૂં, જેથી આપને નિદ્રા આવી જાય ?

ચંદ્રાંગદ—હા પ્રિયા, ગાયન સાંભળવાથી નિદ્રા જલદી આવી જશે, માટે એમજ કર.

સીમંતિની— રાગ—પુનમ ચાંદનીનો. ૯૩

સુંદર શરદની રાત આ સોહામણીરે, આવ્યા વસંત ઋતુ તણા દિન,
મેના પોપટ ને કોકીલા મોરો બોલતારે, ખીલી રહ્યાં છે કેશુડાં ચાર
ચોકમાંરે
લીલાં પીળાં વળી રંગવિરંગ, મેના પોપટને કોકીલા મોરો બોલતારે. ૧

ચંદ્ર કળા વાધી રહી, ચંદ્રિકા ચિત્તચોર;
સુંદર શીત અનિલમાં, શોભા દીસે ઓર.

શોભા શરદની કેવી ઠામે ઠામ છે રે, વૃદ્ધિ કરે કામ દેવ રતિ પ્યાર
—મેના.—૨

નિશા બહુ ગળિયામણી, લાગે પ્રેમી જન;
પિયુ પુકારે પ્રેમશું, મોર બપૈયા વન.

રૂડી મરૂતની શીત છે સવારમાંરે, લીલાં વૃક્ષો માંહી પક્ષીનો કલોલ.
—મેના.—૩

રસિયા જન રસ ઝીલતા, ગાઇ વાઇ ગુલતાન,
સીતાર સારંગી સ્વરે આપે પ્રેમી માન

વાગે દુક્કડ મૃદંગ વળી ચંગ શું રે, ફરે ફુદડી મળી સખી સાથ.
—મેના.—૪

(સ્વગત) હવે સ્વામીનાથ નિદ્રાવશ થયા. ચાલ હવે હું પણ સુઇ જાઉં. (ઊંઘી જાય છે.)

પ્રવેશ ૪.

સ્થળ—નૈષધ દેશમાં રાજ્ય મહેલ.

યશવતી, ચંદ્રસેન, પછીથી દાસી, રાજા ચંદ્રાંગદ, રાણી સીમંતિની.

યશવતી—સ્વામીનાથ આજ આ શુભ દિવસે સીમંતિની આવી પહોંચી તે બહુ સારૂં થયું.

ચંદ્રસેન—હા.પ્રિયા, મને પણ ઘણો સંતોષ થયો. હવે એ સુખી જોડું સદા સુખ ભોગવે. અને મારો વિચાર તો હવે તપશ્ચર્યા કરવા જવાનો છે. આ દુનિયામાં એ સિવાય બધું ખોટું છે.

યશવતી—સ્વામીનાથ, દુઃખના દિવસોમાં જપ, તપ કાંઇ થઇ શકયો નથી. હાય ! શું થશે એવા વિચારથી જીવ ભ્રમણામાં ભમ્યા કરતો. હવે પ્રભુએ સુખ આપ્યું તો હું પણ આપની સાથે દેહનું સાર્થક કરવા આવીશ.

ચંદ્રસેન—દેવી, મેં તો ચંદ્રાંગદની રજા લઇ લીધી છે. હવે તારે ગમે તે કર.

યશવતી—સ્વામીનાથ, એમ શું કહો છો ? હું પણ જેમ અત્રિ ઋષિની પત્ની અનસૂયાએ તેના તપસ્વી સ્વામીની ભક્તિ થા સેવા કરી ફળ મેળવ્યું હતું, તેમ આપની સાથે આવી, આપની જોડે રહી ઇષ્ટ આરાધના કરીશ.

ચંદ્રસેન—તો ભલે. ચંદ્રાંગદ આવે ત્યારે રજા લઇ લેજે. હું તો હવે જરૂર જવાનોજ છું. (દાસી આવે છે.)

દાસી—માતુશ્રી, ચંદ્રાંગદ ભાઈ તથા સીમંતીની બા આપ

ને મળવા પધારે છે.

ચંદ્રસેન--દાસીઓલાવ તેમને. એ પુન્ય પ્રતાપી વહુના વ્રત નિયમથીજ હું મારો પુત્રરત્ન ચંદ્રાંગદ પાછો મેળવી શકયો છું

યશાવતી--મહારાજ, મને તો એ વહુ દીકરી સમાનજ પ્રિય છે. સાસુ થઇ વહુનો તિરસ્કાર કરવો એ મને તો બીલકુલ રૂચતું નથી.

ચંદ્રસેન--ખરૂં છે. એમજ ઘટે. તેમાં વળી આવી સાધ્વી સતીનું તો શુંજ કહેવું?

(સીમંતિની અને ચંદ્રાંગદ આવે છે.)

ચંદ્રાંગદ--પિતાજી વંદન કરૂં છું. માતાજી આપને પણ પાયે લાગું છું.

ચંદ્રસેન--પુત્ર, વધુ સહિત અખંડ સુખ ભોગવો.

યશાવતી--વહાલા પુત્ર, તારા પિતાશ્રીની આશિષ ફળીભૂત થાઓ. અષ્ટ પુત્રનું સુખ ભોગવો.

સીમંતિની--માતાપિતા, પાયે લાગું છું. (પગે લાગીને)

મહેતાજીરે શું મહીમૂલ બતાવું,--એ રાગ--૮૪

સાસુજીરે, પાય પડું તે સ્વીકારો,
ધન્ય ઘડી દિવસ આ મારો
મ્હેર પ્રભુનીરે, આજે શિરપર ધારો, મારો સફળ થયો જન્મારો।
પડું સસરાજીને ચરણેરે, રહી સાસુ તમારે શરણેરે,
મુજ દોષ ધરો નહિ કર્ણે રે,

મુજ સેવારે, સાસુ શ્વશુર હરખારો, ધન્ય ઘડી દિવસ આ મારો.
સાસુજીરે.

યશાવતી--

પુન્યવંતીરે, વહુ તું વહાલી મારી, રહે સુખ સૌભાગ્યને ધારી.
તું આશિષ એ, અંતરમાં લે સ્વિકારી, નિજ પતિ સેવા કર સારી.
કર્યાં પ્રસન્ન ગંગધર વહાલીરે, ગયું સુખ લીધું તેં સમાલીરે.
શીલ ભકિતનો મારગ ઝાલીરે
ખુશી કીધાં રે, હમને વહુ તેં વ્હાલી, રહે સુખ સૌભાગ્યને
ધારી.–પુન્ય–૧

પુત્ર ચંદ્રાંગદ, તારા પિતા તપશ્ચર્યા અર્થે જશે, તો હું પણ તેમની સાથે જવા ધારૂં છું, માટે,

હિંડો ૮૫

હવે આપ રજા પુત્ર મારા પ્યારા, કરીશ ના વિચારતું કદીજ ન્યારા;
પ્રભુ ભક્તિ કરવા દીન આ અમારા, હવે. ૧
થયાં વૃધ્ધ હવે છોડીને જંજાળ, કરી ઇષ્ટ સ્મરણ વ્યતિત કરવો કાળ,
જવાદે ખુશીથી હવે મારા બાળ, હવે. ૨
કરવું દેહતણું શ્રેય શિવ આરાધી, તજી મોહ મમત સર્વ આધિવ્યાધિ
સર્વ જૂઠી હવે જગતની ઉપાધિ, હવે. ૩
કરે રાજ શુભ નીતિ રીતિ ધારી, માત તાત પ્રીતિ નિત્યરે સંભારી
ગાઓ ગુણ પ્રભુ પ્રેમને ઉચ્ચારી, હવે. ૪,

બાળક પુત્ર, હવે અમને ખુશીથી દેહના કલ્યાણાર્થે કાશી જઇ તપ કરવા રજા આપ.

ચંદ્રાંગદ—માતાપિતા, અમૃત પીતાં કોઇ ધરાયું નથી. તેમજ હું આપ પૂજ્ય માતાપિતાની સેવા બજાવી હજી સંતુષ્ટ થયો નથી. તોપણ જેમ ઇશ્વરને દુભવી યત્ન કરવો તે વ્યર્થ જાય છે, તેમજ આપ માતા પિતા તીર્થ રૂપને દુભવી આ દુનિયામાં તેમની સેવાની ઇચ્છા કરવી વ્યર્થ છે. તેથી જેમ આપ માતાપિતાને અનુકૂળ પડે તેમ કરવા દેવા મારી પૂર્ણ ખુશી છે.

ચંદ્રસેન—પુત્ર ચંદ્રાંગદ. અત્યારે હવે સૂવાનો વખત થયો છે, તેથી સૌ નિશ્ચિન્તિએ નિદ્રા લ્યો. ભાઇ, અમે પ્રાતઃકાળે વહેલા ઉઠી પધે પડીશું. તું સુખી થા, અને પ્રભુ તને દીર્ઘાયુષ્ય બક્ષે એજ આ છેલ્લી આશિષ છે.

ચંદ્રાંગદ—(ગદગદિત કંઠે નમીને) માતા પિતા, આપની અંતર આશિષ મારે શિર ચડાવું છું. મારા દોષ ક્ષમા કરજો

(સર્વે જાય છે.)

પ્રવેશ ૫

સ્થળ—નૈષધદેશમાં ચિત્રવર્માનો ઉતારો.

રાજા ચિત્રવર્મા, સત્યવતી, માલવિકા, ચતુરિકા, સીમંતિની, ચંદ્રાંગદ.

ચિત્રવર્મા—પુત્ર ચંદ્રાંગદ, આપના માતા પિતા તો દેહ નું સાર્થક કરવા સીધાવ્યા. એમને હવે આ દુનિયા ઉપર ઘણો ધિક્કાર આવ્યો હોય એમ તેમની આ રીતિ દર્શાવી આપે છે.

ચંદ્રાંગદ—માતા પિતાના જવાથી મારૂં મન ઘણું ખેદ પામે છે. પરંતુ તેઓ મારા શિરછત્ર, પૂજ્ય, પાલકની મરજી વિરૂદ્ધ હું થઇ શકયો નહિ. એટલે લાચારીએ તેઓને જવા રજા આપી.

સત્યવતી—પુત્ર ચંદ્રાંગદ, તમે તેમની આજ્ઞાનુસાર રહી તેમની શુભ આશિષ લઇ તેમના પવિત્ર આત્માને સંતોષ આપ્યો, એ ઘણું સારૂં કીધું છે. સંસારમાં ઇષ્ટ સ્મરણ થઇ શકે તોજ જન્મેલું સાર્થક છે.

ચિત્રવર્મા—હવે અમે પણ અત્રેથી રજા લઇ સ્વસ્થાને જવા ઇચ્છીએ છીએ. સાંજના ઠંડા પહોરે ચાલી નીકળવા ધારણા છે. કેમ સીમંતિની, તારો શો મત છે?

સીમંતિની—પિતાજી, રાજ્યકાજમાં, આપ જો અત્રે વધુ રહો તો, વધુ કામ ચડી જાય. માટે જેમ આપની ઇચ્છા હોય તેમ કરવા મારી વિનંતી છે. અમૃત પીતાં કોઇ ધરાયું નથી તેમ મારે તો આપથી છૂટાં પડવું એ અમૃતનો પ્યાલો મુખ આગળથી ખસેડવા બરોબર છે.

ચંદ્રાંગદ—પિતાજી ચિત્રવર્મા, અમારા વડિલોની છાયા અમારાથી દૂર ખસે એ અમોને કદી પણ ગમે નહિ. પરંતુ નિરૂપાયની વાતમાં સમજુએ ઝાઝો ખેદ કરવો દુરસ્ત નથી. તેથી લાચારીથી આપની મરજીને અનુસરવું પડે છે. મારા માતા પિતા તેમજ આપ સર્વના જવાથી હાલ થોડા દિવસ તો બીલકુલ ગમશે નહિ. આપના સહવાસથી મનને ઘણો આનંદ રહેતો.

ચિત્રવર્મા—ચંદ્રાંગદ, તમે દિલગીર થાઓ છો તે ખરૂં છે. ભાઇ, અમારે પણ તમારા સિવાય કોણ છે? અમારૂં રાજ્ય પણ હવે તો તમારેજ સાચવવાનું છે. કેમકે જતે દિવસ અમારો વિચાર પણ તપશ્ચર્યા કરવા જવાનો છે.

સત્યવતી—હા સ્વામીનાથ, પુત્ર ગણો તોપણ આપણે તો ચંદ્રાંગદ, અને જમાઇ ગણો કે જે ગણો તે બધું આપણે તો ચંદ્રાંગદજ છે. પરમેશ્વરે એને ફરી જન્મ આપ્યો, ને એ ચંદ્રાંગદના સુખમાં સીમંતિનીને મૂકી આપણે દેહસાર્થક કરીએ એ જેવું બીજું ઉત્તમ આપણે શું ગણીએ?

ચંદ્રાંગદ—પિતાજી, હમણા એટલી ઉતાવળ શું છે? હજુ આપ રાજ્ય કાજ કરી અમારા ઉપર છત્ર છાયા રૂપે રહેવા યોગ્ય છો. માટે એ વિચાર હમણા કરશોજ ના.

સીમંતિની—માતાજી, તમે એવું બોલી અમારા મનને, હજુ અમારા તીર્થરૂપ માતાપિતા જવાની ગમગીની ગઇ નથી તેટલામાં તમે પણ અમારાથી છૂટા પડવા માંગો છો તેથી હૃદય ભરાઇ આવે છે.

ચિત્રવર્મા—મારી પુત્રી, હાલ તુરત એ વાત ક્યાં છે? એ તો એક પ્રસ્તાવિક વાત થાય છે. માટે ખોટો શોક શું કામ કરે છે? (અનુચર આવે છે.)

અનુચર—મહારાજ; નિશગરામ વિગેરે વાહન તૈયાર છે. માટે પધારવા કૃપા કરશો. સમય થઇ ગયો છે.

ચંદ્રાંગદ—અહો, વાતમાં કંઇ વખતની તો ખબરજ રહી નહિ. એટલામાં તો સમય થઇ ગયોને શું?

ચિત્રવર્મા—ચાલો ત્યારે, બ્હેન સીમંતિની, હવે અમે જઈશું. તું તારા શરીરનું જતન કરજે. અને વખતો વખત પત્ર લખ્યા કરજે. તું શાણી છે, એટલે બીજી શિખામણ શું દઉં? પરંતુ તું તારો ધર્મ ચૂકીશ નહિ.

સીમંતિની—પિતાજી, આપની શિખામણ હું મસ્તકે ચડાવું છું. પિતાજી પાયે લાગું છું. આપ પહોંચી તુરત પત્ર લખજો.

સત્યવતી—મારી વહાલી પુત્રી, તું ઘણી ડાહી છે. તો પણ માતાના ધર્મ પ્રમાણે તને શિખામણ દેવી જોઇએ. તે જતી વખતની શિખામણ સાંભળ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ. ૯૬

સુગુણ વિભૂષિત શીલ સૌભાગ્ય સમન્વિતા,
સુશીલા ગુણ સંસારે રાખી બેંનજો,
કુશાંકી તું સર્વ ગુણે સીમંતિની,
માતુ ધર્મ વિચારી કહું શિખ વેણજો. સુગુણ. ૧

આ સંસારરૂપી રથમાં મુજ બેનડી,
કામ ક્રોધ બેહુ અશ્વો મનના જાણજો;
જ્ઞાન સારથી વશ તેને કરશે સહી,
નીતિપંથ વિચરજો તેથી પ્રાણજો. સુગુણ. ૨

ત્રિલોચનશું તનમનથી પ્રીતિ કરી,
બ્રહ્મભુવનમાં કરજો બેંની વાસજો;
પ્રાણ જીવન પતિ પરમેશ્વર સમ માનજો,
જગ મુસાફરી કરજો તેની સાથજો. સુગુણ. ૩

યશ કીર્તિ મિત્રાઈ તમ સંગે કરે,
પ્રમાદ શત્રુનો કરજો તવ નાશજો;
સ્વાર્થ તજી પરમાર્થ તમે કરજો સદા,
રેંસ ધરે રંકો શું હિમમાં ખાસજો. સુગુણ. ૪

નાનું મોટું લેખાતું જગને વિષે,
ન્યાય નિયન્તા ભુવને નીતિ પહેલજો;
મિથ્યા વહેમ તણા પંથો તજવા સહી
ઇષ્ટ ભક્તિએ કાપો મનના મેલજો. સુગુણ ૫

પરનિંદા નવ કરશો પરધન આશરે,
લોભ કરી વિશ્વાસ ન કરશો નાશજો;
મિથ્યા વહેમ વિભુતિ નવ ધરશો કદી,
હરિસુખ લેવાની રાખો આશજો. સુગુણ. ૬

સીમંતિની—માતાજી, આપની હેત શિખામણ હું મારે મસ્તકે ચડાવું છું. માજી, મારી સખીઓ કેમ કંઇ બોલતી નથી ?

માલવિકા—સખી સીમંતિની, માતાજી તને શિખામણ દેતાં હતાં તે ધ્યાન દઇ સાંભળવામાં તારી સાથે કંઇ વાતચિત કરી નહિ. બહેન, હવે અમે જઇશું. તું સુખી રહે, અને તારી સખીઓને હમેશાં યાદ કરી કાગળ લખજે.

ચતુરિકા—બહેન, મને તો તારી સાથે હેતે મળવા દે. તારો પ્યાર મને ઘડીએ વિસરવાનો નથી. તું તો પતિસેવા અને ઇષ્ટભક્તિમાં નિમગ્ન રહીશ, એટલે તને અમારો વિયોગ બહુ નહિ લાગે. પણ અમને તો તારા વિના ઘણુંજ અડવું લાગશે.

સીમંતિની—સખીઓ, તમારો અખૂટ પ્રેમ હું કેમ વિસરીશ? બહેન, દેહ જૂદા છે પણ અંતર તો એકજ છે. માતાજીની પાસે મને અહોનિશ યાદ કરજે, ને કાગળ લખજે.

સત્યવતી—બહેન સીમંતિની, અમે હવે જઇશું. તારા વિના મને તો જરાએ ગોઠવાનું નથી. શું કરૂં? લાચાર. બહેન સુખી રહે.

સીમંતિની—માતાપિતા વંદન કરૂં છું. આપની છાયાનુ સુખ દૂર બેઠાં નિરંતર ચાહું છું. માજી, કાગળ લખતાં રહેજો. સખીઓ, તમે પણ આળસ રાખશો નહિ.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૬

સ્થળ—વિદર્ભાપુર, બ્રાહ્મણનો આશ્રમ.

સારસ્વત, વેદમિત્ર, શ્યામવાન અને સવિદ્યાધર.

વેદમિત્ર—કેમ મિત્ર સારસ્વત, આપણા આ બન્ને પુત્રો ભણીને તો આવ્યા. હવે, તેને પરણાવવા તેનું શું ધાર્યું?

સારસ્વત—મિત્ર, હું ધારૂં છું કે, આપણા રાજાને ત્યાં આશિર્વાદ દેવા મોકલો. કે જોઇએ તેટલી લક્ષ્મી મળે. કેમ ભાઇ, ખરૂં કે નહિ?

વેદમિત્ર—હા એ ઠીક, પછી તેનાં લગન કરવાં. કેમ ભાઇ પરણાવવા તો ખરાજ કે?

સારસ્વત—હાજ તો વળી. એમાં પૂછે છે શું ભાઇ? ન પરણાવીએ તો ઋણ આપણે માથે રહે. લગનના લાંવાની વાત તો જૂદીજ તો!

વેદમિત્ર—કેમ પુત્રો, તમે જશો?

સ્યામવાન—હા કાકા, આપની આજ્ઞા હોય તો શા માટે નહિ જઇએ?

સારસ્વત—આ પુત્ર સવિદ્યાધર નથી બોલતો. એની મરજી મોળી લાગે છે ખરી.

સવિદ્યાધર—અરે મોળી તે હોય? પરણવું કોને ન ગમે? હું તો પહેલો તૈયાર છું. આ ઊઠયા. વાર શી?

સ્યામવાન—અલ્યા, લાજ તો ખરો. બાપુ બેઠા છે ને એમ બોલાય? ભણ્યો પણ ગણ્યો નહિ ને શું? ઊઠયો ક્યાં? વાત કરતામાં ઉતાવળો શું થાય છે? બાપુ આજ્ઞા કરે ત્યારે જવું.

સારસ્વત—વારૂ ત્યાં જઇ શું કરશો? તે તો કહો પછી જવા તૈયાર થાઓ.

સવિદ્યાધર } **સ્યામવાન** }—આશિર્વાદ આપશું. પછી લક્ષ્મી માતાની યાચના કરશું. કેમ એજ કે કંઇ બીજું?

વેદમિત્ર—લ્યો ખભે ઝોળી. ને લ્યો રસ્તો. વાર શી? જો જો મૂઝાતા નહિ હો. હુશિયાર રહેજો.

સ્યામવાન } **સવિદ્યાધર** }—લ્યો ત્યારે આ હાલ્યા. આપા! રામ રામ!

સારસ્વત—જો જો રસ્તો ભૂલતા નહિ હો. (બન્ને જાય છે.)

વેદમિત્ર—પુત્રો તો ગયા—રાજા ધન આપે એવા છે કે નહિ? મને તો હવે વિચાર થાય છે. કહેવત છે કે પશ્ચિમ બુદ્ધિ બ્રાહ્મણ. તેવું આપણને થયું.

સારસ્વત—છે તો ઉદાર, પણ આપે કે ન આપે, તે જે થાય તે ખરૂં. હમણા તો ચાલો. લગ્નની સામગ્રી કરી મૂકીએ.

આવે કે તરત ઘડીમાં લગ્ન લઈએ.

વેદમિત્ર—ચાલો. (બન્ને જાય છે.)

પ્રવેશ ૭

સ્થળ— વિદર્ભપુરની કચેરી.

રાજા ગુમાનસિંહ, પ્રધાન વીરસિંહ, વિગેરે કચેરી મંડળ. પાછળથી બ્રહ્મપુત્રો.

ગુમાનસિંહ—કેમ પ્રધાનજી? આપણા શાસ્ત્રી મહારાજ પાઠશાળાના વિદ્યાર્થીઓને શું શું શિક્ષણ આપે છે?

વીરસિંહ—મહારાજ, શિક્ષણ સારૂં અપાય છે. ધર્મશાસ્ત્ર વિગેરે નીતિમાર્ગ સંપૂર્ણ રીતે સારો શીખવાય છે.

ગુમાનસિંહ—હાલમાં ઋતુના ફેરફારથી શહેરની સુખાકારી કેવી છે? પ્રધાનજી, આગળ દુષ્કાળ ગયેલો તેની અસર નાબુદ થઈ કે કેમ?

વીરસિંહ—મહારાજ, શહેરની હવા સામાન્ય છે. તેમજ લોકોની સ્થિતિપણ તેવીજ સામાન્ય છે. દુષ્કાળની અસર હજી પૂરેપૂરી નાબુદ થઇ નથી. ખેડુતોને વેરા ભરવા પડે છે. ચડેલું મહેસુલ આપવું પડે, વિગેરે હજારો જાતની પીડા હજી ભોગવવી પડે છે, રંક લોકો અન્નવસ્ત્ર વિના રખડતાં હજુ પણ જોવામાં આવે છે. એટલે દુષ્કાળની અસર તદન ગઇ નથી.

ગુમાનસિંહ—પ્રધાનજી, દુષ્કાળના વખતમાં જે આપણે ગરીબોને અન્નવસ્ત્ર આપતા, તે હજું ચાલુજ છે કે બંધ કર્યું ?

વીરસિંહ—મહારાજ, તદન કાઢી નાખ્યું નથી. કેમકે તે..

ધર્મનું કામ કાઢી નાખવામાં બહુ વિચાર પડે છે. તેથી ઘણુંજ નિરાશ્રિતો સારૂ તે કાયમ રાખેલું છે.

ગુમાનસિંહ—બહુજ સારો વિચાર પહોંચાડયો છે. (સૈન્યપાળને) આપણા લશ્કરની શું વ્યવસ્થાં છે ?

સૈન્યપાળ—મહારાજ, બધી રીતે સૈન્ય કેળવાઇ કાબેલ સ્થિતિમાં છે. માણસો પૂરતાં છે. ગરીબનવાજ, આપ નામદારના હુકમ મુજબ રોજ કવાયદ કરાવું છું.

ગુમાનસિંહ—સૈન્યપાળ એ બાબતમાં જરાપણ આળસ રાખવું નહિ. કેમકે આવા ઉપરાઉપરી દુષ્કાળ પડી ગવા. લોકો છેક કંગાલ સ્થિતિને પહોંચી ગયા. હરામખોરોની વસ્તી વધી પડી. અચાનક લૂંટફાટ વખતે કામ પડે ત્યારે તૈયાર હોય તે બહુજ ઉત્તમ.

સૈન્યપાળ—મહારાજ તે બાબત આપ નિશ્ચિંત રહો. આપના તાબેદારને તે વિષે પૂરી કાળજી છે.

ગુમાનસિંહ—ખરેખર પ્રધાનજી, તમારી સૌની ચાલાકી ભરેલી નોકરી માટે હું તમને ઘણી શાબાશી આપું છું.

(પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, વંદન કરૂં છું. બે બ્રહ્મપુત્રો આપની સમક્ષ આવવા રજા માગે છે. આજ્ઞા હોય તો અંદર બોલાવું.

વીરસિંહ—બોલાવો તેમને અંદર.

પ્રતિહાર—મહારાજની આજ્ઞા.

(બ્રહ્મપુત્રો અંદર આવે છે.)

બન્ને બ્રહ્મપુત્રો—(નમીને) જય જય મહારાજ, વંદન કરીએ છીએ. (નમીને આશિર્વાદ આપે છે.)

છપ્પો. ૫૭

થાઓ અખંડ કલ્યાણ, ભૂપ વેહભાં તારે
ધન ધાન્યે ભંડાર, ભરેલા રહેજો વારે
ગૌ બ્રાહ્મણું પ્રતિપાળ, નિરાશ્રિતને થા સહાય
બ્રહ્મવાકય છે ભૂપ સુખી રહે અવનિમાંય
થઇ શૂરો તું રણુ વિષે, વિજય આણ વર્તાવજે,
આશિષ એ અમ બાળકતણી રાજની ઋધ્ધિ વધારજે

ગુમાનસિંહ—બ્રહ્મપુત્રો, તમારી શી ઇચ્છા છે તે સત્વર કહો. અત્રે તમારે શા કારણસર આવવું પડયું ?

સવિદ્યાધર—મહારાજ, કાશીપુરીમાં વેદ વિદ્યા ભણી આવ્યા. હવે લગ્નકાર્ય માટે ધનની આશાએ આપની પાસે ભિક્ષાવૃત્તિએ આવ્યા છીએ, મહારાજ.

ગુમાનસિંહ—અરે બ્રહ્મપુત્રો, મારી પાસેથી તો તમારૂં કાર્ય થાય તેટલી લક્ષ્મી તમે લઇ શકશો નહિ. પરંતુ નૈષધદેશના રાજા ચંદ્રાંગદને ત્યાં જાઓ. ત્યાં તેની સ્રી તમને જમાડી પૂર્ણ લક્ષ્મી આપશે, તેથી તમારૂં કાર્ય થશે. પુત્રો, આ મારૂં કહેવું સર્વ સત્ય માનજો.

સ્યામવાન—મહારાજ, તે તો સ્રી પુરૂષ એ હોય તો જોડ જમાડી અન્નવસ્ત્ર આપે છે. અમો વિદ્યાર્થીને ત્યાં શું મળી શકે મહારાજ?

ગુમાનસિંહ—અરે બાળકો, ધનની લાલચ હોય, તો એક સ્રી થાઓ, અને બીજો પુરૂષ. એ રીતે કૃત્રિમ વેષ એક જણ ધારીને જાઓ, તો મળશે. એ કાંઇ મુશ્કેલી ભરેલું કામ નથી.

સુવિદ્યાધર—મહારાજ, પુરૂષ છતાં સ્ત્રીનો પોષાક પહેરીએ, તો છળકપટ કર્યું કહેવાય, ને ઇશ્વરના ગુન્હેગાર તથા કુલ કલંકિત થઇએ; ધર્મભ્રષ્ટ થઇએ. વળી કોઇ ઓળખી જાય તો લોક અપવાદી થઇએ, મહારાજ. તમારે ધન આપવું હોય તો આપો, નહિ તો જેમ ઇચ્છા. અમે એ નીચ કૃત્ય કરશું નહિ.

ગુમાનસિંહ—હવે નાની વયમાં એવા ડાહ્યા શું થાઓ છો ? એક પહેરો સ્ત્રીનો પોષાક અને સીમંતિની સોમવાર કરે છે તેજ દિવસે ત્યાં જજો. એટલે તમારી પૂજા કરીને પુષ્કળ ધન આપશે. છોકરાઓ, જો તમે મારૂં કહ્યું નહિ માનો, તો તમને રાજાની આજ્ઞા ઉલ્લંઘન કર્યાનો દોષ લાગશે. અને મારી તરફથી કશી સહાય મળી શકશે નહિ. માટે હું કહું તેજ કરો.

સ્યામવાન—મહારાજ, અમારી પાસે વસ્ત્રો નથી તેનો શું ઉપાય ? અમે તો ગરીબ બ્રાહ્મણ બીકના માર્યા જેમ આપ કહો તેમ કરીએ.

ગુમાનસિંહ—પ્રધાનજી, તેને વસ્ત્રાલંકાર આપો. બાળકો, તમારામાંથી એક તે પહેરો ને પછી જાઓ. ભિક્ષા માંગવી ને વળી લાજ શું ? અને સારૂં શું ને ખોટું શું ? સ્વાર્થ સરતો હોય તો લાજ મૂકવી કોરે.

વીરસિંહ—બહુ અઘટિત કાર્ય થાય છે, મહારાજ. પાછળથી પસ્તાવાનો વખત આવશે. ઇશ્વરનો ગુન્હો ગણાશે. અને એ છોકરાનો પિતા આપને શાપ દેશે.

ગુમાનસિંહ—અરે વળી શાપ શું ? હું તો એ માનતો નથી. તેમાં વળી બ્રાહ્મણ તે શું ઇશ્વરને પહોંચી ગયો કે શાપ દે ?

વીરસિંહ—મહારાજ, મેં હમણા થોડાજ દિવસ ઉપર

વાંચ્યું હતું કે બ્રાહ્મણના શાપથી આનર્ત દેશના રાજાની સ્ત્રી, નામે દમયંતી, શિલારૂપે થઈ ગઈ હતી. માટે મહારાજ, અવિહિત કાર્યમાં પગલું ભરવાથી પસ્તાવો થશે. તેથી હું કહું છું. પછી આપની જેમ ઈચ્છા.

ગુમાનસિંહ—પ્રધાનજી, તે વાત શું છે? તે મને કહો તો ખરા.

વીરસિંહ—મહારાજ, આપની ઇચ્છા છે તો સાંભળો. આપ વિરૂદ્ધ મતને લીધે હસી કાઢશો ખરા, તો પણ આપની આજ્ઞા છે તો કહું છું, મહારાજ. એક આનર્ત દેશના રાજાને ઘણો કોઢનો દુષ્ટ વ્યાધિ થયો હતો. પૂર્વ સંસ્કારે તે દુઃખી થતો હતો. તે ચમત્કાર પુરીના હાટકેશ્વર ક્ષેત્ર વાસી બ્રાહ્મણોએ મટાડ્યો. તે અર્થે બ્રાહ્મણોને રાજા પોતાનું રાજ આપવા તૈયાર થયો બ્રાહ્મણોએ ના કહી. બહુ તપને લીધે તે બ્રાહ્મણો આકાશ ગામી હતા. એકવાર કાર્તિકી પૂર્ણિમાના પાંચ દિવસો પુષ્કરજી ક્ષેત્રમ રહેવા ધારી તે બ્રાહ્મણો અગ્નિહોત્રની ભલામણ સ્ત્રીઓને કરી તીર્થમાં ગયા. તેમને ગએલા જાણી રાજાએ બ્રહ્મપત્નીઓને ઉપકાર બદલ કાંઈક આપવું ધારીને પોતાની સ્ત્રી દમયંતીને એકાદ શીએ ત્યાં જઈ વસ્ત્રાલંકાર આપવા કહ્યું. તે પ્રમાણે તે આપી આવી. ફક્ત ચાર બ્રાહ્મણોની સ્ત્રીએ નહિ લીધું. તે નહિ લેનારી સ્ત્રીના પતિ આકાશ માર્ગે આવી શકયા. અને લેનાર સ્ત્રીના પતિની આકાશ માર્ગની ગતિ ભંગ થઈ. હવે એવું કાર્ય થવાથી આકાશ માર્ગે આવેલા બ્રાહ્મણોએ શાપ દીધો કે જેણે અમારૂં નિયમિત વ્રત ભંગ કીધું અને સ્ત્રીને સમજાવી ધન આપ્યું તે શિલા થજો. તેથી તે દમયંતી રાણી શિલા થઇ ગઇ. અને વસ્ત્રાલંકાર લેનાર સ્ત્રીઓના પતિ રખડતા રખડતા આવી પહોંચ્યા

ત્યારે ઘણા ક્રોધાયમાન થયા. સ્ત્રીઓના કહેવાથી હકીકતથી વાકેફ થયા. ને રાજાને શાપ દેવા તૈયાર થયા, ત્યારે તેમની સ્ત્રીઓએ અટકાવ્યા અને કહ્યું કે અમારે જોગીપણું નથી વેઠવું, પણ ગૃહસ્થાશ્રમી થવું છે. વસ્ત્રાલંકાર અમે ખુશાથી લીધાં તેમાં તેનો શું અપરાધ ? તે રાજાની સ્ત્રી શિલા થઇ તેનો મહિમા વધારો, અને રાજા પાસેથી લક્ષ્મી લઈ સંસારી અને ગૃહસ્થાશ્રમી થાઓ. અમારી એ ઇચ્છા છે. બ્રાહ્મણોએ વિચાર્યું કે ચૂકયા તે ચૂકયા. હવે તો સ્ત્રી કહે છે તેમજ ઠીક છે. પછી રાજાને બોલાવી નગર વસાવવા કહ્યું અને મંદિર બંધાવી ગૃહસ્થાશ્રમી થયા. અને શિલ થએલી રાણીને કહ્યું કે વરકન્યા પરણે ત્યાં તારી સાક્ષી જરૂર હજો. જે કોઇ લગ્ન કાળે શિલા પૂજશે તેને સુખ સૌભાગ્ય મળશે. અગ્નિની સમક્ષ પહેલું પૂજન શિલાનું થશે. ત્યાર પછી સર્વ લગ્નનું કાર્ય થશે. તેથી કરીને, હે રાજેંદ્ર, લગ્નના મંગળ ફેરા વખતે લોકો શિલાને નમી કન્યાના પગનો સ્પર્શ કરાવે છે, અને ચોરીમાંજ તેનું સ્થાપન થાય છે.

ગુમાનસિંહ—પ્રધાનજી આજ તો તમે મોટી મોટી વાત કહી સંભળાવી. પણ આવી વાત હું માનતોજ નથી. તમારે મારા કહ્યા પ્રમાણે કરવું. ડરવાનું કંઈ કામ નથી.

વીરસિંહ—બહુ સારું, મહારાજ. (વસ્ત્રાલંકાર લાવી આપે છે.) (બ્રહ્મ પુત્રોને) તમારામાંનો એક આ પહેરો. જેવાં તમારાં કિસ્મત. જે કાર્ય કરાવે તે કરો. રામ રામ ! શ્રી હરિ ! નારાયણ !

સાવધાન્‌ર—અરે રાજેંદ્ર,

બગીચાંજી બગીયાંજી બગીયાંરે મારો બાલમ બીરાજે સારી બગીયાં.

— એ રાગ. ૯૮

નહિ ધરૂં નહિ ધરૂં નહિ ધરૂં રે, રાજ, સ્ત્રીનો પોશાક હું તો નહિ ધરૂં.
કુકર્મ એવું કેમ કરૂં રે, રાજ, સ્ત્રીનો પોશાક હું તો નહિં ધરૂં;
લાજે જનુની જન્મ દેનારી, ગુરૂવચન હું ભંગ કરૂં રે. રાજ ૧
લાજે જનોઇ આ બ્રાહ્મણ કેરી, જો વેદ માર્ગને પરહરૂં રે. રાજ. ૨
નથીજ વરવું નથીજ પરણવું, નથીજ પેટ એમ ભરવું રે. રાજ. ૩
ધિક્કાર છે જો વટપદ મૂકે, વ્યર્થ જગતમાં જનમવું રે. રાજ. ૪
લોભ નથી કંઇ લક્ષ્મી કેરો, દ્યોની રજા અમારે ઘેર જવું રે. રાજ. ૫

સ્યામવાન—(સવિદ્યાધરને) ભાઇ એમ ઉદ્ધતપણે રાજ્યદ્વારમાં વર્તવું નહિ. રાજાની આજ્ઞા પ્રમાણે વર્તો. ચાલ, તું ના પહેરે તો હું પહેરૂં, લાવ કપડાં.

સવિદ્યાધર—બહુજ ડાહ્યો, લે પહેર ત્યારે તુંજ. લોભ. પાપનું મુળ તે આનું નામ. (કપડાં બતાવે છે.)

સ્યામવાન—(વસ્ત્રાલંકાર લેતાં લેતાં) ખરે પેટ કરાવે વેઠ. આવી ભરાયા ને શું ઇલાજ? ન આવ્યા હત ને ગામડે જઇ ભિક્ષાવૃત્તિ કરી હત તો શું હતું? હશે, જે થઇ તે થઇ. હવે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ થાય? માટે જે થાય તે ખરૂં. (સ્ત્રીનાં લુગડાં પહેરે છે અને ગાય છે.)

હાં હાં કેવી છે ગમત—એ રાગ. ૯૯

હાં હાં કેવી છે કુદરત, શું કામ કરાવે કિસ્મત.
નર મટી થવું છે નારી, આ પેટ પડયું ભિખારી
ભિખારી, લાચારી— શું. ૧
કેવી પહેરી છે સાડી, શિર કેશ અંબોડો વાળી
કરમાં કંકણ છે ખળકે, નાકે નથની તો લળકે,
લળકે, છે ઝળકે શું. ૨

કુંડળ આ કેવાં શોભે, મુખ ચંદ્ર બિંબ સમ ઓપે
કેવી કંચુકી કસ્તી, મનમોહન મનમાં વસતી.
વસતી, રે હસતી. શું. ૩
હવે ચાલ આપણે જઇએ, વિવાની લક્ષ્મી લઇએ,
જઇ ભુપ પત્નીને ઠગવા, સોળે શણગારો સજવા
સજવા, રે ધરવા. શું. ૪

(સવિદ્યાધરને) ચાલ ભાઇ, હવે જઇએ; મહારાજની આજ્ઞા લઇએ.

ગુમાનસિંહ—જાઓ પુત્રો. નિર્વિઘ્ને પાછા આવો. પ્રધાનજી, કચેરી બરખાસ્ત કરો. (સર્વે જાય છે.)

પ્રવેશ ૮

સ્થળ—નૈષધદેશનો રસ્તો

સ્યામવાન અને સવિદ્યાધર.

સ્યામવાન—અરે ભાઇ, પરમેશ્વરે પેટ ન આપ્યું હત તો કેવું સારૂં? આવું અવિહિત કાર્ય કરવું પડત નહિ. પિતા જાણે કે રાજા ધર્મી છે તે લક્ષ્મી આપશે. પણ તેના આવા અયોગ્ય કર્મની કંઇ ખબર હતી?

સવિદ્યાધર—હા ભાઇ, ખરૂં છે. આ અરણ્યમાં તું ને હું સિવાય કોઇ નથી. એકબીજા સાથે પશ્ચાત્તાપની વાત કરી ચા યા જઇએ. હવે માર્ગ કેટલો કાપવાનો બાકી રહ્યો?

સ્યામવાન—હવે તો થોડુજ છેટું છે. ચાલ હું તો જરા જલદીથી ચાલું છું. ભાઇ જરા પગ ઉપાડ. એમ ધીમે ધીમે ચાલ્યાથી કંઇ છેડો આવે એમ નથી. જરા ઉતાવળ કર.

સવિદ્યાધર—ધીમા ધીમા ચાલો મારા પ્રાણુરે—એ રાગ ૧૦૦

હવે ધીમા ચાલો થઈ નારરે,
પગ નાજુક તમારા આ દાઝી જશે,
કાંટા વાગી જશે, તું વિચારરે—હવે-૧
કોમળ લંકી કામની, જાણે સાચી હોય,,
મધુરતાની મોહની, કૃત્રિમ ન કળે કોય,
બહુ રેતી તપી છે આ રણને વિષે
તને વગડાનો વાયુ તો લાગ્યો દીસે,
જરા બેસો અહિંયા વિસમા મિષે, તું વિચારરે--હવે-૨

સ્યામવાન—લે વળી મશ્કરી કરે છે કે? હમણા આ કપડાં ઉતારી નાંખીશ. પોતે તો સ્ત્રીપોશાક પહેર્યો નહિં; મને પહેરાવ્યો, ને વળી મશ્કરી કરે છે, શરમાતો નથી?

સવિદ્યાધર—ભાઇ, હું તો અમસ્થો હસું છું. રીસ ન કર. ચાલ ભાઇ હું ભૂલ્યો, હવે જે થયું તે ખરૂં, પણ આપણા પિતાજી જાણશે તો બન્નેના ભોગ મળશે. તે જાણે તો તો એમજ કહે કે લોટ માગી ખાઓ. લક્ષ્મી નથી જોઈતી, આવું નીચ કર્મ કરી વેદધર્મ લજવ્યો. ભાઇ, આપણે પિતાજીને અજાણ્યા રાખ્યા, એ ખોટું કર્યું હોં. રાજાના ભયથી તું ગભરાઈ ગયો. તેણે જેમ કહ્યું તેમ કર્યું. પરિણામે જે નીવડે તે ખરૂં

(બન્ને ચાલ્યા જાય છે.)

પ્રવેશ ૯

સ્થળ નૈષધદેશમાં સીમંતિનીનો મહેલ.

દાસીઓ, પછીથી સીમંતિની અને ચંદ્રાંગદ, સ્યામવાન સ્ત્રી રૂપે, અને સવિદ્યાધર,

સાત્વિકા—બહેન શશીકળા, તું સુખડ ઉતાર, ત્યાં હું

આ ફૂલ છૂટાં કરી મૂકું, આજે સોમ પ્રદોષની પુજા છે, તે તું જાણે છે કે?

શશીકળા—વારૂ બહેન, વહેલી થજે હોં. હમણા મહારાણી સીમંતિની બા આવશે. તે બધું તઇયાર નહિ હોય તો નારાજ થશે તેથી જલદી કરજે. એ વ્રત કંઇ નવું કરવા માંડયુ છે કે હું ન જાણું.

સાત્વિકા—બહુ સારૂ. બહુ ડાહી ન થા એ તો અમે બ સારૂં કરશું. બ્રહ્મપદને નૈવેદ્ય ધરવા માટે ભોજન બધુંએ કરી મૂક્યું છે. આવે તેટલી વાર.

શશીકળા—ઠીક ત્યારે, પણ જો. માતાજી તો આવ્યાં.

સાત્વિકા—વખત જતાં શું વાર? એ કામ કર્યાં નહિ કર્યાં ત્યાં તો વેળા થઇજ ગઇ. ઉતાવળ કર. બધી સામગ્રી ગોઠવી તૈયાર કરી રહી છું. મૂઝાય છે શું? ચાલ ઉભી થા.

(સીમંતિની, ચંદ્રાંગદ તથા બ્રહ્મપદ આવે છે.)

બન્ને દાસીઓ—માતાજી, પિતાજી, નમન કરીએ છીએ.

સીમંતિની સાત્વિકા, પુજા સામગ્રી તૈયાર છે કે? આ બ્રહ્મપદને બેસવા આસન આપ.

સાત્વિકા—બાઇ સાહેબ, મહારાજા સાહેબ સારૂ આ સિંહાસન ગોઠવી રાખ્યું છે આપને વાસ્તે આ તેની પડખે સિંહમૂખી બાજઠ માંડયો છે. અને બ્રહ્મપદ માટે આસન પાથરી એ બાજઠ ગોઠવી મૂકયા છે.

સીમંતિની—બીરાજો દ્વિજમહારાજ, પત્ની સહિત બીરાજો. (રાજાને) સ્વામીનાથ, આ સ્ત્રીપુરૂષ હશે કે કૃત્રિમ વેષધારી? કંઇ શંકા આવે છે, પ્રાણનાથ.

ચંદ્રાંગદ—પ્રિયા, આત્મારૂપી ઇશ્વર સર્વમાં છે. એમ માની નિ:શંકપણે પૂજન કરો. આપણે શંકા લેવાની શી જરૂર છે ?

સીમંતિની—પ્રાણનાથ, ખરૂં કહો છો. આપણા મનથી તો ઇશ્વર પાર્વતીજ છે, એમ સંકલ્પ કરો. કર્મનાં ફળ પ્રભુ તેને આપશે. હું તો આપની આજ્ઞાએ તેનું પૂજન કરૂં છું.

ચંદ્રાંગદ—એમજ ઘટે, મારી વહાલી.

સીમંતિની—દાસી, પૂજાની સામગ્રી શું શું તૈયાર કરી છે ? કહીજા જોઉં. કંઇ વસ્તુ ભૂલા તો નથી ? મારે પૂજા સમય થયો છે. હવે હું પૂજન કરી લઉં.

શશીકળા
સાત્વિકા } —બાઇ સાહેબ કરી રાખેલી સામગ્રી વિષે અમે આપને નિવેદન કરીએ છીએ.

વાગે વાજાં વિભુનાં વાગે વાજાં વિભુના—એ રાગ ૧૦૧

કરો પૂજન પ્રીતે (૨) બાઇ પુષ્પ પત્ર ઘંટ વાગે ઘણણણણ
ધરો નૈવેદ્ય નાનાવિધ (૨) ધૂપની ઘમક જાય ઘમમમમ
કરો આરતિ કપૂર (૨) વળી દીપ જ્યોત દીસે ઘણી ઝળળળળ
ચૂવા ચંદન મોગરો, કેશર ગુલાબ જાઇ
ચંપો કરવીર કેતકી, સુખડ બીલીરે, સુખડ બીલીરે
વળી કંકુ ગલાલ સિંદૂર તોરે, અબીલ સાળ તો છે.
સૈવસ્ત્ર તો રે, ધરો ભસ્મ શિવરાય (૨) બાઇ શંખનાદ
ઘંટ વાગે ઘણણણણ   કરો.

સીમંતિની—દાસી, લાવ ત્યારે ગંગાજળની ઝારી, હું પૂજન કરવા માંડું.

શશીકળા—લ્યો બાઇ સાહેબ. (આપે છે,)

સીમંતિની—પ્રાણનાથ, આપની આજ્ઞા હોય તો હું પૂજન

કાર્યમાં રોકાઉં,

ચંદ્રાંગદ—હા પ્રિયા, સુખેથી. પણ પૂજન વખતે પુત્ર ચંદ્રસુત તથા પુત્રી કીર્તિમાલિનીને બોલાવ્યાં છે કે ?

સીમંતિની—ના પ્રાણનાથ, તે અહિં આવ્યાથી પૂજનમાં સ્થિરતા રહી શકે નહિં. નાના બાળકો અનેક ઉપાધિમાં નાખે. તેથી મેં તેમને રમવા સારૂ મોકલ્યા છે. તેઓ રાજ્યારોહણ બાગમાં રમે છે. છતાં આપની મરજી હોય તો બોલાવી મગાવું.

ચંદ્રાંગદ—ના પ્રિયા. હું તો સહજ પૂછું છું. તને જેમ અનુકૂળ પડે તેમ કર.

સીમંતિની—(પૂજા શરૂ કરે છે.)

પ્રિય કરો શંભુનાથ (૨)—એ રાગ. ૧૦૨

નમું નમું શિવાનાથ (૨) સત્ય શિયળ હિત ચિતથી,
રહું પ્રભુ જોડી હાથ (૨) સ્વામીના સુખ નિમિત્તથી. નમું. ૧
મમ પતિનું આયુષ્ય (૨) આપો અખંડિત હે પ્રભુ
કરી સંકષ્ટ દૂર (૨) વિઘ્ન નિવારજો હે વિભુ. નમું. ૨
ચહું અખંડ સૌભાગ્ય (૨) આપો પ્રભુજી અખૂટ તે,
વળી રાજ્ય ને તાજ (૨) સદા સ્વામી શિર તે રહે. નમું. ૩
સુખ કર શિરતાજ (૨) વિજયી રહો પ્રભુ એ સદા
વધો કીર્તિ હમેશ (૨) આપજો સુખ આરોગ્યતા. નમું. ૪

શિખરિણી ૧૦૩

તમે પિતા માતા, વળી પ્રભુ તમે છો મમ સખા,
તમે વિદ્યા ભ્રાતા, વળી કહું તમે દ્રવ્યજ સદા.
તમે સ્વામી મારા, સરવ દુઃખ ટાળો હરિહરા,
સ્વીકારી આ સેવા, શરણ તુજ રાખો સુખકરા. ૧

પ્રભુ આ સંસારે, તુજ કળી શકે ના ગતિ મતિ
પ્રમાદે લોભાઇ, જીવ જે ભમે કૂપ ભવ અતિ.
કરે દોષો ઝાઝા, અવગુણ બધાને દૂર કરી,
ઉગારો તારોને, કર ગ્રહી ઉતારો ભવ હરિ. ૨

(બ્રાહ્મણોને જમાડી વસ્ત્રાલંકાર આપી વિદાય કરે છે.) પ્રાણનાથ, આપ ભોજનશાળામાં પધારશો? ભોજન તૈયાર છે. હું પૂજા કરી રહી, ને બ્રાહ્મણને દક્ષિણા વિગેરે આપી વિદાય કર્યાં. હવે કશું બાકી નથી.

ચંદ્રાંગદ— હા પ્રિયા, ચાલ. આજ તું સવારની અન્ન જળ વિનાની છે. પ્રિયા, હવે તો જરા ફળાહાર સવારે કરી લેતી હોય તો ઘણું સારૂં. રાત્રી સૂધી કોરે કોરૂં કરે છે તેથી ઘણું શ્રમિત થવાય.

સીમંતિની—પ્રાણનાથ, એ વ્રત તો આપની જીંદગીને અર્થેજ છે. તેથી હવે તેમાં ફેરફાર કરી શકાશે નહિ. એમ કરવાથી મારૂં મન વહેમાઇ જાય. પ્રભુના સત્યથી સૌ થયાં કરશે. હવે આપ પધારવા તસ્દી લેશો?

ચંદ્રાંગદ—ચાલો, પ્રિયા. (સર્વ જાય છે.)

પ્રવેશ. ૧૦

સ્થળ—**માર્ગ**

સવિદ્યાધર તથા સ્યામવાન (સ્ત્રી રૂપે.)

સ્યામવાન—અરે પ્રિય સવિદ્યાધર, આમ ઉતાવળા શું ચાલો છે? જરા ધીમા ચાલો તો સારૂં. હું તો થાકી ગઇ છું.

અને હવે મારાથી તમારો વિયોગ વેઠાતો નથી.

સગીર વયમાં લાગો છો સકુમાર જેવા—એ રાગ. ૧૦૪

વ્હાલા વિરહના બાણ ન વેઠાય જરા,
થાઓ સુખ કરા, હળવા ચાલો જરા(૨) હાં હાં હાં હાં. વ્હાલા. ૧
જુઓ ભ્રમર કમળ કેવી પ્રીત કરી, જળ વિના જીવે ન મીન
એક ઘડી
તમે છો ચંદ્ર મારા, હું ચકોરી પ્યારા (૨) હાં હાં હાં હાં. વ્હાલા. ૨
થવું આવું ઘટે નમેરાનાથ નહિ, તમ વિના આ રણમાં બીજો
સાથ નહિ,
જુઓ મુજ મુખ કેવું, જાણે પૂર્ણચંદ્ર જેવું(૨)હાંહાંહાંહાં. વ્હાલા. ૩.
હવે વેગ ચાલું ને પિયુ ને હું ઝાલું, અરે જલદી જઇ વિયોગ દુઃખ ટાળું,
ઓરા આવો પ્યારા, કરો સુખી દાન (૨) હાં હાં હાં હાં વ્હાલી. ૪
ફસાવી આવા જંગલમાં લાવીને મને, ઘટે એવું નહિ ખરે હો
નાથ, તને,
હતી નહિ પ્રીત તને, પરણ્યા શીદ મને (૨) હાં હાં હાં હાં. વ્હાલા ૫
હાસ્ય આવું કરવું ઘટે નહી નાથ મારા, તમે હૈયાના હાર.
નયનનાજ તારા,
લાગોં હું પાય પ્યારા, વિ-વું કંથ મારા(૨) હાં હાં હાં હાં. વ્હાલા ૬

સવિદ્યાધર—અરે ભાઇ, તું આમ શું કરે છે? જો હવે, રસ્તો દૂર નથી. અકળાય છે શું કામ? આમ વિપરીત ભાષણ કરવું તને ઘટતું નથી. તારી બુદ્ધિ કેમ ભ્રમિત થઈ? શુ શાપ તો નથી થયો?

શ્યામવાન—અરે પણ જરા પાછું ફરીને જુઓ. છેક નિર્દય શું થાઓ છો? પિયુ, તમને આ કઠિનતા ઘટતી નથી.. જરાં, રોકાઓ.

સવિધાધર—(આશ્ચર્યથી મનમાં) અરે આ તો તદ્દરૂપ સ્ત્રી જ થઈ ગઇ છે. શું પ્રભુનો કોપ થયો? અરે હવે તેનું શું કરવું? (ચાસન) ખરેજ, તું તો સ્ત્રીજ થઇ ગયો. હવે તારા પિતાને શું જવાબ દઇશું? તે બહુ દુઃખી થશે, તને કંઇ જ્ઞાન નથી પણ મારૂં તો મન જાણે છે. અરેરે શું ઉપાય કરૂં?

સ્યામવાન—હું તો સ્ત્રીજ છું તો. તમેવળી પુરૂષ કયે દિવસ જોયો? ખોટી શોચના કોને માટે કરો છો? જવાબ કોને દેવો છે?

સવિધાધર—(મનમાં) અરે આની તો બુદ્ધિ પણ ફરી ગઇ. પૂર્વની સ્મૃતિ પણ નાશ થઇ. દગો કોઇનો સગો નથી. (ચાસન) ભાઇ આ દગાનું ફળ, ચાલ હવે આ ઘર આવ્યું. તારી કર્મ કથા કરવાનો વખત આવ્યો. (બન્ને ચાલ્યા જાયછે.)

પ્રવેશ ૧૧

સ્થળ—વેદમિત્રનું ઘર.

વેદમિત્ર, સારસ્વત, તેની સ્ત્રી નર્મદા, પછીથી સવિધાધર અને સ્યામવાન.

સારસ્વત—મિત્ર, આપણા પુત્રો હજુ કેમ ન આવ્યા? કંઇક રોકાયા, તે લાભીને આવશે. એમ લાગે છે.

વેદમિત્ર—ભાઇ, તે આવતા હશે. રાજાની પાસેથી તરત નીકળે તો તો વાર ન લાગે. પણ ત્યાં રોકાયા હશે. ગયા છે તે કંઇક લાવશે. ભણ્યો ભૂખે મરે નહિ, એ સિદ્ધ છે.

સારસ્વત—હા, એમજ છે, પેલું આવે છે તે કોણ? આ પણા પુત્રો તો નહિ હોય?

(સવિદ્યાધર અને સ્ત્રીવેશે સ્યામવાન આવે છે.)

સવિદ્યાધર—પિતાજી, પ્રણામ કરૂં છું.

વેદમિત્ર—કલ્યાણ બેટા, આ લજ્જાયુકત સ્ત્રી કોણ છે! બારોબાર લગ્ન કરી આવ્યો કે શું? સવિદ્યાધર, સ્યામવાન કયાં છે?

સવિદ્યાધર—પિતાજી કહેતાં જીભ અટકે છે, પણ કહુછું. સ્ત્રીરૂપે એતો સ્યામવાન છે, પિતાજી.

સારસ્વત—શું તે સ્ત્રી થઈ ગયો? એશું? એ થયું શું! સત્વર બોલ. આ શું? હું તો મૂઝાઈ ગયો છું. થયું શું? કંઈ સમજાતું નથી.

નર્મદા—હવે મૂઝાયા. કેમ? જાણતા ન હતા કે રાજા અહંકારી અને અવિચારી કાર્ય કરે તેવો છે. (મનમાં) અરે મારા પુત્ર, તારી શી દશા થઇ.

સવિદ્યાધર—પિતાશ્રી, અમે રાજા પાસે ગયા, આશિર્વાદ દઈ યાચના કરી, તો રાજાએ કહ્યું કે ચંદ્રાંગદના રાણી સ્ત્રી પુરૂષનું જોડું સોમવારને દિવસ જમાડે છે. તો ત્યાં નૈષધદેશ જાઓ. હું એટલી લક્ષ્મી આપી શકીશ નહિં. પિતાજી, અમે ઘણીએ ના પાડી પણ તેણે ઘણા આગ્રહથી અમને વસ્ત્રાલંકાર આપી કૃત્રિમ વેષમાં મોકલ્યા.

સારસ્વત—અરે દુષ્ટ રાજા, તેં મારૂં ઘર ધૂળ કર્યું. તેં બળીયા સાથે બાથ ભીડી? ચાંડાલ, તેં શિવરૂપ સીમંતિની મહા સતીને છેતરવા છળ કરી મારા ગરીબ બ્રાહ્મણનું ઘર ધૂળ મેળવ્યું. (રૂએ છે)

સુવિદ્યાધર—પિતાજી તેના પુન્યની શી વાત? પૂજા કરી કે તુરત સ્યામવાન આ રૂપે થઇને પૂર્વસ્મૃતિ પણ ભૂલી ગયો. મને તો એ ઘણુજ લાગે છે. ભાવિએજ ભૂલાવ્યા.

વેદમિત્ર—તે ખરૂંજ. ઇશ્વરની સાથે દગામાં શું ફળ? જુઓને, જરાએ બોલે છે? જાણે મૂઢ બન્યો.

નર્મદા—અરે ભગવાન, હવે શું કરૂં? આ વૃદ્ધાવસ્થા થવા આવી. હવે પુત્ર કયાંથી મળે! અને ઘડપણ કોણ પાળે? તમે બંન્ને બ્રાહ્મણોએ પૈસાની લાલચે મારા પુત્રને નર મટાડી નારી કર્યો. હાય! હાય! રે પ્રભૂ! જરા ઘેર આવી પૂછવું તો હતું કે રાજા કહે છે તે કરીએ કે કેમ?

સારસ્વત—હવે રોઇશ નહીં. તે કોણ જાણતું હતું કે રાજા આવું વિપરીત કામ કરશે? પૈસા આવ્યા હત તો રાજી રાજી થાત. ને જરાએ બોલત નહિ. હવે ડાહી થાય છે તે. જે ભાવિ હશે તે થયું. ભાવિના બળથી એકવાર અર્જુને પણ આ અવસ્થા ભોગવી છે. અર્જુન માફક થોડા વખતમાં તે પાછો પુરૂપ થાય એમ ઉપાય કરીએ.

નર્મદા—અરે બળ્યો તમારો પૈસો, મારો વિદ્યાનિપુણ પુત્ર હતો તો પૈસોજ હતો. હવે ફાંફાં મારવાં ફોગટ. દેવલોકની બરોબર તે આપણે હોઇ શકીએ! અર્જુન તો હરિનો અંશ હતો. તેની આપણે કયાં સરખામણી કરશું?

વેદમિત્ર—માઇ, એ પંચાત મૂકો. થઈ તે થઇ. ચાલો રાજા પાસે જઇએ. કંઇ શાપનું નિવારણ કરી શકે તેમ હોય તો.

સારસ્વત—ચાલો, એ ઠીક છે.

(વેદમિત્ર, સારસ્વત, અને નર્મદા જાય છે.)

સ્યામવાન—પ્રાણનાથ, આપણે લાંબી મુસાફરી કરીને ઘેર આવ્યા, તો અહિં બધા એકઠા થયા હતા, તેમાંથી મને તો કોઇએ બોલાવી પણ નહિ. ને બધા રોવા ને કકળાટ કરવા લાગ્યા. ને પછી રાજા પાસે જવા ચાલી નીકળ્યા. તે કેમ વારૂ ? એ બધા કોના વાત કરતા હતા ?

સવિદ્યાધર—(મનમાં) આતો અહિં પણ કંઈ સમજયો નહિ, ને મને પ્રાણનાથ કહીને વાત કરી. સારૂં થયું કે બધાના દેખતાં કંઇ બોલ્યો નહિ. હવે એને ભૂખ લાગી હશે. તે જમવા માટે અહિંથી નહી જાઉં. પછી વળી જે બને તે ખરૂં. એટલામાં તો પિતાજી વિગેરે પાછા આવશે. ને કંઇ રસ્તો નાકળશે. (વ્યાસને) ચાલ હવે, આપણે જમવા જઇએ. પછી એ બધી વાતો કરશું. (બન્ને જાય છે.)

પ્રવેશ ૧૨.

સ્થળ—વિદર્ભ દેશ. ગુમાનસિંહનો રાજયમહેલ.

ગુમાનસિંહ, વીરસિંહ, ધર્મગુરૂ વિગેરે સભાજનો; પછીથી બ્રાહ્મણો.

ગુમાનસિંહ—પ્રધાનજી, આપણે તે દિવસે બ્રાહ્મણના પુત્રોને મોકલી આપ્યા તેનું શું થયું ? તે પાછા આવ્યા કે નહિ? કંઈ ખબર પડી કે ?

વીરસિંહ—અરે મહારાજ, તેની તો શું વાત કહું ? હું નહોતો કહેતો કે વિપરીત કાર્ય કરવું નહિ. પરંતુ આપે માન્યું નહિ. આખરે ઇશ્વરે તેનાપર કોપ કર્યો.

ગુમાનસિંહ—તેમાં શું વિપરીત કાર્ય છે ? જ્યાં ત્યાં તેને પૈસો મેળવી આપવો, તેની યુક્તિ. ઇશ્વરનો કોપ શું થયો વળી ? તે કહો તો ખરા. હું તો કંઇ જાણતો નથી.

વીરસિંહ—મહારાજ, તે યુક્તિ શા અર્થની ? જે સ્ત્રી થઇને ગયો હતો તે છોકરો તો ખરી સ્ત્રી બની જઇ મૂઢતાને પા પૂર્વસ્મૃતિજ નથી. એજ પ્રભુનો કોપ. એમાં કંઇ સંશય નહિ.

ગુમાનસિંહ—હેં, શું એમ થયુ રે, આ તો બહુ વપરીત. મારૂં તો મન દિલગીર થાય છે. આવું સય તો મેં જાણ્યું નહોતું. હસવું કરતાં હાનિ થઇ. હવે શું થશે ?

વીરસિંહ હવે શું થાય, મહારાજ ? ગરીબ બ્રાહ્મણનું ઘર ભાગી ગયું. ક્રોધથી શાપ ન દે તો સારૂં. એ બ્રાહ્મણ મહા ક્રોધી છે. વળી તેને એ એકજ પુત્ર હતો

ગુમાનસિંહ—પ્રધાનજી, સીમંતિનીના સત્યનો પ્રભાવ આટલો બધો હશે, એમ હું ધારતો નહોતો. મેં તો આટલા દિવસ બધું ખોટુંજ માન્યા કર્યું. હું એમ ધારતો હતો કે કીર્તિ વધારવાને ચંદ્રાંગદ ઢોંગ કરે છે.

વીરસિંહ—મહારાજ, કોઇ મોટા માણસની સેવા કરે છે તો તે વશ થાય છે. તો ઇશ્વરની સેવા કેમ અફળ હોય? એવા ધૂતારા ઢોંગ એવા સત્યવાદીમાં હોયજ કેમ? એ વિચારજ ખોટો લાવ્યા.

ગુમાનસિંહ—હા, એ તો ખરૂં છે. પણ તમે બ્રાહ્મણના શાપ વિષે કહ્યું તે બધું ખોટું. (ધર્મગુરૂને) એવો તો મને વહેમ નથી. એના શાપથી શું થાય?

ધર્મગુરૂ—અરે રાજેંદ્ર; તું શું કહે છે? કેવું અજ્ઞાનતા શું કરે છે? બ્રાહ્મણના શાપથી તો એક ઇક્ષ્વાકુ કુળનો મિત્રવર્મા નામે રાજા રાક્ષસ રૂપે થઇ ગયો હતો. તેં તેની ખબર નથી?

ગુમાનસિંહ—ગુરૂ મહારાજ, તમે કહો છો, તે રાજાને શાપ કેમ થયો?

ધર્મગુરૂ—રાજેંદ્ર, તારે તે વાત સાંભળવાની ઇચ્છા છે, તો હું તને સંક્ષેપમાં કહું છું, તે સાંભળ.

ગુમાનસિંહ—મહારાજ, આપની કૃપા હું ચાહું છું. આપ કહો.

ધર્મગુરૂ—રાજન્, એક ઇક્ષ્વાકુ કુળમાં મિત્રવર્મા નામે મહા ધનુર્ધારી અને રૂપયૌવન વાળો ધર્મિષ્ઠ રાજા હતો. તેને શિકારનો ઘણો શોખ હોવાથી નિરંતર શિકાર કરી મહા પ્રૌઢ જાનવરોને મારતો. એક સમયે સૌનાકાર નામના રાક્ષસને તે રાજાએ માર્યો. અને હર્ષથી ઘેર આવ્યો. એ સૌનાકાર રાક્ષસનો નાનો ભાઇ પોતાના જ્યેષ્ઠ બંધુના મોતથી ઘણો દુઃખી થયો. અને વેર વાળવાનો વિચાર કરી, બળવાન એવા તે રાજાને કોઇ જીતી શકે તેમ હતું નહિ તેથી, રાજાને ઘેર ચાકર રહી, વેર લેવું એમ ધારી રાજા પાસે નોકર રહેવા ગયો. તેની લાવણ્યતા, એને શરીરની પ્રૌઢતાથી રાજા ખુશી થઇ ગયો. અને તેને નોકર તરીકે રાખી લીધો.

ગુમાનસિંહ—મહારાજ, તેનું રાક્ષસી રૂપ બદલવાથી રાજા છેતરાયો હશે.

ધર્મગુરૂ—હા. હવે એમ કરતાં રાજાના પિતાનું શ્રાદ્ધ આવ્યું. તેથી વશિષ્ઠ ઋષિને ભોજન અર્થે બોલાવ્યા. તે વખતમાં

ઋષિઓ માંસાહાર કરતા હતા. તેથી નાના વિધના માંસ, શાક વિગેરે રસોઇ પીરસી તૈયાર રાખી. હવે એટલામાં વેર વાળવાનો લાગ સાધી રાક્ષસે તે રસોઇમાં માણસનું માંસ પીરસ્યું. વશિષ્ઠ જેવા જમે છે કે તુરત નરમાંસનો સ્વાદ આવ્યો. રાજાને કોપ કરી. ધિક્કાર આપી, શાપ આપ્યો કે તું રાક્ષસ થા. તેં મને જમવા તેડી નરમાંસ ખવડાવ્યું તેથી મૂઢતાને પામી વનચર થઇ સર્વ ભક્ષી થા. રાજાને શાપ થયો. નોકરરૂપે રહેલો રાક્ષસ હર્ષ પામી અંતર્ધાન થઇ ગયો. રાજા કંઇ પણ કપટની વાત જાણતો નહોતો તેથી તે ગુસ્સે થઇને ગુરૂને શાપ દેવા તૈયાર થયો.

ગુમાનસિંહ—શું રાજા ગુરૂને શાપ દેશે ? રાક્ષસે તો બહુ કુતૂહલ કર્યું.

ધર્મગુરૂ—રાજેંદ્ર, તું સાંભળ. તે રાજાની સ્ત્રી દમયંતી નામે ધણી પતિવ્રતા સતી હતી. તેણે કહ્યું કે પૂર્વસંસ્કાર ભોગવ્યા વિના છૂટકો નહિ. ગુરૂને શાપ દઇ અપરાધી થશો નહિ, સ્વામીનાથ. તમે યોનાકાર રાક્ષસને માર્યો તો તેનું વેર લેવાને આ કૃત્ય તેના લઘુ ભ્રાતે કર્યું છે. (વશિષ્ઠને) વશિષ્ઠ મહારાજ, મુજ ઉપર અનુગ્રહ કરી શાપનું નિવારણ કરો.

ગુમાનસિંહ—હવે એ ઋષિના શાપનું નિવારણ થયું ખરૂં કે, મહારાજ ?

ધર્મગુરૂ—હા, રાજેંદ્ર, તું સાંભળ. પછી વશિષ્ઠે ધ્યાનથી જોયું તો રાજા નિરપરાધી હતો. અને રાક્ષસનું વેર લેવા આવું કપટ હતું. તેથી વશિષ્ઠે પસ્તાવો કર્યો, અને કહ્યું કે મારૂં વચન મિથ્યા તો નહિ થાય, પણ ૧૨ વર્ષ પાછો મનુષ્યરૂપ ધરી રાજ્ય કરજે. રાજા રાક્ષસ થયો. વનમાં જેને તેને મારી ખાય ને સ્વજનાને

પામ્યો. એકવાર બ્રાહ્મણનાં વરકન્યા પરણી જતાં હતાં તેમાંથા તે સુભગારૂપી રાજાએ વરનો વધ કર્યો. તેની સ્ત્રીએ હજુ સુખ ન લીધેલું, ને પોતાના ધણીનો વધ કરેલો જોઇ ક્રોધથી શાપ દીધો કે ૧૨ વર્ષે રાજ્યગાદીએ બેસે અને જ્યારે તું તારી સ્ત્રીને એકાંતમાં મળે ત્યારે તારૂં મૃત્યુ થજો. જેમ મારી આશા ને ભંગ કરી તેમ તને પણ હજો.

ગુમાનસિંહ—શું વળી પાછો શાપ થયો કે! વળી એને તે પણ ભોગવવો પડશે કે?

ધર્મગુરૂ—રાજેંદ્ર, પાપ તો નિરંતર પાછળ જ પડે છે. તેમાંથી છૂટવું મુશ્કેલ છે. પછી ૧૨ વર્ષ પુરાં થયે રાજા ઘેર આવ્યો. રાણી ઘણી સતી હતી. તેથી તે શાપની વાત જાણતી હતી. એટલે સમય ચૂકવી રાજાના જીવની હાનિ થતી અટકાવી. અને તેણે વશિષ્ઠ પાસે જઇ પુત્ર માગી લીધો. વશિષ્ઠની કૃપાથી તે રાજાને પુત્ર થયો. તેને રાજ્ય આપી ગૌકરણમાં ધણીધણીયાણી તપ કરવા ગયાં, અને પાપ નિવારણ થયેથી શિવપદ પામ્યાં. રાજેંદ્ર, શાપના દોષથી એટલાં દુઃખ સહન કર્યાં. પણ નીતિવાન હોઇને ઇશ્વરને પામ્યાં. તોહે રાજન, સત્યવાન અને કપટરહિત રહેવું એ ઘણું ઉત્તમ છે.

ગુમાનસિંહ—મહારાજ, આ વાત તો ઘણી સારી છે. આપની શિખામણને અનુસરવા હવેથી કોશીશ કરીશ.

(પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, દ્વિજવરો આવે છે

વીરસિંહ—આવવા દો, તેમને.

ગુમાનસિંહ—અરે પ્રધાનજી, આ તો રહાપીટ કરતા

ગણાવે છે. કેટલુ અવિહિત કાર્ય મે કીધુ ? હવે હુ પસ્તાઉછુ.
(બ્રાહ્મણો રડાપીટ કરતા આવે છે.)

બ્રાહ્મણો (રાજાને) અરે હાય દુષ્ટ બુદ્ધિ રાજા ! તેં આ શું કર્યું ? ધિક્કાર છે તને !

રાગ ક્ષત્રી કલંકનો. ૧૧૫

ધિક ધિક નૃપ નફ્ટ નાદાન, થયો શું આવો અવિચારીરે
અરે ભૂલી ગયો તું તો તારૂં ભાન, થયો.
નોતું દેવું તારે દાન જો લગાર, થયો.
પાછા વાળવા'તા તારે મારા બાળ, થયો.
નર ટાળી કર્યો નારી મારો તન, થયો.
ધિક નૃપ તને ન આવી શરમ, થયો.
તેં તો બ્રહ્મ તણું બાંધ્યું ઘર સૂત્ર, થયો.
અરે હવે ક્યાંથી પામીશ હું પુત્ર, થયો.

ગુમાનસિંહ—(તુરત પગમાં પડી) મહારાજ ક્ષમા કરો, ક્ષમા કરો.

શાર્દૂલ વિક્રીડિત. ૧૦૬

આવ્યો હું શરણે ગુરૂ તમ તણે, ઉગારજો શાપથી
ભૂલ્યો હું પ્રભુ ભાન આ ભવ વિષે, બૂડયો પૂરા પાપથી
જાઉં હું વનને વિષે તપ કરૂં, શંભુ શિવા ઉપરે,
લાવું હું વરદાન થાય ફરીને, નારી મટી સુતરે.

બ્રાહ્મણો—(રાજાને ઉઠાડી) અરે રાજન્, આ વખતે તો અમે કંઇ શાપ આપતા નથી. કારણ કે શરણે આવેલા ને ઉગારવો એ અમારો ધર્મ છે; પણ હવેથી તું એવું કાર્ય કરીશ ના. આ પુત્રી રૂપ પુત્રનું શ્રેય થાય તેમ કર.

ગુમાનસિંહ—(ધર્મ. ગુરૂને) મહારાજ, હવે હું શું કરૂં? શા ઉપાય વડે આ બ્રાહ્મણોનું કષ્ટ દૂર થાય, કંઇ યુક્તિ ઉપાસના બતાવો.

ધર્મગુરૂ—રાજેંદ્ર, ગૌકરણ ક્ષેત્રમાં જઇ ઉમયા ઉપર તપ કરી વરદાન માગો; તેથી કંઇ શ્રેય થશે; જો ઉમયા પ્રસન્ન થાય અને તમારૂં કાર્ય થાય તો.

ગુમાનસિંહ—બહુ સારૂં, , ગુરૂ મહારાજ. (બ્રાહ્મણોને) દ્વિજવરો, તમે હવે તમારે ઘેર પધારો. હું તમારે માટે તપ કરવા જાઉં છું. આ રાજયગાદી ઉપર, તમારા દુઃખનું નિવારણ કર્યા સિવાય, હું બેસીશ નહિ એ નિશ્ચય જાણજો.

બ્રાહ્મણો—કલ્યાણ થાઓ, રાજેંદ્ર. તારી મહેનત અને શ્રમનું ફળ સુલભ થાઓ.

ગુમાનસિંહ—પ્રધાનજી, આ રાજયની પુરતી સંભાળ રાખજો. હવે હું તપ કરવા ગૌકરણમાં જાઉં છું. કચેરી બરખાસ્ત કરો. (સર્વે જાય છે.)

પ્રવેશ ૧૩ું

સ્થળ—ગૌકરણ ક્ષેત્ર.

ગુમાનસિંહ સમાધિષ્ઠ થઇને તપ કરે છે.

(દેવી પ્રગટ થાય છે.)

દેવી—અહો રાજા ગુમાનસિંહ, તું તારૂં ગુમાન છોડીને આજ સાત દિવસથી ભૂખ્યો તરસ્યો નિરાહાર એક આસને બેસી તપ કરે છે, તો હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. રાજન્, જે વર માગવાની ઇચ્છા હોય તે વર માગી લે.

ગુમાનસિંહ—(ભાનમાં આવી પગે પડી સ્તુતિ કરે છે.

શાર્દૂલ વિક્રીડિત.

શ્રી અંબે મમ માવડી નમું તને, બ્રહ્માણી રૂપે ખરે,
મમ માથા મંદાકિની સ્તવું તને, સુજ્ઞાન આપો અરે;
તત્વે આ તુજ ભકતની કરી દયા, વાગેશ્વરી તું બની,
નિંદીને સહુ ક્રૂર રાક્ષસ હણી, સંકષ્ટ નિવારિણી. ૧
હસ્તે શંખ ત્રિશૂલ ચક્ર ધરીને, થૈ વાઘની વાહની,
દૈત્યો શુંભ નિંશુંભ ક્રૂર દળીને, થૈ તું જ સંહારિણી;
મ્હૈષાસુર હણી વળી મદ પીધો. કીધું સુરા પાનરે,
એવી તું સતી મહામતિ ભગવતિ, શરાં કીધાં કામરે. ૨
ભકતોની ભીડ ભાગી લાગી લગની, રે જેહને તાહરી,
દેવી દીન દયાળ વ્હાર કરજે, તું આ સમે આહરી;
પાયે હું પડું તાહરે નથીમને, રે હામ તો નામની,
ચગીને વળી બ્રહ્મ પુત્ર સુતને, તેં શું કીધી કામિની. ૩

હે અંબે, હે કલ્યાણી, હે રૂદ્રાણી, જો તું મારા પર પ્રસન્ન હો, તો સારસ્વત બ્રાહ્મણનો પુત્ર, જે ઇશ્વરેચ્છાથી સ્ત્રી રૂપે થઇ ગયો છે તેને પાછો પુત્ર કરી આપ. હે માતુ, તે વૃદ્ધ બ્રાહ્મણને એ એકજ પુત્ર છે. દુઃખ નિવારિણી દેવી, સહાય થા, સંકષ્ટ દૂર કર. ગુન્હો ક્ષમા કર.

દેવી—હે રાજેંદ્ર, તેં શંકરના ભક્તની હાંસી કરી, એ શંકરની હાંસી કર્યા તુલ્ય છે. એ સતીના પ્રતાપે અને શંકરના વચને એ સ્ત્રી થએલી પાછો પુત્ર થઇ શકશે નહિ. ઇશ્વરની કૃતિને ફેરવનારૂં આખી સષ્ટિમાં કોઇ છેજ નહિ. માટે કર્યાં કર્મનું ફળ હે રાજા, તું ભોગવ, અને પસ્તાવો કર.

ગુમાનસિંહ—માતુશ્રી, આપના દર્શનના પ્રતાપે એ વિપ્રનું દુઃખ નિવારણ થવું જોઇએ. એ વિપ્રનો પુત્ર નર નહિ થાય, તો હું જગતમાં મ્હોં શું બતાવું ? માજી, કૃપા કરો. આપનું દર્શન નિરર્થક જાય નહિ, માતુશ્રી.

દેવી—અહો રાજેંદ્ર, એ બ્રાહ્મણને એક બીજો પુત્ર થશે. તે પુત્ર આ પુત્ર કરતાં વધારે વિદ્યાવાન થશે. અને આ, પુત્રી થઇ છે તે ઘણી સતી સાધ્વી થશે. વિદ્યા નિપુણ થશે. એ પુત્રીનું સવિદ્યાધર સાથે લગ્ન કરાવી આપજે. તેનું નામ સોમવતી રાખજે (દેવી અંતર્ધ્યાન થઇ જાય છે.)

ગુમાનસિંહ--હવે હું ઘેર જાઉં. બ્રાહ્મણને શાંત કરૂં. અને એ પુત્રીને સવિદ્યાધર જોડે નૈષધ દેશમાં પરણાવું. સીમંતિની અને ચંદ્રાંગદ પાસેજ હસ્તમેળાપ કરાવી આશિર્વાદ અપાવું, અને હું પણ ક્ષમા માગી કૃતાર્થ થાઉં. ચાલ જીવ ઉઠ.

(રાજા જાય છે.)

પ્રવેશ ૧૪

સ્થળ--કેદખાનું

ક્રૂરસેન, પછીથી માણસો.

ક્રૂરસેન--અરે, જેમ મેં ચંદ્રસેનને કેદખાનામાં સડાવ્યો એમજ આજ વાત કરતાં ત્રણ વર્ષથી હું કેદખાને સડું છું. ચંદ્રાંગદે હજુ કાંઇ નિવેડો આણ્યો નહિ. અરે જીવ. હવે ફોગટ પસ્તાવું શું ?

. જીવને શ્વાસ તણી સગાઇ--એ રાગ. ૧૦૮

અરે જીવ શું પસ્તાવે મન, નક્કટ તેં ઇચ્છ્યું પરનું ધન.

ગર્વ અંધ થઇ ઘેરાયો તું, લક્ષ્મી લાલચ માંહી
આગળ જતાં શું થાશે તુજ, ચિત વિચાર્યું નાહી. અરે—૧
ગુમાની થઈ ગર્વ કરીને, ચેત્યો નહે તું કાંઇ,
બંધુવત આ રાયરાણીને નાખ્યા બંધન માંહી. અરે—૨
નિર્દોષીને દુઃખ દીધાં બહુ, રાખી નહિ સગાઇ,
તે પાપે બંધાયો આજે, પડયો કેદની માંહી. અરે—૩
દુઃખ વેળાએ દઈ દિલાસો, સંભારૂં શ્રી રામ,
સુખવેળાએ લીધું નહિ મેં, એકજ ઇશ્વર નામ. અરે—૪
હવે મારા છોડાવે બંધન, સત્વર કરીને યાદ,
પડયો કેદ પોકાર કરૂં છું, તે કોણ લેશે દાદ. અરે—૫
અરે ખરે આ મારા જીવની, લોભે ગઈ છે લાજ,
સૌ સજ્જન શિખામણ લેજો, બૂરૂં કરશો ના કાજ. અરે—૬

(સિપાઇઓ આવે છે)

સિપાઇઓ—અબે ક્રૂરસેન, ચલ; અબ ચંદ્રાંગદ મહારાજ બોલાતે હૈં.

ક્રૂરસેન—ચાલો ભાઈ, જે થાય તે ખરૂં. બંધનથી છોડે તો તો ઇશ્વર તારો પાડ માનું. ફરી ક્રૂર કૃત્ય કરૂં નહિ.

સિપાઇઓ—સાલા કેસા બકરી જેસા બન ગયા હૈ.

(સર્વે જાય છે.)

પ્રવેશ ૧૫

સ્થળ—રાણીવાસ

ચંદ્રાંગદ, સીમંતિની, પાછળથી બ્રાહ્મણો, ગુમાનસિંહ, ક્રૂરસેન વિગેરે.

સીમંતિની—પ્રાણનાથ, સુખના દિવસો જતાં વાર લાગતી

નથી. આપની સાથે મેળાપ થયાને આજ ત્રણ વર્ષ થઇ ગયાં. આપની છાયામાં તો મને "ત્રણ દિવસ જેટલા" પણ લાગતા નથી. પ્રભુએ મને કેવી સુખી રાખી છે? પ્રભુ, તારો અખૂટ પ્રેમ કેમ વિસરુ ?

ચંદ્રાંગદ—હા મારી પ્રાણપ્રિયા. તું કહે છે તેમજ છે. દુષ્ટ ક્રૂરસેન હજુ કેદખાનામાં સડે છે. તેને પૂછો, કે કેવા દિવસ જાય છે? સુખના દિવસ જતાં વાર શું ?

સીમંતિની—પ્રાણનાથ, હવે તેને ઘણી શિક્ષા થઇ છે. માટે તેને બંધનથી મુક્ત કરી યોગ્ય લાગે તે કરો, મહારાજ. શરણે આવ્યો તેને ઉગારવો.

ચંદ્રાંગદ— પ્યારી, તેને આપણા રાજ્યમાંથી અન્નવસ્ત્ર મળ્યાં કરે અને રાજ્યમાં બેઠો રહે, એ સિવાય બીજું શું તેને માટે કરીએ ?

સીમંતિની—હા મહારાજ, એમજ ઠીક છે. પગાર કરી આપી કામ સોંપ્યાથી રાજ્યમાં પાછી ખટપટ કરે; જમીન વિગેરે આપવાથી પાછો તે મસ્ત બની જાય; રાજ્યને કોઇ વાર નુકશાન કરે. તેથી બંધાણી માફક પડ્યો પડ્યો ખાય એ બહુ ઠીક છે.

(પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, વિદર્ભ દેશના સુમાનસિંહ રાજા બ્રાહ્મણો સહિત આવવા રજા માગે છે. આજ્ઞા હોય તો અંદર દાખલ કરું, મહારાજ.

સીમંતિની—પ્રાણનાથ, તે કોણ છે? શું કામ આવ્યા હશે?

ચંદ્રાંગદ—પ્રતિહાર, પૂછો તેને શું કામ છે?

(પ્રતિહાર પૂછી આવે છે.)

પ્રતિહાર—મહારાજ, તે એમ કહે છે કે અમારે માતા સીમંતિનીને તથા ચંદ્રાંગદ મહારાજને પગે પડવું છે. ને અમારા અપરાધની ક્ષમા માગીને આ બ્રહ્મપુત્રોના લગ્ન આપની સમક્ષ કરવાં છે, મહારાજ.

સીમંતીની—રખેને આપણે બ્રહ્મપદ જમાડયું તેજ હોય નહિ ? પ્રાણનાથ, ઇશ્વરની મરજીથી પેલો છોકરો કદી સ્ત્રી વેષેજ રહ્યો હશે. પ્રભૂ કદી કપટ સાંખતો નથી.

ચંદ્રાંગદ—હા વહાલી, મને પણ એમજ લાગે છે. જે હશે તે હમણા જણાશે. હમણા તો અંદર આવવા દો. પ્રતિહાર, બોલાવો તેને. (પ્રતિહાર જાય છે ને બોલાવી લાવે છે.)

પ્રતિહાર—મહારાજ, આ ગુમાનસિંહ આવ્યા.

ગુમાનસિંહ—માતાપિતા પાયે પડું છું.

બ્રાહ્મણો—અખંડ કલ્યાણ ! અખંડ કલ્યાણ ! મહારાજ ચંદ્રાંગદનું અખંડ કલ્યાણ !

ચંદ્રાંગદ—અહો રાજા ગુમાનસિંહ, તમે કયાંથી ? અને આ બધા કોણ છે ? શા સારૂ આવ્યા છો ? આ બ્રાહ્મણોએ મારો આ વાસ પવિત્ર કર્યો, તેથી હું બહુ કૃતાર્થ થયો છું.

ગુમાનસિંહ—મહારાજ, મેં પાપીએ આ પુત્રોને આપને ત્યાં છળભેદરૂપે ભિક્ષા અર્થે મોકલ્યા તે તેજ સ્થિતિમાં રહ્યા. ત્યાર પછી મહારાજ, મેં પાર્વતી ઉપર તપ માંડયો. તો મને મહા ધિક્કાર મળ્યો કે ભકતજનની મેં નિંદા કરી તે મોટો અપરાધ કર્યો. તેથી હું આપ ઉભયની માફી માગવા અત્રે આવ્યો છું. મને મારા કૃત્યની ક્ષમા કરો. અને આ ઉભયનાં લગ્ન કરાવી આશિષ આપો.

ચંદ્રાંગદ—બહુ સારૂં, ફીકર નહિ. સોનાને કસોટીપર લેવા નો દુનિયાનો રીવાજ છેજ. પણ આ બ્રાહ્મણોને શું કામ છે ?

ગુમાનસિંહ—મહારાજ, પાર્વતીના વચને આ બે વરકન્યાના શુભ લગ્ન કરવાં છે. અને આ વૃદ્ધ બ્રાહ્મણો તેમના માતા પિતા છે. તે લગ્ન આપની સમક્ષ કરવા અમો સહુની ઇચ્છા થવાથી અત્રે આવી આપને વિનંતી કરીએ છીએ કે તે. કાર્ય આપના સમક્ષજ કરવું, મહારાજ.

ચંદ્રાંગદ—બહુ સારૂં, તેમ કરો. (સીમંતિનીને) આ શુભ પ્રસંગે ક્રૂરસેનને પણ છોડવાનો મારો વિચાર થાય છે.

સીમંતિની—બહુ સારૂં, પ્રાણનાથ. આપે તેને તેડાવ્યો છે. તે હમણાજ આવશે. (પ્રતિહાર આવે છે.)

પ્રતિહાર—મહારાજ, ક્રૂરસેનને સિપાઇઓ લાવ્યા છે.

ચંદ્રાંગદ—બહુ સારૂં, આવવા દો તેને.

(ક્રૂરસેન આવે છે, ને પગમાં પડે છે.)

ક્રૂરસેન—મહારાજ, મારા પર દયા કરી મને છોડો. હું કદી આવાં કામ કરીશ નહિ.

ચંદ્રાંગદ—ક્રૂરસેન, તમારા કૃત્યના બદલામાં તમે ત્રણ વર્ષ કેદ ભોગવી એજ બસ છે. તેથી આજે હું તમને છોડી મૂકું છું. અને આ રાજ્યમાંથી ખોરાકી પોશાકી લઇ તમારૂં ગુજરાન કરો. આયંદે એવું કાર્ય કરશો નહિ. (છોડી મૂકે છે.)

ગુમાનસિંહ—મહારાજ, હવે આ વરકન્યાના હસ્ત મેળાપ કરાવી આપજ આશિષ આપો.

(ચંદ્રાંગદ હસ્તમેળાપ કરાવે છે.)

ચંદ્રાંગદ અને સીમંતિની—અનુષ્ટુપ ૧૦૯

યજો સુખી સદા જોડું, યાવચ્ચંદ્ર દિવાકર,
સતી સ્ત્રી શીલને ધારી, સ્વામી સુખે રહે સદા.
અષ્ટ પુત્રો થજો એને, ભક્તિવંતા સુશીલતો.
ઇષ્ટ સેવા કરી સાચી, પ્રભુ ચર્ણે રહો સદા.

બ્રાહ્મણો—(આશિષ આપે છે) ચિરંજીવી રહો, સુખ શાંતિ ભોગવો. સુમાર્ગે દુનિયામાં વર્તજો. અને સદ્‌ગુણી થજો. અસ્તુ ! અસ્તુ ! અસ્તુ !

સીમંતિની—પ્રાણનાથ, માતાના વચનથી આ શુભ ક્રિયા નિર્વિઘ્ને સમાપ્ત થઈ છે. માટે આપણે સ્તુતિ કરીએ,

ચંદ્રાગદ—બહુ સારૂં.

સર્વે—(સ્તુતિ કરે છે.)

આરતિ. ૧૧૦

જયદેવ જયદેવ, જય જય જગ રાયા, જય જય જગ રાયા.
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ન કળે તુજ માયા. જયદેવ ૧
સ્વર્ગ પૃથ્વી પાતાળ, જળ સ્થળ તું વસીયો, પ્રભુ જળસ્થળ તું વસીયો
ભૂચર ખેચર માનવ (૨) હૃદય કમળ વસીયો. જયદેવ ૨
ઘટ ઘટ તું ઘનસ્યામ, પશુ પક્ષી માંહી, પ્રભુ પશુપક્ષી માંહી
જડ સ્થળ ને વૃક્ષોમાં (૨) વસીયો તું સ્વામી. જયદેવ ૩
કર્તા હર્તા ભર્તા, તું સરજન હારા, પ્રભુ તું સરજન હારા
રિદ્ધિ સિદ્ધ બુદ્ધિ (૨) દેવા દેનારા. જયદેવ ૪
ભવ મોચન ભીડ ભંજન, ભક્તિ વશ શંભુ, પ્રભુ ભક્તિ વશ શંભુ
સેવક નિશદિન તારૂં (૨) ચરણ કમળ વંદુ. જયદેવ ૫
નિર્મળ તુજ પ્રભુનામ, નિશદિન જે લેશે, પ્રભુ નિશદિન જે લેશે,
દોષ નિવારી તેના (૨) હરિસુખ તું દેશે. જયદેવ ૬

(સર્વપાત્રો મળે છે.)

સર્વે પાત્રો—કલ્યાણની ગજલ. ૧૧૧

સહુ સભાજનો, નીતિ માર્ગ વિચરો પુર્વના પ્રકાશમાંહી પાય તો ધરો.
ભક્તિ મુક્ત ને ભવ તરવા, એકજ ઇશ્વર નામ,
સત્ય શિયળને સહાય પ્રભુ છે, દર્શાવિયો તમામ. સહુ ૧
શીમંતિની સતીએ સેવ્યા, ઉમાપતિ મહારાજ,
ધૈર્ય નિયમથી વ્રત આચર્યું, સોમ પ્રદોષે આપ. સહુ ૨
નિશ્ચળ ભક્તિ જોઇ નારની; પ્રસન્ન થયા કીરતાર.
બુડયો બાંહેગ્રહી ઉગાર્યો, સતી તણો ભરથાર. સહુ ૩
એવી નારી નિયમ ધારી, થાજો કામીં કામ
કરે પ્રાર્થના હરિસુખ એવી, પ્રભુને કરી પ્રણામ. સહુ ૪

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઈને આ પુસ્તકને ઉત્તેજન આપનારા ગૃહસ્થોના નામ તથા તેમણે માગેલી નકલોની યાદી.

સુરત. કુલ ૭૨ નકલો

રા. રા. મોટાલાલ મોતીલાલ દેસાઇ........................૨૫
રા. રા. પરશુરામ હરીસુખરામજીએ પોતાના સ્વર્ગવાસી પિતા પાછળ વેંચવા લીધી....... ....૧૧
રા. રા. વિદ્યારામજી મોતીરામજી........... ... ...૧૦
રા. રા. વીરસુખરામ જેવછરામ............. ... ... ૭
રા. બા. મુકુંદરાયજી મણીરાયજી............ ... ... ૫
રા. રા. મહાદેવ પ્રસાદ તાપીપ્રસાદ દેસાઇ... ... ... ૫
રા. રા. મધુવછરામ બળવછરામ. ૨
રા. રા. રતીરામ મોતીરામ... ... ... ૨
મી૦ હરીશંકર લક્ષ્મીશંકર... ... ... ૧
મી૦ કૃષ્ણલાલ બળવંતરાવ દેશાઇ... ... . ૧
મી૦ નાનાલાલ દલપતરામ કવિ. એમ. એ.... ... ... ૧
મી૦ શિવરામ વિઘ્નહરરામ. બી. એ.... ... ... ૧
મી૦ ચંદ્રમુખરામ મોહબતરામ... ... ... ૧

કુંડલા કુલ ૭૧ નકલો

રા૦ રા૦ સાકરલાલ ગીરજાશંકર દેશાઇ... ... ...૧૫
રા૦ રા૦ મોતીભાઇ સંભુપ્રસાદ ૫
પારેખ ગીરધરભાઇ જીવાભાઇ ૫
મી૦ ગીરધર ઓધવજી ૩
મી૦ ત્રીભોવનદાસ કરસનજી... ... ... ૩

મી૦ પરસોતમ બેચરદાસ	૩
મી૦ વીરજી શેપકુ...	૩
મી૦ પરસોતમદાસ શામજી	૩
મી૦ નંદલાલ દ્વારકાદાસ...	૩
મી૦ પરમાણંદ જેશંકર	૩
મી૦ લાલજી હીરજી...	૩
મી૦ ભગવાન જસરાજ તથા મી૦ ડુંગરશી મુલજીની કંપની...	૨
પટેલ નારણ મેઘજી...	૨
પટેલ લખમણ અરજણ તથા અરજણ આણંદ	૨
પટેલ ભગવાન જેઠા તથા મેઘજી કાનજી...	૨
રા. રા. સંતોકરામ પ્રભાશંકર	૧
રા. રા. રણછોડજી નાગરભાઈ	૧
મી૦ સામજી કેસવજી...	૧
મી૦ જગજીવનદાસ હેમરાજ	૧
મી૦ સામજી ગોવિંદજી...	૧
મી૦ ભગવાનજી પુરૂષોતમ	૧
મી૦ નરસી તુલશી...	૧
પટેલ ભગવાન નરસી...	૧
પટેલ લાખા જશમ તથા મુળજી નારણ...	૧
પટેલ આંબા માધા તથા દેવદાસ રામજી...	૧
પટેલ તેજા રામજી તથા ગીગા પ્રેમજી	૧
પટેલ કાળા ફુલા...	૧
પટેલ દેવજી શવજી	૧
પટેલ બાપા રણછોડ	૧

મહુવા કુલ ૪૪ નકલો

મી૦ હરજીવનદાસ હરીશંકર...	૩
મી૦ ધનજી ગીગા...	૩
મી૦ ઇભરામ વાલજી...	૨
શેઠ મોનદાસ ત્ર્યંક...	૨
વાળા. કેસુભાઈ ક્માભાઈ	૨
શેઠ મનજીભાઈ નથુભાઇ	૨
વાળા કસળાભાઇ માનાભાઇ...	૧
મી૦ દાદાભાઇ ખરસેદજી...	૧
મી૦ મગનલાલ ગગલ	૧
મી૦ રામપ્રસાદ દુર્ગાશંકર	૧
મી૦ પોપટલાલ કરસનજી	૧
મી૦ હરીરાય વીઠલરાય	૧
મી૦ ઇશ્વર જેશંકર...	૧
રા. રા. ચિંતામણરાવ મહાદેવ...	૧
રા. રા. વીઠલદાસ ગીરજાશંકર...	૧
પારેખ મોનદાસ ઈંદરજી...	૧
સોની પીતાંબર ગીગા...	૧
મી૦ ગંગાશંકર ભવાનીશંકર...	૧
ઉનેવાળ માવજી હરજી...	૧
સોની નારણ વીરા	૧
પંડયા નરસી ભગવાન...	૧
મી૦ વલ્લભદાસ ગોપાલજી	૧
મી૦ માહાશંકર જુઠા...	૧

મો૦ વીરજી છગનલાલ... ... ... ૧
મો૦ વલભદાશ પોપટ... ... ... ૧
મો૦ પીતાંબરદાસ ગોવીંદરામ ૧
મો૦ મણીશંકર પુરશોતમ ૧
પારેખ કેસવજી વીઠલ... ... ... ૧
પારેખ ગોપાલજી હરચંદ ... ..., ૧
મો૦ નાનજી માહમદ... ... ... ૧
મો૦ ફુલચંદ દયાળ... ... ... ૧
મો૦ મોરારજી જેશંકર... ... ... ૧
મો૦ માણેકલાલ દુર્ગાશંકર ૧
મેહતા રણછોડલાલ પ્રાગજી ૧
દોશી છગનલાલ લવજીભાઈ ૧
પારેખ લવજી વીઠલ... ... ... ૧

બોટાદ કુલ ૩૮ નકલો

મો૦ ગૌરીશંકર જેશંકર ૨૦
રા૦ રા૦ વનમાલીદાશ કરસનજી ૧
રા૦ રા૦ ઠાકોરદાશ નવલચંદ મહેતા ૧
રા૦ રા૦ કલ્યાણજી નરોતમ ભટ ૧
રા૦ રા૦ પ્રાણજીવન નરોતમ ભટ... ... ... ૧
શેઠ વીરચંદ મોતીચંદ... ... ... ૧
સુકલ ઇચ્છાશંકર ત્રીકમજી ૧
મો૦ જીવરાજ વીરજી... ... ... ૧
મો૦ વેલજી જેશંકર.. ... ...
મો૦ છગનલાલ નંદસુખલાલ ૧

મી૦ પ્રતાપરાય વજેશંકર	...	...	...	૧
મી૦ નટવરરાય મુળરાય...	...	...	...	૧
મી૦ શંકરપ્રસાદ આણંદરાય...	...	...	...	૧
મી૦ ચકુભાઈ દલસુખરામ...	...	...	...	૧
મી૦ પ્રેમજી ઝીણાભાઈ	...	...	...	૧
કોઠારી ઉજમસી ભગુ...	...	...	...	૧
મી૦ મવાઇલાલ ત્રિભોવનદાશ...	...	...	...	૧
સેઠ જગજીવનદાસ મોતીચંદ ...	...	...	...	૧
મી૦ ભગુભાઈ પરમાણંદદાસ ...	...	...	...	૧
સેઠ રાયચંદ રતનસી...	...	...	...	૧
સેઠ ત્રંબકલાલ કેશવલાલ	...	...	...	૧
દોશી ચુનીલાલ છગનલાલ	...	...	...	૧
મી૦ દીનમણીશંકર પ્રભાશંકર...	...	...	...	૧
મી૦ અમૃતલાલ ભગવાનદાશ...	...	...	...	૧
મી૦ દુલભજી બાપુલાલ...	...	...	...	૧
મી૦ ભાનુશંકર વિશ્વનાથ	...	...	...	૧
મી૦ શીવલાલ ગોકળજી	...	...	...	૧
મી૦ લાલજી જાદવજી	...	...	...	૧
મી૦ જાદવરાય વીઠલરાય	...	...	...	૧
બાવાજી પરભુદાસ તુલસીદાસ...	...	...	...	૧
શેઠ ફુલચંદ મોતીચંદ	...	...	...	૧
દોસી ચંપકલાલ છગનલાલ ...	...	...	...	૧
શાહ હરજીવનદાસ નથુ	...	...	...	૧
શાહ મગન કેસવજી...	...	...	...	૧

મી૦ રાઘવજી જેઠાભાઇ	...	...	...	...	૧
શેઠ હીમતલાલ હરીલાલ	...	...	...	...	૧
દોશી શાંતિલાલ કેશવલાલ	...	...	...	...	૧

વેરાવળ કુલ ૨૨ નકલો

રા. રા. ગણપતરામ મયાશંકર...	...	...	...	૩
રા. રા. કુસ્તપ્રસાદ શીવપ્રસાદ...	...	...	...	૨
મી૦ ત્રિભોવનદાસ કૃપાશંકર ...	...	...	...	૨
રા. રા. અનંતરાય ભુપતરાય...	...	...	...	૧
રા. રા. મોતીલાલ રવીશંકર...	...	...	...	૧
રા. રા. હીમતરાય ચમનલાલ...	...	...	...	૧
રા૦ છગનલાલ કાળીદાસ	...	...	...	૧
મી૦ અમરસી પ્રાગજી...	...	...	...	૧
મી૦ અલાદીન શરીફભાઇ	...	...	...	૧
મી૦ ઓધવજી રણછોડદાસ	...	...	...	૧
મી૦ જયસુખલાલ રૂદ્રજી	...	...	...	૧
મી૦ ભગવાનલાલ ફુલશંકર	...	...	...	૧
મી૦ ડાયાભાઇ પ્રભુરામ	...	...	...	૧
મી૦ દુલેરાય હરીદાસ...	...	...	...	૧
મી૦ આત્મારામ ગોપાળ	...	...	...	૧
મી૦ ગીરજાશંકર વલ્લભજી	...	...	...	૧
મી૦ કેસવલાલ જટેશંકર	...	...	...	૧
મી૦ ભગવાનલાલ લક્ષ્મીશંકર...	...	...	...	૧

ઊમરાળા કુલ ૧૦ નકલો

સર તખ્તસિંહજી લાઇબ્રેરી	...	...	...	૧

રા. રા. શંભુપ્રસાદ હરીપ્રસાદ...	૧
રા. રા. છોટમલાલ દલપતરામ કવિ	૧
રા. રા. હીમતલાલ માણેકલાલ...	૧
મી૦ આનંદરાય સેવકરામ	૧
મી૦ ઇચ્છાશંકર જટાશંકર	૧
મી૦ શામરાવ રતનલાલ	૧
મી૦ માણેકચંદ કીકાભાઇ	૧
મી૦ માણેકલાલ ગવરીશંકર	૧
મી૦ જીવણલાલ આણંદજી	૧
મી૦ હરજીવનદાસ ગોવીંદરામ...	૧
મી૦ લક્ષ્મીરામ નાતમભાઇ	૧
કોઠારી જુઠાલાલ રણછોડદાસ...	૧
મી૦ મોતીલાલ જેશંકર	૧
મી૦ નંદલાલ નરોતમ ભટ	૧
મી૦ ઓધવજી પુરશોતમ	૧
મી૦ બળવંતરાય દાજીભાઇ	૧
મી૦ ચતુરભાઇ વાલ્લાભાઇ	૧
મી૦ હરીવલ્લભ ખુશાલદાસ પારેખ	૧

રાજકોટ કુલ ૧૫ નકલો

કુમારશ્રી વિજયસિંહજી અને કુમારશ્રી પ્રાક્માસંહજી... ...	૨
ધ્રાંગધ્રાના મહારાજ કુમારશ્રી ઘનશ્યામસીંહજી	૨
મુ૦ બકસુભાઇ...	૨
નામદાર ઠાકોર સાહેબ શ્રી પ્રતાપસીંહજી	૧
કુમારશ્રી ઇંદ્રસીંહજી	૧

કુમારશ્રી પ્રવીણસીંહજી...	૧
કુમારશ્રી લખમણવાલા	૧
કુમારશ્રી ફતેહસીંહજી	૧
કુમારશ્રી જોરાવરસીંહજી...	૧
કાંથડ વાલા	૧
કુમારશ્રી ફતેહદીનખાં	૧
રા. રા. ભાનુસુખરામ નિર્ગુણરામ...	૧
નડીઆદ કુલ ૧૪	**નકલો**
મી૦ સંતોકરામ પ્રભુદાસ	૨
મી૦ ત્રીભોવન ગોરધન પંડયા...	૨
મી૦ અસરફખાં ગુલાબખાં	૨
શેઠ વનમાલી વાલજી	૧
દોસી મુળજી જગજીવન...	૧
દોસી રાગજી નથુ	૧
મી૦ ગગુભાઇ ભોડાભાઇ	૧
મી૦ મણીલાલ લલુભાઇ	૧
મી૦ પરસોતમ ભગવાન	૧
મી૦ કુબેરદાસ ગોપાળજી	૧
મી૦ હરગોવિંદ નથુરામ...	૧
મુંબઇ કુલ ૧૩	**નકલો**
રા. રા. લલુભાઇ સાંકળદાસ	૫
રા. રા. નાગરદાસ નરોતમદાસ નાણાવટી...	૨
સેઠ બેચરદાસ ભોટભાઇ	૨
શેઠ પરમાણંદદાસ ત્રિભોવનદાસ	૧

મી૦ માધવજી માલજી	૧
મી૦ મુલજી ભવાનીદાસ મુની...	૧
મેહતા વછરાજ રૂપસી.	૧
ભાવનગર કુલ ૧૫	**નકલો**
ગોસ્વામીજી મહારાજગીર્રિસવાઇગીરજી...	૩
મી૦ નવનીધરાય મગનલાલ...	૧
મી૦ વલીભાઇ નથુભાઇ	૧
મી૦ વીઠલદાસ લાલજી	૧
ઉપાધ્યા ગોપાળજી સુંદરજી	૧
મી૦ જાદવજી માવજી	૧
મી૦ નેમજી કુંવરજી...	૧
કપાસી નેમચંદ કુંવરજી	૧
મી૦ કુબેરદાસ ભીમજી બી. એ. એલ. એલ. બી... ...	૧
મી૦ નારાયણ રામચંદ્ર જોશી...	૧
મી૦ ભગવાનલાલ કસળચંદ...	૧
મેહતા બાહચંદ હંસરાજ	૧
મી૦ ચત્રભુજ દયાળજી	૧
શીહોર કુલ ૧૧	**નકલો**
મેહતા બાહચંદભાઈ શામજી...	૫
વોહરા હરીલાલ ચત્રભુજ	૨
મી૦ નથુભાઈ હરખજી	૨
દોશી બાહચંદભાઇ માવજી	૧
દોશી પરસોત સામજી.	૧

અમદાવાદ

મી૦ રમણભાઇ મહીપતરામ. બી. એ. એલ. એલ. બી. ... ૧

ભરૂચ

મી૦ નરભેરામ ઉમેદરામ ૧

સુદ્ધિ પત્રક

પાનું	લીંટી	શબ્દને બદલે	શબ્દવાંચો
૧૭	૧૭	સૌચ	શૌચ
૧૮	૬	દેરા	દોરા
૨૩	૧૧	તૈય-રી	તયારી
૨૮	૬	સખ	સખી
૩૭	૧૯	સ્વા°	સ્વાર્થ
૪૦	૨	ના	ની
૪૦	૩	રસેન	ક્રૂરસેન
૪૧	૧૫	વવાહ	વિવાહ
૪૩	૭	રધિાકા	રાધિકા
૪૪	૨	તયારી	તૈયારી
૪૪	૫	અપિ	આપે
૪૬	૨૦	ત	તે
૪૭	૧૬	હુ	હું
૫૧	૨૩	માહિત	મોહિત્ત
૫૫	૨	અમે	અમો
૫૭	૯	કૂપાળુ	કૃપાળુ
૬૪	૧૯	અપણે	અપાણે
૭૦	૧૯	લંટાયા	લૂંટાય
૭૭	૧૭	લખની	લેખની
૭૯	૧૨	આપન	આપના
૭૯	૧૩	થવામ	થવામાં
૮૦	૧૬	જગઆ	જગત
૮૨	૧૩	અટકીવે	અટકાવે
૮૩	૫	પથ્વી	પૃથ્વી
૮[illegible]	૭	દસે	હશે
૮૯	૨૨	નઅહદ	અનહદ

૮૭	૬	મારૂ-બહર	મારૂ-બેહેર
૯૧	૮	વીષે	વિષે
૯૭	૨૩	ચસન)	(ચાસન)
૯૮	૫	સર્ય	સુર્ય
૯૯	૨૨	ાાકની	નાકની
૧૦૩	૯	કરે	કરો
૧૧૩	૧૬	મન	મને
૧૧૯	૧૪	તેન	તેના
૧૧૯	૧૯	વેશે	વેષે
૧૨૪	૨૨	પોતને	પોતાને
૧૨૭	૧૪	ચંદ્રના	ચંદ્રનો
૧૨૮	૨૬	ચતારેલું	ચિતારેલું
૧૨૯	૪	પ્રયા	પ્રિયા
૧૪૨	૧૨	અસ	અસર
૧૪૩	૧૭	આવેછે	(પ્રતિહાર આવેછે)
૧૪૫	૫	અને	અમે
૧૪૫	૭	સ્રીના	સ્ત્રીનો
૧૪૬	૧૪	ક્ષેત્રમ	ક્ષેત્રમાં
૧૪૭	૯	શિલ	શિલા
૧૫૨	૨૦	સેવસ્ત્ર	સુવસ્ત્ર
૧૫૬	૧૦	પૂવની	પૂર્વની
૧૫૭	૩	વેશે	વેષે
૧૫૮	૨૦	અર્જુન	અર્જુન
૧૬૦	૮	વપરીત	વિપરીત
૧૬૦	૧૫	નહાતો	નહોતો